


अर्हं नमः

# શ્રમણી

યુગપ્રધાનાચાર્યસમ

**પૂ.પં.શ્રી ચન્દ્રશેખર વિ.મ.સા.**

अर्हं नमः

# સમર્પણમ્

સુવિશુદ્ધાચાર પાળનારા

સર્વપ્રથમ શ્રમણી

શ્રી ચન્દનબાળાશ્રીજીને



॥ અર્હં નમઃ ॥

# શ્રમણી

લેખક

યુગપ્રધાનાચાર્યસમ પૂ. પં.

શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.

## દિવ્યઆશિષ

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
પૂજ્યપાદ આ. ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**
વિનેય સ્વ. પૂજ્યપાદ પં. પ્રવર **શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સાહેબ**

## લેખક

મુ. ગુણહંસ વિ.

૧૦૦૦ નકલ

## નિશ્રાદાતા

પ્રશાન્તમૂર્તિ ગચ્છાધિપતિ આ. **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
સરલ સ્વભાવી આ. **શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**


## પ્રકાશક

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે,
ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. ટેલિ. : ૨૬૬૦૫૩૫૫

## પ્રાપ્તિસ્થાન

**● હિતેશભાઈ ગાલા ●**

બી૧/૩૦૨, શયમ કમલ બિલ્ડીંગ, અગરવાલ માર્કેટ, તેજપાલ રોડ,
વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૭. મો. : ૯૮૨૦૯ ૨૮૪૫૭

**● આશિષભાઈ મહેતા ●**

૧૦૧, પહેલા માળે, રોયલ હેરીટેઝ, સરગમ શોપીંગ સેન્ટર પાસે,
પારલે પોઈન્ટ, ઉમરા, સુરત. મો. : ૯૩૭૪૫ ૧૨૨૫૯

**● પ્રીતેશ પી. શાહ ●**

૪૦૩-એ, અજય એપાર્ટમેન્ટ, કોલેજવાડી ૫ કોર્નર,
જીમખાનાની બાજુમાં, રાજકોટ-૨. મો. : ૯૮૭૯૦ ૧૮૩૧૮

**● દીપેશભાઈ દીક્ષિત ●**

બી-૨, અમર એપાર્ટમેન્ટ, ડીવાઈન લાઈફ સ્કૂલની સામે,
બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. મો. : ૦૯૪૨૮૬ ૦૮૨૭૯

## મુદ્રક

**નેમ ગ્રાફિક્સ** - અમદાવાદ

॥ અર્હં નમઃ ॥

# પ્રસ્તાવના

શ્રી ગચ્છાચાર પયન્ના ગ્રન્થમાં શ્રમણી ભગવંતો માટેના આચાર–વિચારોનું સુંદર વર્ણન આવે છે. વિરતિદૂતમાં એ તમામ પદાર્થો વર્ષો પૂર્વે દર્શાવવામાં આવેલા. આ પુસ્તક એ તમામ લેખોનો સંગ્રહ છે.

કાળ પરિસ્થિતિને આધારે આચારોમાં ફરક થતો રહે, પણ કોઈપણ આચારનું ફળ એક જ હોવું જોઈએ – **અધ્યવસાયશુદ્ધિ !**

વિષયોની આસક્તિ વધવી ન જોઈએ,
આળસ–પ્રમાદ ઘુસી જવા ન જોઈએ,
નિષ્ઠુરતા પ્રગટવી ન જોઈએ,
દોષ સેવનમાં મનમાં ખટકો રહેવો જોઈએ.
આ લક્ષ્ય જળવાઈ રહેવું જોઈએ.

**ગુણહંસ વિજય**
**અષાઢ સુદ-૧૩,**
**ચેન્નઈ,**
**આરાધના ભવન.**
**તા. ૦૩/૦૭/૨૦૨૦**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧ | ગચ્છાચારમાં દર્શાવેલા શ્રમણી આચારો | 01 |
| ૦૨ | સાધ્વીજીઓનો આ કેવો પ્રચંડ ભાગ્યોદય છે કે | 45 |
| ૦૩ | સાધુ-સાધ્વીજીઓના ગુરુઓ-ગુરુણીઓ કોણ ? | 51 |
| ૦૪ | સાધુગણનો અને સાધ્વીગણનો યોગક્ષેમ કરનારા આચાર્યભગવંતોને કોટિ કોટિ વંદન ! | 57 |
| ૦૫ | શાસ્ત્રીય વિહાર વ્યવસ્થા | 69 |
| ૦૬ | કેટલા સાધ્વીજીઓ સાથે ગોચરી જાય ? એક, બે કે ત્રણ ? | 75 |
| ૦૭ | વડીનીતિ માટે ક્યાં જવાનું ? | 81 |
| ૦૮ | કાલચારી સાધ્વીજીઓ | 84 |

॥ અર્હં નમઃ ॥

# ૦૧ - ગચ્છાચારમાં દર્શાવેલા શ્રમણી આચારો

**શ્રી ગચ્છાચાર પ્રકીર્ણક** નામના આગમ ગ્રન્થમાં સૂરિ+સાધુઓ+સાધ્વીઓ એમ ત્રણ વિભાગમાં આચારોનું વર્ણન કરવામાં આવ્યું છે. એમાં સાધ્વીસ્વરૂપનું વર્ણન કરનાર ત્રીજા અધિકારમાંથી જરૂરી બાબતો આપણે અત્રે જોઈશું.

**(१) जत्थ एगा खुड्डी एगा, तरुणी रक्खए वसहिं ।**
**गोयम ! तत्थ विहारे, का शुद्धि बंभचेरस्स ॥**

**અર્થ :** હે ગૌતમ ! જે ગચ્છમાં એક નાના સાધ્વીજી, યુવાન સાધ્વીજી કે નૂતન દીક્ષિત સાધ્વીજી ઉપાશ્રયમાં એકલા રહીને એની રક્ષા કરે એ ગચ્છમાં બ્રહ્મચર્યની શુદ્ધિ શી રીતે ટકે ?

**ભાવાર્થ :** (૧) નાની ઉંમરના સાધ્વીજી, (૨) યુવાન સાધ્વીજી, (૩) નૂતન દીક્ષિત સાધ્વીજીએ કદીપણ એકલા ઉપાશ્રયમાં ન રહેવાય. બાકીના સાધ્વીજીઓ ગોચરી–પાણી લેવા ગયા હોય કે રથયાત્રા, વાચના વગેરેમાં ગયેલા હોય અને ઉપરના કોઈપણ એકાદ સાધ્વીજી એકલા ઉપાશ્રયમાં રહે એ પણ ન ચાલે. ઓછામાં ઓછા બે સાધ્વીજી તો ઉપાશ્રયમાં હોવા જ જોઈએ.

જો એકલા સાધ્વીજી ઉપાશ્રયમાં રહે, તો અનેક પ્રકારે બ્રહ્મચર્યની શુદ્ધિને ઘા લાગવાની શક્યતા છે.

હવે જો આ રીતે પણ એકલા સાધ્વીજી ન રહી શકે તો ગચ્છથી સાવ જ છૂટા પડીને એકલા સાધ્વીજી રહી શકે ખરા ? એ સાધ્વીજી એકલા વિચરે, સાથે સાઈકલવાળો રાખી એકલા ગામે ગામ ફરે, એકલા ચોમાસું કરે, એ બધું તો યોગ્ય ન જ ગણાય ને ?

આમાં જો મોટું વૃંદ હોય તો તો વાંધો ન આવે, પરંતુ વૃંદ જો નાનું હોય, બે–ચાર સાધ્વીજીઓ જ વિચરતા હોય તો આ શાસ્ત્રાજ્ઞા પાળવી મુશ્કેલ બને. કોઈક પાણી લેવા જાય, કોઈક ગોચરી લેવા જાય, કોઈક પાઠાદિ લેવા જાય... પાછળ ઉપાશ્રયમાં સાધ્વીજી એકલા રહી જાય.

આવું ન થાય એ માટેની પાકી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ઉપાશ્રયમાં એક મિનિટ માટે પણ એ સાધ્વીજી એકલા ન રહે એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

સાધ્વીજી એકલા રહે તો શું શું નુકસાન સંભવે એ સ્વયં વિચારી લેવું. સર્વજ્ઞ ભગવંતના આ વચન ઉપર વિશ્વાસ મૂકીને જે આ આચાર બરાબર પાળશે, તે આલોક-પરલોક સંબંધી અનેકાનેક નુકસાનોથી બચી જશે.

**(२) जत्थ य उवस्सयाओ, बाहिं गच्छे दुहत्थमित्तंपि ।**
**एगा रत्तिं समणी, का मेरा तत्थ गच्छस्स ।।**

**અર્થ :** એકલા સાધ્વીજી રાત્રે ઉપાશ્રયમાંથી બે હાથ પણ બહાર નીકળે, તે ગચ્છમાં મર્યાદા જ શું ?

**ભાવાર્થ :** જો ઉપાશ્રયની ચારેબાજુ કમ્પાઉન્ડ હોય, પછી એની દિવાલ હોય, તો એ કમ્પાઉન્ડમાં રાત્રે જવામાં વાંધો નથી. પણ એ કમ્પાઉન્ડના દરવાજાની બહાર રાત્રે બે હાથ પણ જવાનો સ્પષ્ટ નિષેધ કરેલો છે. જો ઉપાશ્રય રૂપ મકાનની આસપાસ દિવાલ ન હોય તો એ મકાનના દરવાજાની બહાર બે હાથ પણ એકલા સાધ્વીજી બહાર ન જઈ શકે.

જો એકલા સાધ્વીજી રાત્રે = અંધારામાં ઉપાશ્રયમાંથી બે હાથ પણ બહાર જાય, તો જિનાજ્ઞાભંગ વગેરે દોષો આવે. બ્રહ્મચર્યાદિમાં પણ દોષો લાગવાની સંભાવના છે. જો લઘુનીતિ-વડીનીતિ માટે જવાનું થાય તો ઉપાશ્રયમાં જ જે કુંડી વગેરે હોય, એમાં જ વિધિ કરવી, બહાર ન જવું.

જો ઉપાશ્રયની બહાર જવું જ પડે તો એકલા સાધ્વીજીએ તો ન જ જવું. ઓછામાં ઓછા બે સાધ્વીજીઓ તો હોવા જ જોઈએ.

ક્યારેક એવું બને કે કોઈક સાધ્વીજી ઉપાશ્રયની બહાર એકલા જ રાત્રે લઘુનીતિ પરઠવવાદિ માટે નીકળે અને તે જ વખતે એમને ગુરુણીએ આપેલો ઠપકો યાદ આવે, *"મને ગુરુણીએ કેવા કડવા શબ્દો કીધાં ! મારું અપમાન કર્યું. મારે હવે અહીં રહેવું જ નથી."* અને ત્યાંથી જ એકલા જ જતા રહે.

કર્મો ભારે વિચિત્ર હોય છે. પેલા **નંદિષેણ** મુનિને છેક મૃત્યુ સમયે પોતાના સંસારીપણામાં મામાની દીકરીઓએ પોતાની સાથે લગ્ન કરવાની સ્પષ્ટ પાડેલી ના યાદ આવી અને *"આવતા ભવમાં હું રૂપવાન બનું. સ્ત્રીઓ મારી પાછળ પાગલ બને"* એવું નિયાણું કરી બેઠા.

આખી જીંદગી કશું યાદ ન આવ્યું અને છેક મરણ વખતે એ જૂનું અપમાન યાદ આવ્યું.

એમ કોઈક સાધ્વીજીને એવું બને કે ગુરુણીએ એ જ દિવસે ઠપકો આપ્યો હોય કે કોઈકની સાથે ઝઘડો વગેરે થયો હોય, એમાં કડવા વચનો સાંભળવા પડ્યા હોય અથવા તો આવું કંઈક બે–પાંચ–પંદર દિવસ પહેલા બન્યું હોય કે ગુરુણીએ કોઈ પક્ષપાત કર્યો હોય, પોતાને અન્યાય થયો હોય, આ બધું આમ તો બધું ભૂલી ગયા હોય પણ બહાર લઘુનીતિ પરઠવવા એકલા જાય અને અચાનક એ જ વખતે આ બધો ભૂતકાળ યાદ આવે.

*"ગુરુણીએ મને અન્યાય કર્યો, મને બધાની સામે ખોટી સાબિત કરી, ગુરુબેને મારા પર કેવા આરોપો મૂક્યા. અહીં જીવવામાં કોઈ મજા નથી."* આવા વિચારો આવે, ચારિત્રમોહનો ઉદય થાય અને ત્યાંથી જ એ એકલા ક્યાંક જતા રહે.

આ બધું જ શક્ય છે, કશું જ અશક્ય નથી. એટલે જ રાત્રે ઉપાશ્રયની બહાર કોઈપણ સાધ્વીજીને એકલા જવા દેવા નહિ.

**(३) जत्थ य एगा समणी, एगो समणो य जंपए सोम ।**
**निअबंधुणावि सद्धिं, तं गच्छं गच्छगुणहीणं ।।**

**અર્થ :** જે ગચ્છમાં એક સાધ્વીજી પોતાના સગા ભાઈ સાધુ સાથે એકલા વાતચીત કરે, તે ગચ્છ ગચ્છગુણોથી હીન જાણવો.

**ભાવાર્થ :** એકલો સાધુ એકલા સગા બહેન સાધ્વીજી સાથે વાત કરે કે એકલા સાધ્વીજી સગા એકલા ભાઈ સાધુ સાથે વાત કરે, એ શાસ્ત્રકાર ભગવંતોને બિલકુલ માન્ય નથી. એમાં પણ તેઓને બ્રહ્મચર્ય પરિણામનો ઘાત થવાની શક્યતા દેખાય છે.

આ આચાર જાણ્યા પછી તો એ વાત એકદમ સ્પષ્ટ થઈ જાય છે કે જો સગા ભાઈ–બહેન સાધુ–સાધ્વી પણ એકલા પરસ્પર વાત ન કરી શકે, તો બાકીના તો કોઈપણ સાધ્વીજી એકલા એક જ કોઈપણ સાધુ સાથે વાત કરી જ ન શકે. આ આચાર જેટલો વધુ સખત પળાશે, એટલું જ બ્રહ્મચર્ય મહાવ્રત વધુ ને વધુ નિર્મળ બની રહેશે.

**(४) जत्थ य जयारमयारं, समणी जंपइ गिहत्थपच्चक्खं ।**
**पच्चक्खं संसारे अज्जा, पक्खिवइ अप्पाणं ।।**

**અર્થ :** જે સાધ્વીજી ગૃહસ્થોની હાજરીમાં અપશબ્દો બોલે, તે સાધ્વીજી પોતાના આત્માને પ્રત્યક્ષપણે સંસારમાં ફેંકે છે.

**ભાવાર્થ :** શાસ્ત્રકારોએ કેટલાક સ્ત્રીસુલભ દોષો દર્શાવેલા છે. ઈર્ષ્યા, સંકુચિત મનોવૃત્તિ એમાં મુખ્ય છે.

વાતે વાતે ઓછું આવી જાય, વાતે વાતે ખોટું લાગી જાય, ગુરુણી જરાક ઠપકો આપે, માંડલીના એક-બે કામ વધારે આવી પડે, બીજા સહવર્તી ગુરુબેનોની પ્રશંસા થાય, ગોચરી વગેરેમાં પક્ષપાત વગેરેના નાના-મોટા પ્રસંગો બને... અને મનમાં સંકલેશ ઉત્પન્ન થાય.

એમાં જો ગંભીરતા હોય તો તો મન વાળીને, ઉદારતા કેળવીને એ સંકલેશને શાંત કરી દે. પણ જો એવું ન કરી શકે, તો છેવટે એ મનનો સંકલેશ વચનમાં આવ્યા વિના ન રહે. ક્યારેક તો અણુબોમ્બ ફૂટે, અચાનક ગોચરી માંડલીમાં કે એ સિવાય પણ કોઈપણ નાનકડા નિમિત્તને પામીને એ ક્રોધ ભભૂકી ઉઠે- ''તમે પક્ષપાતી છો. મારા શત્રુ છો. મને હેરાન કરવા જ મારી સાથે જાણી જોઈને વિચિત્ર વર્તન કરો છો. તમે મારા વિશ્વાસનો ઘાત કર્યો છે.'' આક્રોશ સાથે, ઉંચા અવાજે, આંખના ચોધાર આંસુઓ સાથે એ શબ્દો વરસવા માંડે.

જો સામેના સાધ્વીજીઓ ગમ ખાઈ જાય તો તો ઠીક ! પણ જો તેઓ પણ ઉકળાટમાં આવી જાય તો તો **મહાભારત**ના યુદ્ધ જેવું જ શાબ્દિક યુદ્ધ શરુ થાય. વધુને વધુ કડવા શબ્દો, વધુને વધુ આક્ષેપબાજીઓ, વધુને વધુ આક્રોશ પ્રગટ થતો જ જાય.

જે શબ્દો ગૃહસ્થોના મોઢે પણ ન શોભે, તેવા ગાળ જેવા શબ્દો જો સાધ્વીજીઓ બોલે તો એ કેટલી બધી શોકજનક ઘટના છે !

રે ! માનવસ્વભાવની વિચિત્રતાના કારણે આવા કોઈ પ્રસંગો બને, ઝઘડા થાય એ હજી માની લઈએ, પણ એનો નિકાલ કરવાની આ પદ્ધતિ તો ન જ હોય ને ? એમાંય જો ઉપાશ્રયમાં શ્રાવકો કે શ્રાવિકાઓ હાજર હોય અને સાધ્વીજીઓ પરસ્પર ઝઘડી પડે, સામસામે બોલવા લાગે તો તેઓ તો અધર્મ જ પામે ને ? ગૃહસ્થોની હાજરીમાં આ બોલાચાલી-દુર્વચનો એ તો વધુ ભયંકર પાપ ગણાય.

(ક) જો ઉપાશ્રયમાં મુમુક્ષુ બહેનો હાજર હોય અને આ અપશબ્દો સાંભળે, ઝઘડાઓ જુએ, તો એમનો દીક્ષા લેવાનો ભાવ જ ખલાસ થઈ જાય, *''અમે દીક્ષા લેશું તો અમારે પણ આવા કડવા વચનો સાંભળવા પડશે, અમારે પણ અપમાન સહન કરવા પડશે. આના કરતા તો દીક્ષા જ લેવી નથી.''* આમ મુમુક્ષુઓના ચારિત્ર

પરિણામનો ઘાત કરવાનું ઘોર પાપ આ અપશબ્દો બોલવામાં બંધાય.

**(ખ)** જે શ્રાવક–શ્રાવિકાઓ દીક્ષા નથી લેવાના, પણ ગોચરી–પાણી–દવાદિ દ્વારા સંયમીઓની ભક્તિ કરનારા છે, તેઓ જો આવા ઝઘડાઓ–અપશબ્દો અનુભવે, તો એમનો સંયમીઓ પ્રત્યેનો સદ્ભાવ ખલાસ થઈ જાય. *"આના કરતા તો અમે સંસારી વધારે સારા."* એમ સંસારવાસને સારા માનવાનું મિથ્યાત્વ તેઓમાં ઊભું થાય.

**(ગ)** આ ઝઘડાની વાત બધે જ ફેલાય, ચારે બાજુ શ્રાવક–શ્રાવિકાઓમાં સંયમીઓની નિંદા થાય કે – "સાંભળ્યું ! આજે પેલા સંયમીઓ, અંદરો અંદર ખૂબ જ ઝઘડ્યા. મોટે મોટેથી ચીસો પાડીને લડતા હતા. આ બધા આપણા સંયમીઓના દેદાર તો જુઓ. આપણને સલાહ આપે છે કે **"ક્ષમાશીલ બનો, એકબીજા સાથે સંપીને રહો"** પણ તેઓ તો સાથે રહી શકતા નથી." – આ રીતે તેઓ જૈનધર્મ પ્રત્યે અરુચિવાળા બને, દુર્લભબોધિ બને, છેવટે કદાચ દીર્ઘસંસારી પણ બને.

આ વિપાકો નજર સામે રાખીને પ્રત્યેક સાધ્વીજીએ એ વિચારવાનું છે કે *"મને ગુસ્સો આવી જાય તો પણ ગૃહસ્થો અધર્મ પામે, એવી કોઈપણ પ્રવૃત્તિ હું નહિ કરુ. એવી રીતે અપશબ્દો નહિ જ બોલું. ગમે તે રીતે ગમ ખાઈ લઈશ, પણ શાસનહીલનાની પ્રભાવના મારા નિમિત્તે નહિ જ થવા દઉં."*

જો સાધ્વીજીઓ પોતાના આક્રોશને–ક્રોધને અટકાવી નહિ શકે, ગૃહસ્થો સામે જેમ તેમ બોલી બેસે તો **ગચ્છાચાર**કર્તા કહે છે કે 'તે નક્કી પોતાના આત્માને સંસારમાં પાડનાર બનશે.'

**(૫) जत्थ य गिहत्थभासाहिं, भासए अज्जिआ सुरुट्ठा वि ।**
**तं गच्छं गुणसागरसमणगुणविवज्जिअं जाण ।।**

**અર્થ :** જે ગચ્છમાં અત્યંત ગુસ્સે થયેલા એવા પણ સાધ્વીજી ગૃહસ્થોની ભાષા વડે બોલે છે, તે ગચ્છને સાધુગુણરહિત ગચ્છ જાણવો.

**ભાવાર્થ :** સંયમીને ગુસ્સો આવે એ જ પ્રથમ આશ્ચર્ય છે. છતાં કર્મોની કાતિલતાને પિછાણીને શાસ્ત્રકારશ્રી એ વાત મંજુર રાખીને કહે છે કે કદાચ ગમે એટલો ગુસ્સો આવે, તો પણ સાધ્વીજી ગૃહસ્થોની ભાષાથી બોલે તે બિલકુલ ન ચાલે. એમણે પોતાના માનસિક ક્રોધને કાબુમાં રાખવો જ જોઈએ.

સહવર્તીઓ તરફ કે ગૃહસ્થો તરફ ગુસ્સો આવે અને સાધ્વીજી એમ બોલે

કે "તારું ઘર બળી જાઓ, તારી લાશ હું ખેંચીશ. શું તારી આંખો ફૂટી ગયેલી ? શું તારા પગ કપાઈ ગયેલા ?" તો આ બધી જ ગૃહસ્થભાષા કહેવાય.

એક ગામમાં સંયમીએ દેરાસરમાં પૂજારીને દેરાસર સંબંધી અમુક બિનજરૂરી સુચનાઓ કરી. પૂજારીએ એના ઉપર વિશેષ ધ્યાન ન આપ્યું અને ગુસ્સે થયેલા સંયમીએ કહી દીધું કે " તારું નખ્ખોદ જાઓ." પેલો પૂજારી ખૂબ જ ગભરાઈ ગયો.

એને તો લાગ્યું કે *"સાધુઓના વચન સાચા જ પડે, એટલે મારું નખ્ખોદ જશે."* એણે ભયને લીધે એ બધી વાત બીજા સંયમીને કરી, એણે એને પુષ્કળ આશ્વાસન આપી શાંત કરી દીધો.

એક સંયમીએ આંબિલની ગોચરીમાં હળદરવાળા ચણા લાવવાનું જણાવ્યું. ગોચરી જનાર ભૂલથી હળદર વિનાના સાદા ચણા લઈ આવ્યો. મોટી માંડલીમાં તપસ્વીએ પૃચ્છા કરી કે "હળદરવાળા ચણા લાવવાના હતા, તમે કેમ સાદા ચણા લાવ્યા ?"

લાવનારે નમ્રતાથી કહ્યું કે "વહોરતી વખતે મને એકદમ સ્પષ્ટ ન દેખાયું કે આ હળદરવાળા ચણા નથી. અંધારાના કારણે ભૂલ થઈ ગઈ." આટલું સાંભળતા જ તપસ્વીનો ક્રોધ ભભૂકી ઉઠ્યો "આંધળાને પણ દેખાય કે આ સાદા ચણા છે. અને તમે શેનો બચાવ કરો છો ?" આખી માંડલી આ શબ્દો સાંભળી ચમકી ઉઠી.

સંયમીના મુખમાં આવા કોઈપણ શબ્દો ન શોભે. ગમે એટલી ભરતી આવે તો પણ જેમ સાગર મર્યાદા ઓળંગતો નથી, એમ ગમે એટલો ગુસ્સો ચડે તો પણ સંયમી શબ્દોની મર્યાદા ઓળંગીને તો વાત ન જ કરે.

બાકી

– તારા હાથ કપાઈ ગયા છે ? કે એક ઘડો પાણી નથી લાવી શકતી ?

– તારા પગ કપાઈ ગયા છે ? કે ગ્લાન માટે એક ટાઈમ પણ ગોચરી લેવા જવા તૈયાર નથી.

– તું બહેરી છે ? ચાર–ચાર બુમ પાડી, તોય સાંભળતી નથી.

– અલી, મુંગી શું મરી છે ? બોલ તો ખરી કે આટલી મોડી કેમ આવી ?

– આખો'દિ શું ભસભસ કરે છે. ગયા જન્મમાં કુતરી હતી કે શું ?

– એ સાવ પાડી જેવી છે, આળસુની પીર ! ઉંઘ્યા જ કરે છે. કંઈપણ કામ કરતી નથી.

– એ ય ભૂતડી ! હવે બધાને વળગવાનું બંધ કર.

– એ વાઘણ જેવી છે, બધાને ફાડી ખાય છે...

એક માનવીને=સાધ્વીજીને આ રીતે તિર્યંચગતિના ઉપનામો આપીને ખૂબ ઠપકારવા, અપશબ્દો બોલવા એ એવું ભયાનક પાપ બંધાવે કે આ શબ્દો બોલનાર સાધ્વીજી કદાચ એવા જ સેંકડો–હજારો તિર્યંચ ભવોને પામે તો એમાં જરાય નવાઈ ન માનતા.

સારું છે કે આવા પ્રસંગો બનતા નથી, સાંભળવામાં ય આવતા નથી. પણ એકાદ ટકા જેટલા પણ આવા પ્રસંગો જો ક્યાંક બનતા હોય, તો એ વહેલી તકે અટકી જાય... એ ખૂબ જરૂરી છે.

**(૬) गणिगोअम ! जा उचिअं, सेअवत्थं विवज्जिउं !**
**सेवे चित्तरूवाणि न, सा अज्जा विआहिआ ।।**

**ગાથાર્થ :** હે ગણિ ! ગૌતમ ! જે સાધ્વીજી ઉચિત શ્વેતવસ્ત્રોને છોડીને અનેક પ્રકારના વસ્ત્રોને વાપરે તે સાધ્વી ન કહેવાય.

**ભાવાર્થ :** સાધ્વીજીની લગભગ તમામે તમામ ઉપધિ શ્વેતવર્ણની જ હોવી જોઈએ.

(ક) ઓઘાનો પાટો લાલ નહિ, પણ સફેદ જોઈએ.

(ખ) એ પાત્રામાં કોઈપણ પ્રકારનું ભરતકામ, ડીઝાઈન ન જોઈએ. અષ્ટમંગલની પાટલી કે એવું કંઈપણ ઓઘા ઉપર કરવાનું હોતું નથી. એ વિભૂષા છે. ઓઘો સ્વયં મહામંગલ છે, એમાં આઠ મંગલના ચિત્ર દોરવાની જરૂર નથી.

(ગ) કપડા કે લુણા વગેરેમાં રંગબેરંગી દોરાઓ ન નંખાય.

(ઘ) વસ્ત્રોના છેડે રંગીન દોરાઓથી ફુલ વગેરેનું ભરતકામ ન કરાય.

(ચ) દાંડા વગેરે ઉપર સારા સારા સ્ટીકરો ન ચોંટાડાય.

(છ) રંગીન પાકીટો ન વપરાય.

એક વસ્તુ સમજી રાખવી કે ''વસ્ત્રો એ પરિગ્રહ છે, પાપ છે.'' એમ સમજીને દિગંબરોએ એક ચીંદરડી પણ ન રાખવાનો સંકલ્પ કરી તદ્દન નિર્વસ્ત્ર દશા સ્વીકારી, એ એમનો અતિ–ઉત્સર્ગ રૂપ ઉન્માર્ગ છે, તો ધર્મોપકરણ તરીકે જ સ્વીકારવાના વસ્ત્રાદિમાં આ બધી વિભૂષાઓ કરવી, એ ધર્મોપકરણો આકર્ષક બનાવવા એ અતિ–અપવાદ રૂપ ઉન્માર્ગ છે.

વસ્ત્રાદિ વિના સંયમપાલન અશક્ય હોવાથી આપણને બધાને માત્ર અપવાદ રૂપે જ વસ્ત્રાદિ રાખવાની સંમતિ આપી છે. પણ એ અપવાદનો દુરુપયોગ તો ન જ કરાય. સંયમપાલન માટે જેટલી અને જેવી ઉપધિ આવશ્યક હોય તેટલી અને તેવી જ ઉપધિ આપણે રાખવાની છે. વધારે પણ નહિ અને વિભૂષાદિવાળી પણ નહિ.

બાકી આ વિભૂષાવાળા વસ્ત્રાદિ રાખવામાં તો એના ઉપર રાગ થાય... એટલે પાંચમાં મહાવ્રતમાં અતિચાર લાગે. એ વિભૂષાદિ કરવામાં પુષ્કળ સમયનો બગાડ થાય અને સ્વાધ્યાયનો વ્યાઘાત થાય. એવી રાગદશામાં જ જો આયુષ્યનો બંધ પડે તો કદાચ એ વસ્ત્રમાં જ જુ તરીકે ઉત્પન્ન થવાનો વખત આવે.

એટલે વસ્ત્રોને અપવાદ માર્ગ રૂપ સમજીને એનો એ રીતે જ ઉપયોગ કરવો એ અત્યંત આવશ્યક છે. (હા ! વર્તમાનમાં **ગીતાર્થ-સંવિગ્નો** એમ ફરમાવે કે "ઓઘા પર સ્કેચપેનથી અષ્ટમંગલનું ચિત્ર દોરી રાખવું..." અને જો આ બહુમાન્ય જ હોય તો તો કોઈ પ્રશ્ન નથી, આ બાબતમાં સ્વગચ્છના વડીલોને પૂછી લેવું...)

અહીં તો સ્પષ્ટ લખી દીધું છે કે જાત-જાતના વસ્ત્રાદિ વાપરનારા સાધ્વી એ સાધ્વી જ ન કહેવાય.

(છતાં સુવિહિત ગીતાર્થો વર્તમાનમાં ઓઘા ઉપર મંગલરૂપે અષ્ટમંગલનું માત્ર પેન્સિલથી ચિત્રામણ કરવાનું સૂચન કરે, તો સુવિહિતગીતાર્થની આ પરંપરા સ્વીકારી શકાય... એ માટે પોતપોતાના ગચ્છાચાર્યને પૃચ્છા કરવી...)

**(૭) सीवनं तुन्नणं भरणं, गिहत्थाणं तु जा करे ।**
**तिल्लाउव्वट्टणं वावि, अप्पणो अपरस्स य ।।**

**ગાથાર્થ :** જે સાધ્વીજી ગૃહસ્થોના વસ્ત્રો સીવવાનું, રફુ કરવાનું, ભરતકામ કરવાનું કામ કરે, પોતાને કે બીજાને તેલનું મર્દન કરવાનું કામ કરે, તે સાધ્વી સાધ્વી જ ન કહેવાય.

**ભાવાર્થ :** સાધ્વીજી ગૃહસ્થોના કે એમના છોકરાઓના ફાટેલા કપડા સીવી આપે, રફુ કરી આપે, પોતાના શરીર પર દિવેલ, તેલ વગેરેથી મર્દન કરે કે ગૃહસ્થોની નાની બાલિકાદિને તેલનું મર્દન કરાવી આપે તો એ સાધ્વી ન કહેવાય.

અલબત્ત વર્તમાનમાં તો આવું ક્યાંય લગભગ દેખાતું નથી, છતાં આવું બધું બનવાની શક્યતાઓ નિહાળીને જ શાસ્ત્રકાર ભગવંતોએ એનો નિષેધ કરેલો છે,

એમ સમજવું.

હા ! વર્તમાનકાળની દ્રષ્ટિએ વિચારીએ તો...

(ક) ગૃહસ્થોના ચરવળા–દંડાસન બાંધી આપવા એ દેખીતી રીતે ધાર્મિક કાર્ય હોવા છતાં ઉત્સર્ગમાર્ગે એ સંયમીઓનું કર્તવ્ય નથી.

(ખ) ધાર્મિક પ્રસંગોની પત્રિકાઓ ઉપર એડ્રેસો લખવા, ટિકીટ ચોંટાડવી અને પોસ્ટ કરવા એ પણ સંયમીઓનું કામ નથી. મહોત્સવાદિ પ્રસંગો શ્રાવકના છે, તો પત્રિકાદિ લખવા વગેરે પણ શ્રાવકોનું જ કાર્ય છે, સંયમીઓનું નહિ.

(ગ) મહોત્સવમાં સંગીતકાર નક્કી કરવા, એના ભાવતાલ નક્કી કરવા, મોટા રસોડાઓમાં રસોઈઆઓ અને એના ભાવતાલ નક્કી કરવા, મોટા મોટા જમણવારોમાં કઈ મિઠાઈઓ અને કયા ફરસાણો બનાવવા... વગેરેનું મેનું તૈયાર કરવું, સંઘાદિમાં મંડપવાળાઓ, ટ્રકવાળાઓ, પીરસનારાઓ નક્કી કરવા, માઈક ક્યાંનું લાવવું એ નક્કી કરવું... આવા આવા બધા જ ગૃહસ્થો માટે પ્રશસ્ત ગણાતા કાર્યો સંયમી માટે તો હેય જ છે. આ કામ સંયમીના નથી.

મુશ્કેલી એ છે કે આ બધા ધર્માનુષ્ઠાનો છે, એટલે *"એ બધા કરવામાં ધર્મ જ થાય"* એવી મિથ્યા માન્યતા સંયમીઓના મનમાં ઘર કરી ગઈ છે. આપણે સમજવું જોઈએ કે આ બધા અનુષ્ઠાનો શ્રાવકો માટે પ્રશસ્ત છે જ, પરંતુ સંયમીઓ માટે પ્રશસ્ત નથી જ.

(૮) **गच्छइ सविलासगइ, सयणीअं तूलिअं सबिब्बोअं ।**
**उव्वट्टेइ शरीरं, सिणाणमाईणि जा कुणइ ।।**
**गेहेसु गिहत्थाणं, गंतुण कहा कहेइ काहिआ ।**
**तरुणाइअहिवडंते, अणुजाणे ।।**

**ગાથાર્થ :** જે સાધ્વીજી વિલાસવાળી ગતિપૂર્વક ચાલે, પલંગ, રજાઈ, ગાદલા વગેરે વાપરે, તેલથી શરીરનું મર્દન કરે, સ્નાન વગેરે કરે, ગૃહસ્થોના ઘરોમાં જઈને વાતચીત કરે, યુવાનો આવતા હોય તો એમને આવવા દે તે સાધ્વીજી ગચ્છના દુશ્મન જાણવા.

**ભાવાર્થ :** સ્ત્રીઓ લજ્જાપૂર્વક, મર્યાદાપૂર્વક ચાલે એ જ એમની શોભા છે, એમાં જ એમના બ્રહ્મચર્યની સુરક્ષા છે. સાધ્વીજીઓ માટે તો આ વાત વિશેષથી જરૂરી છે. જો તેઓ અક્કડ થઈને ચાલે, જલ્દી જલ્દી ચાલે, તો જોનારાઓને ખરાબ

વિચાર આવવાની શક્યતા છે. એટલે જ સાધ્વીજીઓએ નીચી નજર રાખીને ધીમે ધીમે ચાલવું જ વધુ ઉચિત છે.

બાકી વર્તમાનમાં કોલેજ વગેરેની પરિસ્થિતિ બધા જાણે જ છે કે ત્યાં કન્યાઓનાં વિચિત્ર વર્તન, ગમનાદિના કારણે કેટલાય યુવાનોના મન મલિન બને છે.

સાધ્વીજીઓ શેષકાળમાં પલંગ કે પલંગના સ્થાને પાટ વગેરે વાપરે એ પણ અયોગ્ય છે. તથા રજાઈ–ગાદલા કે એના જેવા જ જાડા આસન વાપરે, માથા નીચે ઓશીકું રાખે, એ બધું પણ **ઉત્સર્ગ** માર્ગે શાસ્ત્રવિરુદ્ધ છે. માથા નીચે ઓશીકું–વીંટીઓ એ એક પ્રકારની સુખશીલતા છે, પ્રમાદવૃદ્ધિનું કારણ છે. લોચાદિ ગાઢ કારણ વિના એનો ઉપયોગ કરવો ઉચિત નથી જ.

શાસ્ત્રીયકારણ વિના જો હાથ–પગ ધોવામાં આવે, મોઢું ધોવામાં આવે, તો આ બધા દેશસ્નાન પણ આજ્ઞાબાહ્ય પ્રવૃત્તિ જ જાણવી. સાધ્વીજીઓ ગોચરી જાય ત્યારે જો એ પોતાના પરિચિત ઘરોમાં ૧૫–૨૦–૨૫ મિનિટ ઊભા રહીને વાતો કરતા હોય, તો એ પછી ધર્મની વાતો હોય કે સંસારની વાતો હોય બંનેય ખોટી છે. સાધ્વીજીઓનો આચાર નથી. સાધ્વીજીઓ રસ્તા વચ્ચે કોઈક શ્રાવિકા મળી જાય તો ત્યાં જ ૧૦–૧૫ મિનિટ સુધી વાતચીતો કરે એ બરાબર નહિ. ખરેખર તો જરૂરી કામ હોય તો એક–બે મિનિટ વાત ભલે કરે, પણ વધારે વાર ન ઊભા રહેવાય. ઉપાશ્રયે જઈને બીજી બધી વાત કરી શકાય.

**(९) जत्थ य समणीणमसंखडाइं गच्छंमि नेव जायंति ।**
**तं गच्छं गच्छवरं, गिहत्थभासा उ नो जत्थ ।।**

**ગાથાર્થ :** જે ગચ્છમાં સાધ્વીજીઓના પરસ્પર ઝઘડા થતા નથી, તથા જે ગચ્છમાં ગૃહસ્થોની ભાષા બોલાતી નથી, તે ગચ્છ ઉત્તમ ગચ્છ જાણવો.

**ભાવાર્થ :** હિંદુ કે મુસલમાન આજે કરોડો ઘરો સાસુ–વહુના ઝઘડાઓથી ત્રસ્ત છે, પરેશાન છે એ વાત બધા જ જાણે છે. એ બધા અજ્ઞાની છે, અણસમજુ છે, એટલે તેઓમાં ઝઘડા થાય એ તો હજી સમજી શકાય, પણ સાધ્વીજીઓ તો **કર્મગ્રન્થ**ના સિદ્ધાન્તોને સારી રીતે પિછાણે છે. ક્ષમા–સહનશીલતા–ઉદારતા વગેરે ગુણોની મહાનતાને સારી રીતે જાણે છે. તેઓ પરસ્પર ઝઘડે, સામસામે બોલે એ તો શોભાસ્પદ ન ગણાય ને ?

એક જ ગ્રૂપમાં અનેક સ્થાનોથી આવેલા, જાત–જાતના સ્વભાવવાળા અનેક સાધ્વીજીઓ હોય. બધા જ છદ્‌મસ્થ છે, બધા કોઈ ને કોઈ દોષોથી ભરેલા છે. એટલે જ પરસ્પર ઝઘડાઓ થવાના પ્રસંગો ઉપસ્થિત થાય.

સંક્લેશ કે ઝઘડાઓ થવાનું એક અતિ મહત્ત્વનું કારણ છે **બીજાના દોષોને સહન કરવાની શક્તિનો અભાવ.** જો પ્રત્યેક ઝઘડાના મૂળને શોધશો તો લગભગ બધે જ આ હકીકત દેખાઈ આવશે કે પારકાના દોષો સહન ન થવાથી જ ઝઘડાઓ ઉત્પન્ન થયા છે.

(નીચે કેટલાક કાલ્પનિક પ્રસંગો દર્શાવાય છે. મોટા ભાગે તો આવું બનતું નથી જ. શ્રમણીઓ ઉત્તમ હોવાથી બધું સહન કરતા હોવાથી આવા વિચિત્ર પ્રસંગો પ્રાયઃ બનતા નથી જ. છતાં એકાદ ટકો પણ આવું બનતું હોય તો એ બધું આપણા જીવનમાં ન ઘુસે એ માટે સાવચેતીરૂપે જ આ પ્રસંગો જણાવાય છે.)

**(ક)** કોઈક સાધ્વીજી આળસુ–એદી છે, કામ કરવામાં અરૂચિવાળા છે. આ બધું બીજા સાધ્વીજીઓ સહન ન કરી શકે. ''એ પાણીના ઘડા લાવવાની ના પાડે એ થોડું ચાલે ? સેવા બધાની લેવી છે, તો સેવા કરવી પણ પડે જ. એને કામ સોંપવાનું જ. ના પાડે તો વાત છે.'' આવી પરસ્પર વિચારણા થાય. અને જે સાધ્વીજી આળસુ હોય એમને બળજબરીથી પાણીના ઘડા લાવવાનું કામ સોંપાય. એમાં પેલા સાધ્વીજી આનાકાની કરે એટલે પછી પરસ્પર બોલાચાલી શરુ થાય.

**(ખ)** કોઈક સાધ્વીજી નાની નાની વાતોમાં ગુસ્સે થઈ જતા હોય, બીજાને દબડાવતા હોય. હવે આવું ઘણીવાર બને એટલે બાકીના સાધ્વીજીઓ અંદરો અંદર એક થઈ જાય. ''એ સાધ્વીજી બધા ઉપર રોફ જમાવે એ થોડું ચાલે ? આપણે કંઈ બોલતા નથી, એટલે સ્વચ્છંદી બની ગયા છે. એમને સબક શીખવાડવો જ પડશે. लातो के भूत बातो से नहि मानते. હવે જ્યારે એ કંઈપણ હોંશિયારી કરે ત્યારે આપણે બધા જ ભેગા મળી એની બોલતી બંધ કરી દેશું.''

અને ખરેખર બે–ચાર દિ'માં કોઈક પ્રસંગ બને. પેલા સાધ્વી કંઈક ગુસ્સો કરે કે તરત બધા જ એમના પર તૂટી પડે, ખખડાવે. આ રીતે ઝઘડો મોટો બને, કષાય વધતા જાય.

એક સાધ્વીજીનો **ક્રોધ** નામનો દોષ બીજાઓ સહન ન કરી શક્યા એટલે જ આ પરિસ્થિતિ ઊભી થઈ ને ?

(ગ) ગુરુણીને પોતાની અમુક શિષ્યાઓ પ્રત્યે વધુ રાગ હોય, એ શિષ્યાઓની વિશેષ કાળજી એ ગુરુણી કરતા હોય. ભણાવવાની વાત હોય તો પણ એ શિષ્યાઓની ગોઠવણી પહેલા કરે, બીજી શિષ્યાઓની ઉપેક્ષા કરે. માંડલીના કામોની વાત હોય તો પણ એ શિષ્યાઓને ઓછા કામ, એમને મનગમતા કામ સોંપે. એ શિષ્યાઓ ભૂલ કરે તો પણ એમને કોઈ ઠપકો ન આપે બીજાઓને ઠપકો આપે. એ શિષ્યાઓની શિષ્યા થાય એ માટે સખત પ્રયત્ન કરે પણ બીજી શિષ્યાઓની શિષ્યા થતી હોય તો એમાં વધુ રસ ન લે... આવી બધી બાબતો એવી છે કે જેનાથી આખા ગ્રૂપને મનમાં ખ્યાલ આવી જાય કે *"મારા ગુરુણી પક્ષપાતી છે."*

હવે ગુરુણીના **પક્ષપાત** નામના દોષને શિષ્યાઓ સહન ન કરી શકે, મનમાં આક્રોશ પરાકાષ્ઠાએ પહોંચે અને છેવટે ખુલ્લેઆમ ગુરુણી સાથે, એમની માનીતી શિષ્યાઓ સાથે બોલાચાલી શરૂ થાય. એ ઝઘડો આગળ વધે અને છેવટે ગચ્છના બે ટુકડા થાય.

**(ઘ)** કોઈને ખાવાપીવાની વસ્તુઓમાં વધુ આસક્તિ હોય અને એટલે જ ગોચરી માંડલીમાં આવતી સારી સારી વસ્તુ એ વગર પૂછે લઈ લેતા હોય. કોઈકને શિષ્યાઓ કરવાની લાલસા હોય અને એટલે બીજા પાસે આવેલા મુમુક્ષુઓને પચાવી પાડવાના પ્રયત્નો કરતા હોય.

હવે આ એ સાધ્વીજીનો **લાલચ-લોભ** નામનો કષાય છે, દોષ છે. એ બીજાઓથી સહન ન થાય, એટલે ઝઘડો થાય. એ સાધ્વીજી પોતાની મેળે કોઈક સારી વસ્તુ લેવા જતા હોય અને બીજાઓ બોલી ઉઠે કે "એય ! ઊભા રહો. ખબરદાર! જો જાતે કંઈપણ લીધું છે તો ! તમારી જગ્યાએ બેસી જાઓ. વહેંચનાર જે આપે–તે જ લેવાનું." સામે પેલા સાધ્વીજી પણ જો જીદ્દી બને તો આ ઝઘડો વધવાનો જ.

આવા ઓછા–વત્તા દ્રષ્ટાન્તો એક કે બીજી રીતે લગભગ બધાએ પોતપોતાના જીવનમાં અનુભવ્યા જ હશે. અને એ બધામાં આટલો ખ્યાલ ચોક્કસ આવશે કે *"પરદોષ–અસહિષ્ણુતા જ એ ઝઘડાઓ–કંકાસોનું કારણ બની હશે."*

એને બદલે જો પ્રત્યેક સાધ્વીજી પરદોષ–સહિષ્ણુ બને. *"એ છદ્મસ્થ છે, એટલે ભૂલ થઈ જાય.*

*ચૌદપૂર્વીઓ પણ જો અનંતસંસાર વધારનારી ભૂલ કરી બેસતા હોય તો*

*આ સામાન્ય સાધ્વીજીથી ભૂલ ન થાય ?*

*બીજા દિવસે કેવલજ્ઞાન પામનારા **મુનિરાજ** પણ જો આગલા દિવસે બપોરે બારથી રાત્રે બાર વાગ્યા સુધી સિંહકેસરિયા લાડુ મેળવવા માટે ઘરે ઘરે ભટકવા રૂપ ઘોર આસક્તિનો ભોગ બનેલા હોય તો આ સાધ્વીજી આસક્તિવાળા બને એમાં શું આશ્ચર્ય ?*

*તદ્ભવ મોક્ષગામી, ગીતાર્થ એવા પણ **ચંડરુદ્રાચાર્ય** જેવા આત્માઓ ગુસ્સામાં આવી શિષ્યના બધા વાળો ખેંચી લેવાની અને ક્રોધમાં જ એ શિષ્યના માથે દાંડો મારી મારીને લોહી કાઢવાનું પાપ કરી બેસતા હોય તો આ સાધ્વીજી ગુસ્સો કરે, જેમ તેમ બોલે એ કંઈ મોટી વાત નથી."*

આ રીતે વર્તમાન દોષ કરતા પણ ઘણા મોટા દોષોને યાદ કરી એની સામે આ દોષને વામણો નિહાળી પરદોષોને સહન કરવાની શક્તિ કેળવી શકાય છે.

કેવલજ્ઞાન ન પામી ચૂકેલા કોઈપણ જીવો કોઈપણ કક્ષાના પાપ કરી બેસે એ સંભવિત છે જ, એટલે એ બધા દોષોને મોટા માની લઈ સંક્લેશની હોળી સળગાવવી એ બિલકુલ ઉચિત નથી.

તથા

મમ્મી–પપ્પા–ભાઈ–બહેન–કાકા–કાકી–ફઈ–ફુઆ–મામા–મામી–માસા–માસી વગેરે શબ્દો સંયમી ન બોલી શકે. સંયમીએ તો એમના નામથી જ એમને બોલવાના હોય છે. હા ! ક્યારેક ઓળખાણ આપવાની જરૂર પડે તો કહી શકે કે "આ ભાઈ સંસારીપક્ષે બાપુજી થાય છે. આ બહેન સંસારીપણે બા છે." કેમકે સાધુપણમાં તો કોઈ બા–બાપુજી ગણાય જ નહિ. એટલે "આ મારા બાપુજી છે" એવા શબ્દો સંયમી ન બોલી શકે.

પ્રસ્તુત ગાથામાં કહ્યું છે કે જે ગચ્છમાં ઝઘડાઓ અને આવી ગૃહસ્થ ભાષાઓ નથી, એ **ઉત્કૃષ્ટ** ગચ્છ કહેવાય.

**(१०) जो जत्तो वा जाओ, नालोअइ दिवसपक्खिअं वावि ।**
**सच्छंदा समणीओ, मयहरिआए न ठायंति ।।**

**અર્થ :** સ્વચ્છંદ સાધ્વીજીઓ કેવા હોય ? તે દર્શાવે છે કે–

(ક) દિવસસંબંધી જે કોઈપણ અતિચારો સેવાયા હોય તેની આલોચના ન કરે. એમ પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક અતિચારોની પણ આલોચના ન કરે

તે સાધ્વીજીઓ સ્વચ્છંદ કહેવાય.

**(ખ)** સ્વચ્છંદ સાધ્વીજીઓ મુખ્યસાધ્વીની આજ્ઞામાં ન રહે, જેમ તેમ વર્તે.

**ભાવાર્થ :** સાધ્વીજીઓએ રોજે રોજ પોતાના અતિચારોની આલોચના કરવી જોઈએ. આ આલોચના પોતાના ગુરુણી પાસે કરવાની. પાક્ષિક વગેરે આલોચના ગુરુણી પાસે કે વિશિષ્ટ ગીતાર્થ પીઢ–વૈરાગી સાધુ પાસે કરવાની હોય છે.

તથા પ્રત્યેક સાધ્વીજીઓએ પોતાના મુખ્ય સાધ્વીજીની આજ્ઞા માનવી જોઈએ. ગુરુણી વિદ્યમાન ન હોય તો ગુરુણી જેને આ કામ સોંપી ગયા હોય તેમની આજ્ઞામાં રહેવું જોઈએ. ભલે એ ગુરુણી નથી, ભલે એ ઉંમરમાં નાના હોય, સરખા હોય તો પણ ગચ્છની વ્યવસ્થા દરેકે માન્ય કરવી જોઈએ.

**(११) विंटलिआणि पउंजंति, गिलाणसेहीण नेव तप्पंति ।**
**अणगाढे आगाढं करंति, आगाढि अणगाढं ।।**

**અર્થ :** **(ગ)** સ્વચ્છંદ સાધ્વીજીઓ ગૃહસ્થોને નિમિત્ત, જ્યોતિષ વગેરે જણાવે.

**(ઘ)** ગચ્છના ગ્લાન સાધ્વીજીઓની અને નૂતન સાધ્વીજીઓની કાળજી ન કરે. એમને ઔષધ–ભેષજ–વસ્ત્ર–પાત્ર–જ્ઞાન વગેરે આપવા દ્વારા એમને પ્રસન્ન ન કરે.

**(ચ)** આગાઢ કાર્ય ન હોય તો પણ આગાઢ કરે અને આગાઢ કાર્ય હોય તો પણ અનાગાઢ કાર્ય કરે.

**ભાવાર્થ :** સાધ્વીજીઓને જ્યોતિષશાસ્ત્ર આવડતું હોય તો પણ એનો ઉપયોગ સન્માર્ગે જ કરવો જોઈએ. ગૃહસ્થોની કુંડળી જોઈને "કેટલા રૂપિયા કમાશે, તેને કેટલા સંતાન થશે, તેને કેવો પતિ મળશે કે કેવી પત્ની મળશે." આ બધાનું કથન સંયમીએ કરવાનું નથી. કોઈ પૂછે તો પણ એમ જ કહેવાનું છે કે "આ અમારો વિષય નથી. આ બધુ કહેવું એ જિનાજ્ઞાવિરુદ્ધ છે."

જ્ઞાન પચ્યું હોય, ભક્તો કે ભક્તાણીઓ વધારવાની ઘેલછા ન પ્રગટી હોય, તો જ આવી ખુમારી શક્ય બને.

ગચ્છમાં કોઈપણ નાના–મોટા સાધ્વીજી માંદા હોય તો બધા જ સાધ્વીજીની ફરજ છે કે એમની સેવા કરવામાં તત્પર રહેવું. *"બીજા બધા સેવા કરે જ છે, એટલે*

*મારે સેવા કરવા જવાની શી જરૂર ?"* એવો વિચાર પણ ન કરવો. શું દીક્ષા લેતી વખતે એવો વિચાર કરેલો ખરો ? કે *"બીજા બધાએ દીક્ષા લઈ જ લીધી છે. તો મારે દીક્ષા લેવાની શી જરૂર છે ?"*

ત્યારે તો એમ જ કહેશું ને ? કે "બીજાએ દીક્ષા લીધી છે, તો એમાં મારું કલ્યાણ શી રીતે થાય ? મારા હિત માટે તો મારે જ દીક્ષા લેવી પડે."

તો પછી અહીં પણ સમજી લેવાનું કે *"બીજાઓ ગ્લાનની સેવા કરશે, તો એમનું હિત થશે. પણ મારે મારું હિત કરવું હોય, તો મારે જાતે જ સેવા કરવી જોઈએ."*

માંદગીમાં કોઈપણ સંયમી અશક્તિ–નબળાઈ વગેરેને લીધે લગભગ પરાધીન જ હોય છે. ગોચરી–પાણી લાવવા–પ્રતિલેખન–ઔષધ–અનુપાન–સ્થંડિલ–માત્રુ વગેરે બધી જ બાબતોમાં એ સંપૂર્ણ પરાધીન હોય. એ વખતે જો એને કોઈ ન સાચવે, પાસે કોઈ ન હોય, તો અસમાધિ–આર્તધ્યાન થવાના જ.

એટલે કોઈપણ સાધ્વીજી માંદા હોય એમની સેવામાં દોડી જવું જોઈએ.

એમાં પણ જો એ ગ્લાન સાધ્વીજી સાથે અણબનાવ હોય, સંબંધમાં કડવાશ હોય, અબોલા જેવો વ્યવહાર હોય તો તો એમની માંદગીમાં ખાસ સેવા કરવા દોડી જવું. આવા વખતે તો નિર્દંભપણે જે સેવા કરાશે, એનાથી વૈરની ગાંઠ ઓગળી જશે. એ ગ્લાન સાધ્વીજીને પશ્ચાત્તાપ થશે. ક્ષમા માંગીને સદાને માટે પરમ મિત્ર બની રહેશે.

આ લાભ શું કંઈ નાનો સુનો છે ?

ગ્લાનની માફક નૂતન સાધ્વીજીઓની પણ ખૂબ જ સારસંભાળ લેવી. *"નૂતન સાધ્વી જેના શિષ્યા બન્યા છે, એ જ એને સાચવે. આપણે શું ? બધી જવાબદારી એ નૂતનના ગુરુણીની છે."* આવી સ્વાર્થાંધતા બિલકુલ સારી નથી.

એમના ગુરુણી બધી જ કાળજી શી રીતે કરે ? નૂતનને તો ઢગલાબંધ તાલીમ આપવાની હોય. એને હુંફની, વાત્સલ્યની, માર્ગદર્શનની, સહાયની જરૂર હોય જ. આવા વખતે એના ગુરુણી ઉપર બધો ભાર ઢોળી દેવો એ ક્યાંનો ન્યાય ? શું એ બીજાની શિષ્યા છે, માટે જ આ ઉપેક્ષાભાવ છે ને ? જો પોતાની શિષ્યા હોત તો આવું કરત ખરા ? પોતાની શિષ્યા તરફ બીજા સાધ્વીજીઓ સાવ જ ઉદાસીન રહેત તો શું એ ગમત ખરા..? તો પછી જાતે આવી પ્રવૃત્તિ શી રીતે કરાય ?

એટલે જ નૂતન સાધ્વીજી ભલે ને ગમે તેના શિષ્યા હોય પણ એ જિનશાસનના શ્રમણી તો છે જ ને ? આપણા પરમપિતા શ્રમણ ભગવાન **મહાવીર** દેવના માર્ગે ચાલનારા તો છે ને ? એમના પ્રત્યે પણ નિર્દોષ વાત્સલ્યભાવ ધારણ કરી એમની કાળજી કરવી, એમને ઓછું ન આવવા દેવું, એમનો સાધુપણા પ્રત્યેનો બહુમાનભાવ વધતો જ રહે એવી રીતે સાચવવા એ ગચ્છના પ્રત્યેક શ્રમણીની એકમાત્ર ફરજ બની રહે છે.

જે સાધ્વીજી સુખશીલ હોય તે વાતે વાતે અપવાદ માર્ગનું સેવન કરવા તત્પર બની જાય. જે કારણ એવું હોય કે જેમાં દોષ ન સેવે તો પણ ચાલી જાય, અથવા તો એમાં તત્કાલ મોટો દોષ સેવવાની જરૂર ન હોય, આવા સામાન્ય કારણને અનાગાઢ કહેવાય. પણ હવે સુખશીલ સાધ્વીજી તો આવા અનાગાઢને પણ આગાઢ ગણી લઈ એ પ્રમાણે જ ઝટઝટ મોટા દોષ સેવી લે. હવે આ રીતે જો વારંવાર બને તો દોષો પ્રત્યે નિષ્ઠુરતા આવી જ જાય, આખા ગચ્છમાં અનવસ્થા ઊભી થાય.

**દા.ત.** – ચાલુ વિહારમાં ૧ ડીગ્રી. તાવ આવે તો કોઈક સ્થાને બે–ચાર દિવસ રોકાઈ જઈ તાવ ઉતરી ગયા બાદ વિહાર કરવાને બદલે ડોળી કે વ્હીલચેર મંગાવી લઈ એના દ્વારા વિહાર ચાલુ જ રાખવામાં આવે.

– ઉપાશ્રયમાં પડી જવાનો કે સર્પાદિનો ભય ન હોવાથી રાત્રે અંધારામાં ઉજઈ કરાવવી જરૂરી ન હોવા છતાં "માત્ર ઘણું અંધારુ છે." એ મુદ્દાને આગળ કરી એક–બે ગ્લોબ આખી રાત ચાલુ રાખવામાં આવે.

– સામાન્ય માંદગી વગેરેમાં પુરુષ ડૉક્ટર કે વૈદ્ય સાધ્વીજીને ન સ્પર્શે અને માત્ર વાતચીત દ્વારા માહિતી મેળવી ઉપચાર કરી શકે એ શક્ય હોવા છતાં એવી માંદગીઓમાં પણ બહુ ઝડપથી પુરુષ ડૉક્ટર કે વૈદ્યના સ્પર્શાદિ ચલાવી લેવામાં આવે.

આવી તો ઘણી બધી અનાગાઢ બાબતો છે. એમાં દોષસેવન ટાળી શકાય, લંબાવી શકાય, ઘટાડી શકાય, પણ એ માટે ધીરજ–સંયમપ્રેમ–સહિષ્ણુતા જરૂરી છે. એ બધુ ન હોય એટલે અનાગાઢમાં પણ આગાઢ તરીકે જ બધી પ્રવૃત્તિ થાય. એમાં સંયમ પરિણામ મલિન બને જ.

ક્યારેક એવું પણ બને કે જડતા–મુગ્ધતાના લીધે કોઈ સાધ્વીજી આગાઢ કારણ આવી પડે તો પણ દોષનું સેવન કરવાની ધરાર ના પાડી દે.

**દા.ત.** – ચાલુ વિહારમાં જ એક્સીડન્ટ થાય કે એવો ગંભીર પ્રસંગ બને ત્યારે ગાડીમાં બેસાડીને હોસ્પીટલ લઈ જઈ જીવ બચાવી લેવો યોગ્ય હોવા છતાં મુગ્ધ સાધ્વીજી કહી દે કે "ભલે મોત થાય, પણ ગાડી તો શું ? ડોળી–વ્હીલચેરનો ઉપયોગ કરવા પણ હું તૈયાર નથી."

– ઉપાશ્રયમાં સર્પાદિનો ભય હોય કે ઉપાશ્રય વિચિત્ર હોવાથી પડી જવાનો ભય હોય, વૃદ્ધ સાધ્વીજીઓ ગમે ત્યાં પટકાઈ જવાનો ભય હોય. આવા ગાઢ કારણો હોવા છતાં પણ મુગ્ધ સાધ્વીજી ઉપાશ્રયમાં ઝીરોનો ગ્લોબ પણ ન નાંખવા દે. "આ તેજસકાયની વિરાધના ભયાનક પાપ છે. મરી જશું, પણ આવા દોષો નહિ સેવીએ."

ટુંકમાં અપવાદ તરફ વધુ ઢળી જવું કે ઉત્સર્ગ તરફ વધુ ઢળી જવું એ બે ય વસ્તુ સાધ્વીજી માટે અનુચિત છે. નાના સાધ્વીજીઓ તો પરિપક્વ ગુરુણીના કહ્યા પ્રમાણે જ બધુ કરનારા હોય અને પરિપક્વ ગુરુણી પણ ખૂબ જ સજાગ હોય. અનાગાઢમાં અનાગાઢ પ્રમાણે જ દોષો સેવે અને આગાઢમાં આગાઢ પ્રમાણે જ દોષો સેવે. આમાં ક્યાંય એક તરફ વધુ પડતા પક્ષપાતી ન બને.

**(१२) अजयणाए पकुव्वंति, पाहुणगाण अवच्छला ।**
**चितलयाणि अ सेवंते, चिता रयहरणे तहा ।।**

**ગાથાર્થ :** (છ) સ્વચ્છન્દ સાધ્વીજીઓ યતના વિના જ ગમનાદિ ક્રિયાઓ કરે.

(જ) વિહાર કરીને આવેલા સાધ્વીજીઓની નિર્દોષ ગોચરી–પાણીથી ભક્તિ ન કરે. ભાત–ભાતના ચિત્રોવાળા વસ્ત્રો વાપરે, રંગબેરંગી ડિઝાઈનની રચનાવાળા ઓઘા વાપરે.

**ભાવાર્થ :** જેના સ્વભાવમાં આળસ, સ્વાર્થવૃત્તિ હોય એને તો બહારગામથી સાધ્વીવૃંદ વિહાર કરીને આવે એ બિલકુલ ન ગમે. *"આ બધા કયાં ટપકી પડ્યા? હવે મારે ૮–૧૦ ઘડા પાણી લાવવું પડશે, ત્રણ ટાઈમ ગોચરી જવું પડશે, મારી આઈટમો એમને વપરાવવી પડશે. આ ઉપાશ્રયમાં કેટલી શાંતિ હતી, આ બધા આવી જવાથી ભીડ વધી ગઈ, અશાંતિ થઈ. આ બધા ન હતા, અમે ચાર–પાંચ સાધ્વીજી હતા, તો શ્રાવિકાઓ સાથે પરિચયાદિ કરવામાં સુગમતા રહેતી હતી. હવે આ બધાની હાજરીમાં મજા નહિ આવે."*

આવા આવા વિચારવાળા સાધ્વીજીઓ તો મહેમાનવૃંદને–વિહાર કરીને આવેલા સાધ્વીવૃંદને જોતાની સાથે જ મોઢું બગાડી ના છુટકે "આવો" બોલે, પણ મોઢું તો દિવેલ પીધેલા જેવું થઈ જાય. જગ્યા ઉપરથી ઊભા પણ ન થાય. મોટી જગ્યામાં કાજો લેવાની, જલ્દી પાણી લેવા જવાની, ગોચરી માટે પૃચ્છા કરવાની એમને ઈચ્છા ન થાય. જાણે કે સાવ અલિપ્ત હોય એવું જ વર્તન કરી બેસે. આવનારા વૃંદને પણ આ વાતનો અણસાર આવી જાય એટલે તેઓ સ્વયં પોતાના કાર્યમાં લાગી પડે.

પણ આવું વિચિત્ર વર્તન કરનારા સાધ્વીજીઓ સ્વચ્છંદી કહેવાય.

ગૃહસ્થોને આપણે કહીએ છીએ કે ***"साधूनां दर्शनं पुण्यम् ।"*** તો એ જ સૂત્ર સંયમીઓને પણ લાગુ પડે છે. આવા વિશાળ વૃંદના દર્શન તો મહાભાગ્યોદયે સાંપડે. એનો તો હર્ષ ઉછળવો જોઈએ. ભૂખ્યાને ભોજન મળે, તરસ્યાને સરબત મળે, જંગલમાં મંગલ મળે... અને જે આનંદ થાય એવો આનંદ સ્થાનિક સાધ્વીજીઓને આગંતુક સાધ્વીવૃંદને જોઈને થવો જોઈએ.

ઉત્તમ સાધ્વીજી તો વિચારે કે *"અહો ! મારું ધન્યભાગ્ય ! આજે મને અપૂર્વ ભક્તિ કરવાનો લાભ મળ્યો. આ કેટલા બધા ઉત્તમ શ્રમણીઓ પધાર્યા છે."* અને એટલે જ શ્રમણીવૃંદ દેખાય એટલે તરત જ આસન પરથી ઊભા થઈ સામે લેવા જાય "પધારો–પધારો" કહે. યોગ્ય સ્થાને કાજો લઈ આપી, પાણી લાવવા–ગોચરી લાવવા નીકળી જાય. આવનારાઓ કહે કે "અમે ગોચરી–પાણી લઈ આવશું." તો આ સાધ્વીજી મક્કમતાથી કહે કે "આજે બધું પાણી હું લાવીશ, તમારે આરામ કરવાનો છે. આજે મને ભક્તિનો લાભ લેવા દો. આજે તો મારો સોનાનો–હીરાનો દિવસ ઊગ્યો છે."

આગુંતક સાધ્વીવૃંદની એવી તો અજોડભક્તિ કરે કે તેઓ આશ્ચર્ય પામે. જ્યાં જાય ત્યાં આ ભક્તિ કરનારા સાધ્વીજીનું નામ લેવાનું ન ચૂકે. એના પ્રત્યે અત્યંત લાગણીસંપન્ન બને.

જો દરેક દરેક વૃંદમાં આવા પાંચ–દસ સાધ્વીજીઓ ઉલ્લાસ–ખંત–ભક્તિવાળા બની જાય તો દરેક ગ્રુપોમાં સ્વર્ગીય સુખોને પણ તુચ્છ ગણાવી દે એવા આધ્યાત્મિક સુખો પ્રગટ થઈ રહે એ નિઃસંદેહ હકીકત છે.

**(१३) गइविब्भमाइएहिं, आगारविगार तह पयासंति ।**

**जह वुड्ढगाण मोहो, समुईरइ किं नु तरुणाणं ।।**

**ગાથાર્થ :** (ઝ) સ્વચ્છંદ સાધ્વીજીઓ ચાલવાની પદ્ધતિ વગેરે દ્વારા મુખ નેત્રાદિના આકારો એવી રીતે પ્રગટ કરે કે વૃદ્ધોને પણ એ જોઈને રાગ થાય, તો યુવાન પુરુષોની વાત જ શી કરવી ?

**(૧૪) बहुसो उच्छोलिंती, मुहनयणे हत्थपायकक्खाओ ।**
**गिण्हेइ रागमंडलं, सोइंदिअ तहय कप्पट्ठ ।।**

**અર્થ :** (ટ) સ્વચ્છંદ સાધ્વીજીઓ વારંવાર હાથ-પગ-મુખ-આંખ વગેરે ધૂએ.

(ઠ) એવા મધુર કંઠે ગીત ગાય, રાગમાં બોલે કે જેથી બાળકોની પણ ઈન્દ્રિય ખેંચાય.

**ભાવાર્થ :** સાધ્વીજીઓના બ્રહ્મચર્યની રક્ષા માટે વિભૂષાત્યાગ=સારા ન દેખાવું એ જરૂરી છે. એટલે આ હસ્તાદિ ધોવાની ક્રિયાઓ પાપ રૂપ છે. આમ આ બધુ કરવા પાછળ દેહ પ્રત્યેનો મમત્વભાવ તો પોષાય જ છે. એટલે આ વિભૂષા ન કરાય એ જ ઉચિત છે.

એમ સાધ્વીજીઓ મધુર સ્વરે, મધુર રાગમાં ગીતો ગાય, રે ! સ્તવનાદિ બોલે એ પણ ઉચિત નથી. એમાંય પુરુષો સાંભળે એ રીતે ગીતો સ્તવનો ગાવા તો બિલકુલ અનુચિત છે. શક્ય છે કે સ્વરમધુરતા, રાગમધુરતાના કારણે પુરુષને આકર્ષણ થાય, રાગ જાગે. આ બધુ સંયમઘાતક બનવાની શક્યતાઓ ઘણી બધી છે.

એક **સાધ્વીજી** આ મધુર રાગના કારણે જ કોઈકની ઈર્ષ્યાનો ભોગ બન્યા. અંતે વાઘરી પાસે મુઠ મારવાની પ્રક્રિયા કરાવીને ઈર્ષ્યાળુઓએ સાધ્વીજીના કંઠને ખલાસ કરી દીધો. મુઠની અસર થતા જ દેરાસરમાં સ્તવન બોલતા બોલતા જ એ સાધ્વીજીનો કંઠ રુંધાઈ ગયો.

પૂજ્યપાદ સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય **પ્રેમસૂરીશ્વરજી** મ.સાહેબે પોતાના અતિમધુર કંઠવાળા શિષ્યને જાહેરમાં સ્તવનાદિ ગાવાની આ જ કારણસર ના પાડી હતી. માત્ર ભાઈઓ સાંભળે એ રીતે જ બોલવાની રજા આપી હતી.

હવે સાધુઓએ પણ આટલી બધી કાળજી રાખવી જરૂરી છે, તો સાધ્વીજીઓએ તો આમાં વધુ સજાગ બનવું જ જોઈએ.

એટલે જ દેરાસરમાં કે ઉપાશ્રયમાં કે અન્યસ્થાને સાધ્વીજીઓએ એ રીતે

જ સ્તુતિ-સ્તવનાદિ બોલવા કે કોઈ પુરુષ સ્વરમાધુર્યને પરખી જ ન શકે, સાંભળી ન શકે.

**(૧૫) जत्थ य थेरी तरुणी, थेरी तरुणी अ अंतरे सुअए ।**
**गोअम तं गच्छवरं, वरनाणचरित्त आहारं ।।**

**ગાથાર્થ :** જે ગચ્છમાં વૃદ્ધા, તરુણી, વૃદ્ધા, તરુણી એ રીતે સાધ્વીજીઓ રાત્રે સંથારો કરે, તે ગચ્છ ઉત્તમ જાણવો, ઉત્તમ જ્ઞાન-ચારિત્રનો આધાર જાણવો.

**ભાવાર્થ :** બે યુવાન સાધ્વીજીઓએ બાજુ-બાજુમાં સંથારો ન કરવો જોઈએ. દર બે યુવાન સાધ્વીજીના સંથારાની વચ્ચે એક વૃદ્ધા સાધ્વીજીનો સંથારો થવો જ જોઈએ કે જેથી બે યુવાન સાધ્વીજીઓનો ઉંઘમાં પરસ્પર સ્પર્શ ન થાય.

હવે જો ગચ્છમાં વૃદ્ધા સાધ્વીજી ઓછા હોય તો યુવાન સાધ્વીજીઓએ દૂર-દૂર સંથારો કરવો. શાસ્ત્રકારોનો મુખ્ય આશય પરસ્પર સ્પર્શ ન થવા દેવાનો છે, એ આશય આ રીતે સચવાઈ જાય છે. પણ બે યુવાન સાધ્વીજીઓ નજીક નજીકમાં સંથારો કરે એ તો બિલકુલ ઉચિત નથી જ.

**(૧૬) धोयंति कंठिआओ, पोअंती तहय दिंती पोताणि ।**
**गिहिकज्जचिंतगाओ, न हु अज्जा गोअमा ! ताओ ।।**

**અર્થ :** જે સાધ્વીજીઓ પાણીથી ગળાના ભાગને ધૂએ, ગૃહસ્થોની માળાઓ ગુંથી આપે, ગૃહસ્થોના બાળકો વગેરેને માટે વસ્ત્ર, ઔષધિ આપે, પોતાના શરીર ઉપરનો મેલ દૂર કરવા માટે પાણીથી ભીના કરેલા વસ્ત્રને શરીર ઉપર ઘસે, ગૃહસ્થોના કાર્ય માટે તત્પર રહે.

હે ગૌતમ ! એ સાધ્વીજી ન કહેવાય.

**ભાવાર્થ :** નાના નાના છોકરા-છોકરીઓને રમાડવા એ કામ તો એમની માતાઓનું છે, સાધ્વીજીઓનું નથી. એ બધા માટે રમકડાઓ પાસે રાખી એ છોકરા-છોકરીઓને રમવા આપવા, પીપરમીંટ જેવી વસ્તુઓ પાસે રાખી એ આપીને છોકરા-છોકરીઓને આકર્ષવા, એ બધાને ખુશ કરવા ઉખાણાઓ-જોક્સ કહેવા. આ બધા કામ સાધ્વીજીના નથી જ.

હા ! બાલક-બાલિકાઓને ધર્મ માર્ગે જોડવા પીઢ સાધ્વીજી એમને આકર્ષણ ઉભું કરવા વાર્તા-ઉપદેશાદિનું આલંબન લે એ હજી ચાલે, પણ બીજા બધા સાધ્વીજીઓએ એવું કશું જ કરવાની કંઈ જ જરૂર નથી.

તથા ગૃહસ્થોના અતિપરિચયને કારણે એમના સાંસારિક દુઃખે દુઃખી થવાની અને એટલે જ એ દુઃખો દૂર કરવા માટે એમના સાંસારિક કાર્યોની ચિંતા કરવાની પ્રવૃત્તિ શાસ્ત્રવિપરીત છે, એ નિશ્ચિત હકીકત છે.

પોતાના પરિચિત ગૃહસ્થનું કે શ્રાવિકાનું ઘર નાનું હોય, સામાન્ય હોય, તેઓ નવું ઘર લેવા ઈચ્છતા હોય પણ એમાં વધુ ધનની આવશ્યકતાથી તેઓ અટકતા હોય એ વખતે સાધ્વીજી એ ધનની વ્યવસ્થા ગોઠવી આપે, લોન–દાન અપાવે, કે ફ્લેટ વેંચનારને સમજાવી–પટાવીને કિંમત ઓછી કરવાની મહેનત કરે અને એ રીતે પેલા પરિચિતને ઘર અપાવવામાં સફળતા મળે તો મોટો પરોપકાર કર્યાનો આનંદ માણે, આ શું સાધ્વીજીપણામાં શોભે ખરું..? આ શું સાધ્વીજીવનનો આચાર છે..?

એ સંસારીઓ નવા ઘરમાં જે પાપો કરશે, એ બધાની જવાબદારી કોની? સાંભળ્યું છે કે આપણા પૂર્વ પુરુષો જૈન દેરાસર જેવા ઉત્તમધાર્મિક કાર્યની પણ ખનનવિધિ વગેરેના મુહૂર્ત આપવું એ પણ સાધ્વાચાર વિરુદ્ધ ગણતા હતા, તો ચિક્કાર પાપોથી ભરેલા સંસારીના ઘરો તૈયાર કરવામાં સહાય કરવી એ શું પ્રશંસનીય બની શકે..?

ગૃહસ્થોના છોકરા–છોકરીઓના લગ્નાદિ પ્રસંગો ગોઠવાતા ન હોય તો સંયમી એકલાઓને બેકલા બનવાના કામમાં સખત પુરુષાર્થ કરી શકે..?

ગૃહસ્થોની કુંડળી જોઈ આપી એને ધંધા–નોકરી અંગેનું માર્ગદર્શન આપવાનું કામ સંયમી કરી શકે ?

નિઃસંતાન ગૃહસ્થોનો ખોળો ભરી આપવા માટેના વાસક્ષેપ નાંખવાનું, રક્ષા પોટલીઓ બાંધી આપવાનું કામ સંયમીઓ કરી શકે ?

**સુભદ્રા** સાર્થવાહીને ત્યાં વહોરવા ગયેલા પેલા સાધ્વીજીઓના શબ્દો ભૂલી ગયા કે ?

''મારે કોઈ સંતાન નથી, મારે સંતાન જોઈએ છે. તમારી પાસે કોઈ ઉપાય હોય તો બતાવો.'' એવા સુભદ્રાના શબ્દો સાંભળતા જ સાધ્વીજીઓએ કાન બંધ કરી દીધા. ''આવું સાંભળવું એ પણ અમારા માટે પાપ છે. અમે તો મોક્ષ અને મોક્ષ માટે જરૂરી ધર્મનો ઉપદેશ આપીએ, બાકી સંસારના સુખ–દુઃખો સાથે અમારે શું લેવા–દેવા ?'' આ શબ્દો આપણે બરાબર યાદ રાખવાની જરૂર નથી શું..?

આમાં કોઈક અપવાદનું સેવન કરવાની સત્તા ગીતાર્થોને હોય, બીજા બધાને નહિ જ.

**(१७) खरघोडाइट्ठाणे वयंति, ते वावि तत्थ वच्चंति ।**
**वेसत्थी संसग्गी, उवस्सयाओ समीवंमि ।।**

**ગાથાર્થ :** જે સાધ્વીજીઓ ગધેડા–ઘોડા–દાસ વગેરેના સ્થાને જાય, અથવા તો આ ગધેડા–ઘોડા–દાસ વગેરે જે સાધ્વીજીઓના ઉપાશ્રયમાં આવતા હોય તે સાધ્વીજીઓ સાધ્વીજી ન કહેવાય. તથા ઉપાશ્રયની નજીકમાં ગણિકાગૃહ હોય અથવા તો સાધ્વીજીઓનો ગણિકાદિ સાથે સંપર્ક હોય, તો એ સાધ્વીજીઓ સાધ્વીજી ન કહેવાય.

**ભાવાર્થ :** ગધેડા–ઘોડાવાળા સ્થાનોમાં સાધ્વીજી જાય, પેલા ભડકેલા પશુઓ લાત મારે, તો આત્મવિરાધના થાય. એમ હલકી કોમના લોકો જ્યાં રહેતા હોય ત્યાં પણ સાધ્વીજીઓએ ન જવું. સાધ્વીજીઓ ખાનદાન–ઉત્તમકુળના છે. હલકી કોમના માણસોના વિચાર પણ મોટા ભાગે હલકા હોય. તેઓ મજાક–મશ્કરી કરે, ક્યારેક મોટી આફત આવી પડે.

ખરેખર તો એવા સ્થાનમાંથી પસાર થવું પણ સાધ્વીજીઓ માટે યોગ્ય નથી. ઘણીવાર એવું બને કે વડીનીતિ જવા કે પરઠવવાના સ્થાને પહોંચવા માટે હલકી કોમના એરિઆમાંથી પસાર થવું પડે. રોજ રોજ એવી રીતે જવું એ ઉચિત નથી. આના બદલે બીજો કોઈક વિકલ્પ અજમાવવો સારો.

સાધ્વીજીઓના ઉપાશ્રયમાં હલકી કોમના માણસો આવે એ પણ બિલકુલ સારું નહિ. ઘણીવાર સાધ્વીજીઓના ઉપાશ્રયમાં કચરા પોતાદિ કરનાર માણસ હલકી કોમનો યુવાન નોકર હોય છે. એ બિલકુલ ન ચાલે. કચરા–પોતા કરાવવા જ પડે તો બહેનો પાસે જ કરાવવા ઉચિત છે. છેવટે ૬૫ વર્ષથી ઓછી ઉંમરવાળો નોકર તો ન જ ચાલે, એટલી કટ્ટરતા રાખવી જોઈએ.

ક્યારેક સાધ્વીજીઓની પાસે સાઈકલવાળા માણસ તરીકે પણ હલકી કોમના યુવાન માણસ હોય છે, એ પણ ઉચિત નથી. છેવટે કમ સે કમ ૫૦ વર્ષ કે તેથી વધુ ઉંમરનો માણસ હોય તો ઘણા જોખમ ઘટી જાય.

વર્તમાનમાં શ્રમણીઓને ગણિકાઓનો પરિચય હોવાનું લગભગ અસંભવિત છે. પણ ગણિકાઓના ખરાબ સંસ્કારો શ્રમણીઓને નુકસાનકારક હોવાથી જેમ તેનો

નિષેધ છે, એ જ પ્રમાણે ખરાબ સંસ્કારવાળા બહેનોનો સંપર્ક પણ નિષેધ છે.

વર્તમાનમાં સ્કુલ–કોલેજમાં ભણતી કન્યઓમાં જાત–જાતની મલિનતાઓ ઘૂસી ગઈ હોય છે. જો નવા–અપરિપક્વ સાધ્વીજીઓ એમનો પરિચય કરે, એમની વાતો સાંભળે, ટી.વી., વીડીઓ કોલેજ–સ્કૂલ વગેરેના પ્રસંગો સાંભળે તો સાધ્વીજીઓના મન ચંચળ–ચલિત બને એ શક્ય છે. આવું કંઈક ન થાય એ માટે જ એમના પરિચયથી દૂર રહેવું.

એનો મતલબ એ નથી કે "તે જૈન યુવતીઓને ધર્મોપદેશાદિ પણ ન આપવા." જે ગુરુણીજનો–વડીલો હોય તેઓ જ એ આગંતુક યુવતીઓનો પરિચય કરે, એમને ધર્મ પમાડે, સન્માર્ગે વાળે, એ યુવતીઓમાં મલિનતાઓ નથી એ ખાતરી થાય, *"એમના સંપર્કથી નાના સાધ્વીજીઓને કોઈ નુકસાન નહિ થાય"* એવી ખાતરી થાય તો તો પછી એ યુવતીઓને પણ અભ્યાસાદિ માટે નાના સાધ્વીજી પાસે ગોઠવી શકાય.

**(૧૮) सज्झायमुक्कजोगा, धम्मकहाविगह ऐसण गिहीणं ।**
**गिहिनिस्सिज्जं बाहिंति, संथवं तह करंतीओ ।।**

**ગાથાર્થ :** જે સાધ્વીજીઓ સ્વાધ્યાય ન કરે, ષટ્કાયની યતના ન કરે, જે સાધ્વીજીઓ ગૃહસ્થોને ધર્મકથા કરવામાં જ લીન હોય, વિકથાદિ કરતા હોય, ગૃહસ્થનિષદ્યા ઉપર બેસતા હોય, ગૃહસ્થો સાથે પરિચય કરતા હોય, તે સાધ્વીજીઓ સાધ્વીજી જ નથી.

**ભાવાર્થ :** સંયમમાં સ્થિર બનવા, ઊંચે ચડવા માટે મન કાબુમાં હોવું જરૂરી છે. મનને કાબુમાં લેવા માટે સ્વાધ્યાય જેવું અજોડ ઔષધ બીજું કોઈ જ નથી. જેઓ સ્વાધ્યાય નથી કરતા, તેઓ ૨૪ કલાક કરશે શું ? વૈયાવચ્ચ કરવાનો સમય કેટલો? સ્વાધ્યાય વિના આંખ ઉઘડશે શી રીતે ? સ્વાધ્યાય વિના દોષો દેખાશે શી રીતે ? રે! વૈયાવચ્ચાદિ કેવી રીતે કરવી ? કયા ભાવથી કરવી ? વૈયાવચ્ચ પણ અમુક કારણોસર સંસારવર્ધક શી રીતે બને ? આ બધી જ ઝીણી ઝીણી બાબતોની સાચી સમજણ સ્વાધ્યાય વિના શી રીતે આવશે ? અને એવી સમજણ, એવા ભાવો, એવી વિવેકદ્રષ્ટિ વિના જ કરાતા વૈયાવચ્ચાદિ યોગો સફળ થશે શી રીતે ?

પ્રત્યેક શ્રમણી પાસે આખા દિવસમાં ઓછામાં ઓછો ૭ કલાકનો સ્વાધ્યાય હોવો જ જોઈએ. સવારે ગાથાઓ ગોખવી, પાત્રા પોરિસી બાદ અર્થચિંતન

કરવું–પાઠ લેવા. અને રાત્રે બધો કંઠસ્થ પાઠ કરવો... આ પ્રત્યેક શ્રમણીનું ઘરેણું છે. કરોડો રૂપિયાના ઘરેણાથી દેહ જેટલો શોભી ઉઠે, એના કરતા સ્વાધ્યાયલીનતા રૂપી ગુણથી આતમ અનંતગણો દીપી ઉઠે.

સ્વાધ્યાયલીનતા કરતા ય મહત્વનો ગુણ છે, ષટ્કાયયતના ! સંયમનું બીજું નામ છે, ષટ્કાયયતના ! દીક્ષા લેવા પાછળનો મુખ્ય આશય છે, ષટ્કાયયતના!

**ઉપદેશમાલામાં** કહ્યું છે કે ***"જે સંયમીઓ પાંચમહાવ્રત રૂપી કિલ્લાને ભાંગી નાંખે છે, તેઓનો અનંતસંસાર થાય."***

ષટ્કાયયતના એ સાધુજીવન છે. જેઓ એ નથી પાળતા, તેઓને વળી સાધુધર્મ હોય શી રીતે ?

ખ્યાલ રહે કે "આપણે ષટ્કાય વિરાધના કરવાની નથી." માત્ર એમ નહિ, પણ કરાવવાની પણ નથી, અનુમોદવાની પણ નથી. કટોકટિના પ્રસંગે વડીલો–ગીતાર્થોના માર્ગદર્શન પ્રમાણે કોઈક અપવાદ સેવવો પડે એ જુદી વાત ! બાકી ષટ્કાયને સ્વપ્રાણ સમજીને એની વિરાધનાથી બાર ગાઉ છેટા રહેવું જોઈએ.

આપણે જાતે કદી પણ કુહાડી વગેરેથી જમીન ખોદી પૃથ્વીની વિરાધના કરવાના નથી. પણ જેમાં ખાડાઓ ખોદાય એવા દેરાસર, ઉપાશ્રય, બંગલા, તીર્થભૂમિઓ, ભોજનશાળાઓ, ધર્મશાળાઓના પણ સાક્ષાત પ્રેરક બનીએ, સાવદ્યભાષાનો પ્રયોગ કરીએ તો એ પૃથ્વીકાયની હિંસા કરાવનારા બની ગયા, એનો વપરાશ કરી અનુમતિ આપનારા પણ બની ગયા.

આવું જ પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિ અને ત્રસ આ બધા જ પદાર્થો માટે સમજી લેવા જેવું છે.

એમાંય આજે પાણી તો આપણે આપણા માટે ઉકાળેલું જ લગભગ વાપરીએ છીએ. એ કદાચ અપવાદ ગણીએ તો પણ એ પાણીના ત્રણ ઉકાળા બાબતમાં પાકી કાળજી આપણે કરવી જોઈએ. સાચો સંયમી તો આ બાબતમાં બિલકુલ ગરબડ ન ચલાવે. એ ખોટી ઉતાવળ ન કરે. પાણીમાં ત્રણ ઉભરા આવવાના બાકી હોય તો સંયમી રાહ જુએ, માણસ આવું અધકચરું પાણી વહોરાવવા જાય, તો અટકાવે. ચાહનો ઉભરો આવે, એ રીતે પાણી ખદબદ થાય પછી જ પાણી વહોરે.

પાણી પીવા માટે કે કાપાદિ માટે પણ પાકું જ જોઈએ. ત્રણ ઉકાળાવાળું જ જોઈએ. *"પીવા માટે ત્રણ ઉકાળાવાળું અને કાપાદિ માટે અધકચરું ગરમ પાણી"*

આવું બિલકુલ ન માનવું.

આ તો એક વાત જણાવી. આવી રીતે ષટ્કાય સંબંધી બીજી પણ અનેક બાબતો જાતે જ વિચારી લેવી.

સામાન્યથી સાધ્વીજીઓ ભાઈઓ સામે વ્યાખ્યાન ન કરી શકે. પણ તે તે સમુદાયના વડીલજનોએ લાભાલાભનો વિચાર કરીને તે તે પ્રસંગોમાં પોતાના સાધ્વીજી ભગવતીઓને વ્યાખ્યાનની સંમતિ આપી છે. મુખ્યત્વે જ્યાં સાધુઓ ન હોય ત્યાં સાધ્વીજીઓ બહેનોને મુખની સામે બેસાડી, ભાઈઓને પાછળ કે બીજી બાજુ બેસાડીને વ્યાખ્યાન આપે છે. આ પ્રમાણે અત્યારે ઘણે ઠેકાણે જોવા મળે છે. તે તે ગચ્છના ગીતાર્થ વડીલજનોને લાભાલાભ જોઈને નિર્ણય કરવાની સત્તા શાસ્ત્રકાર ભગવંતોએ આપી છે.

છતાં સામાન્યથી નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

**(ક)** જ્યાં સાધુ ભગવંત હાજર હોય તે સંઘમાં તો સાધ્વીજીઓ ભાઈઓને વ્યાખ્યાન ન જ આપે એ વધુ ઉચિત છે.

**(ખ)** જ્યાં સાધુ હાજર ન હોય એ સંઘમાં સાધ્વીજીઓએ ભાઈઓની હાજરીમાં પણ વ્યાખ્યાન કરવા જ હોય તો પોતાના ગુરુણી અને પોતાના મુખ્ય આચાર્યશ્રીની સંમતિ તો મેળવવી જ જોઈએ. એમની સંમતિ વિના વ્યાખ્યાન ન કરાય.

**(ગ)** વ્યાખ્યાન આપવું જ પડે તો પણ એકલા ભાઈઓની સામે તો સાધ્વીજીઓએ વ્યાખ્યાન ન જ આપવું. આગળ બહેનો બેઠા હોય, બહેનોની પાછળ કે ડાબી–જમણી બાજુ ભાઈઓ બેઠા હોય એ રીતે વ્યાખ્યાન થાય તો યતનાનું પાલન કરેલું કહેવાય.

**(ઘ)** વ્યાખ્યાન નિમિત્તે પરિચયમાં આવેલા, ધર્મ પામેલા ભાઈઓ સાથે સાધ્વીજીઓએ વ્યક્તિગત પરિચય બિલકુલ ન કરવો. કારણસર ભાઈઓ સાથે વાત કરવી પડે, તો અન્ય શ્રાવિકાઓની હાજરીમાં જ વાત કરવી. પણ એકલા સાધ્વીજી અને સંસારી ગૃહસ્થ એમ બે જણ વાતચીત કરે એવું ન બનવું જોઈએ.

**(ચ)** કોઈક સાધ્વીજીઓના વડીલો એમને વ્યાખ્યાનની રજા આપે, કોઈક સાધ્વીજીઓના વડીલો એમને વ્યાખ્યાનની રજા ન આપે, તો સાધ્વીજીઓની ફરજ છે કે પોતપોતાના વડીલની આજ્ઞા પ્રમાણે જ પ્રવૃત્તિ કરવી. "પેલા સાધ્વીજીઓને

તો એમના વડીલોએ વ્યાખ્યાનની રજા આપી છે, તો આપણા વડીલો કેમ આપણને રજા નથી આપતા ?'' એમ વડીલો તરફ અરુચિ–અસદ્ભાવ ન કરાય.

એમ ''અમારા વડીલો તો સંયમમાં કટ્ટર છે, બિલકુલ છૂટ આપતા નથી. જ્યારે બીજા વડીલો તો શિથિલ છે, સાધ્વીજીઓને ભાઈઓ સામે વ્યાખ્યાન આપવાની છૂટ આપે છે.'' આ રીતે અન્ય વડીલોની નિંદા કરવી એ પણ ઉચિત નથી. એ વડીલો પણ જો સમજુ છે, ગીતાર્થ છે, અનુભવી છે, તો કંઈક વિચારીને જ સંમતિ આપતા હશે. એમના સાધ્વીજીઓની પાત્રતા વિશેષ હશે, એ સાધ્વીજીઓ એવા જ કોઈક ક્ષેત્રમાં વિચરતા હશે કે જ્યાં વ્યાખ્યાનની છૂટ આપવી જરૂરી બને. એવા તો ઘણા બધા પરિબળો છે. એટલે એ વડીલોએ એમના સાધ્વીજીઓને કોઈક બાબતની છૂટ આપી, એટલા માત્રથી તેઓ શિથિલ શી રીતે કહેવાય ?

''આપણા વડીલો જે કરે એ બધું સારું–સાચું અને બીજા વડીલો જે કરે એ બધું ખરાબ–ખોટું'' આ વસ્તુ કેટલી ઉચિત ?

આપણા વડીલો કોઈક બાબતમાં કડક બને, છૂટ ન આપે, તો એ એમની આચારકટ્ટરતા–સંવિગ્નતા ગણાય. અને બીજા વડીલો એવી જ કોઈક બાબતમાં કડક બને, છૂટ ન આપે, તો એ એમની જડતા–મૂર્ખતા–અગીતાર્થતા ગણાય. આ શું બરાબર છે ?

એમ આપણા વડીલો કોઈક બાબતમાં છૂટ આપે–ઢીલ મૂકે–કડકાઈ છોડે તો એ એમની ઉદારતા–ગીતાર્થતા–અનુવર્તકતા કહેવાય અને બીજાના વડીલો કોઈક બાબતમાં છૂટ મૂકે, ઢીલ કરે, કડકાઈ છોડે તો તેઓ શિથિલ, શિષ્ય પ્રત્યે અંધરાગવાળા, આજ્ઞાભંજક ગણાય એ શું બરાબર છે ?

હા ! આપણા કે બીજાના વડીલોની ભૂલ પણ થાય, તેઓ પણ છદ્મસ્થ છે. પણ એ ભૂલ દેખાડવાની જવાબદારી એ વડીલોની જ છે ને ? તેઓ જ પરસ્પર એકબીજાને એમની ભૂલ તરફ આંગળી ચીંધશે. બાકી અંદરોઅંદર નિંદા–ટીકા કરી વાતાવરણ દુષિત કરવું એ બિલકુલ ઉચિત નથી.

– સાધ્વીજીઓએ ગૃહસ્થોને કોઈપણ કામ સોંપવાના નથી. બને ત્યાં સુધી બધા કામ જાતે જ કરવાના.

– પુરુષ જ્યાં બેઠેલો હોય ત્યાં ૩ પ્રહર સુધી સાધ્વીજીઓએ બેસાય નહિ, એવી આચાર મર્યાદા છે.

સાધ્વીજીઓએ ગૃહસ્થો સાથે = પુરુષો સાથે બિલકુલ પરિચય કરવાનો નથી. પ્રાચીનકાળમાં તો સાધ્વીજીઓએ ક્યાં રોકાવું વગેરે બધી જવાબદારી સાધ્વીગણાચાર્ય સંભાળતા. એટલે સાધ્વીજીઓને ગૃહસ્થપરિચય કરવાની જરૂર ન રહેતી.

પણ આજે તો ચાતુર્માસાદિમાં પણ સાધ્વીજીઓની મહત્તા રહે છે. ગૃહસ્થો જ સાધ્વીજીઓને ચાતુર્માસાદિ માટે વિનંતિ કરવા જાય. ચોમાસાદિમાં કોઈપણ અનુષ્ઠાનો કરાવવાના હોય તો એની વ્યવસ્થાદિ માટે પણ સાધ્વીજીઓએ ગૃહસ્થો સાથે સંપર્ક–પરિચય કરવો પડે છે. આ બધામાં એટલી કાળજી રાખવી જરૂરી છે કે ગ્રૂપના જે પીઢ–ઉંમરલાયક સાધ્વીજી હોય એ જ આ બધા કાર્યોમાં ગૃહસ્થ સાથે પરિચયમાં આવે. બીજા કોઈપણ સાધ્વીજીઓ પરિચયમાં ન આવે.

માનો કે જે મુખ્ય સાધ્વી હોય તે યુવાન હોય, વૃદ્ધ પીઢ સાધ્વી નાના હોય. વ્યવસ્થા ગોઠવવાદિ બાબતમાં એમની બુદ્ધિ કામ જ ન કરતી હોય. એ બધા કાર્યો ગોઠવવા માટે મુખ્ય સાધ્વી જ સક્ષમ હોય, તો શું કરવું ?

આવી પરિસ્થિતિમાં પણ એ મુખ્ય સાધ્વીજીએ એકલા જ એ ગૃહસ્થો સાથે વાતચીતાદિ ન કરવા. પરંતુ સાથે એ વૃદ્ધા–પીઢ સાધ્વીજીને બેસાડવા. ભલે બધી વાત પોતે કરે, પરંતુ વૃદ્ધા સાધ્વીજીની ત્યાં હાજરી અવશ્ય રાખવી.

વૃંદમાં વૃદ્ધા સાધ્વીજી ન હોય તો છેવટે બીજા એકાદ સાધ્વીજી કે શ્રાવિકાઓને હાજર રાખી પછી જ ગૃહસ્થો સાથે વાત કરવી.

આવી યતના સચવાશે, તો જ દ્રવ્ય–ભાવ સંયમની રક્ષા શક્ય બનશે.

**(१९) समा सीसपडिच्छीणं, चोअणासु अणालसा ।**
**गणिणी गुणसंपन्ना, पसत्थपुरुसाणुगा ।।**

**ગાથાર્થ :** સાધ્વીગણના પ્રવર્તિની = ગુરુણી = મુખ્ય સાધ્વીજી શિષ્યાઓ અને નિશ્રાવતીઓને વિશે સમાન હોય, પ્રેરણા કરવામાં આળસુ ન હોય, પ્રશસ્ત પુરુષને અનુસરનારા હોય, જ્ઞાનાદિગુણસંપન્ન હોય.

**ભાવાર્થ :** સાધ્વીજીઓના પ્રવર્તિની–ગુરુણી કેવા હોય ? એ વાત શ્લોકમાં દર્શાવી છે. આજે જે સાધ્વીજીની ઘણી શિષ્યા હોય, જે સાધ્વીજી શક્તિસંપન્ન હોય,, ગ્રૂપનું કે ગ્રૂપના એક અંશનું સંચાલન કરતા હોય, તે સાધ્વીજી માટે પણ આ ગુણવત્તા આવશ્યક છે.

**(ક) શિષ્યા-નિશ્રાવર્તીઓ પ્રત્યે સમાનભાવ :** અતિ કપરો છે આ ગુણ! પોતાની શિષ્યાઓ પ્રત્યે જેટલી લાગણી હોય એટલી જ લાગણી પોતાની નિશ્રામાં આવેલા અન્ય સાધ્વીજીઓ પ્રત્યે પણ રાખવી એ કંઈ સહેલું કામ નથી.

બીજા સાધ્વીજીઓ ભણવા માટે કે બીજા કોઈક કારણોસર આ પ્રવર્તિની પાસે આવ્યા હોય, ૧-૨-૩ વર્ષ રોકાવાના હોય. હવે આ ગુરુણીની પોતાની ૨-૫-૧૦ શિષ્યાઓ છે, અને સાથે આ ૨-૫ સાધ્વીજીઓ નિશ્રાવર્તી બન્યા. ગુરુણીની જવાબદારી વધી. હવે ગોચરી માંડલીમાં સારી વસ્તુઓ આવે પણ એનું પ્રમાણ ઓછું હોય તો ગુરુણી શું કરે ? શિષ્યાઓને વપરાવે ? કે નિશ્રાવર્તી સાધ્વીજીઓને વપરાવે ? *"શિષ્યાઓ કાયમ સાથે રહેવાના છે. આ બધા તો બે વર્ષ બાદ જતા રહેવાના છે. માટે મારે તો શિષ્યાઓને જ ખુશ રાખવી."* એવો વિચાર અને પ્રવૃત્તિ ગુરુણી કરે તો એ ચાલે ખરું ?

એ ગુરુણી માંડલીના ગોચરી-પાણી લાવવાદિ કાર્યો શિષ્યાઓને ઓછા સોંપે અને એ બીજા નિશ્રાવર્તીઓ પર વધારે નાંખી દે તો ? શિષ્યાઓને આરામ કરવા દે, નિશ્રાવર્તીઓને કામ કરવા દે તો ?

એ ગુરુણી શિષ્યાઓના નાના નાના ગુણોની ખૂબ પ્રશંસા કરે, એના વિકાસને ખૂબ વખાણે, પણ નિશ્રાવર્તીઓના ગુણોને, વિકાસને નજરમાં પણ ન લે. ઉલટું ગુરુણીને એમાં ઈર્ષ્યા આવે તો ? *"મારી શિષ્યાઓ કરતા આ પારકાઓ આગળ વધી ગયા. મારી શિષ્યાઓ અભણ છે. આ બધા સાધ્વીજી હોશિયાર છે. મારી શિષ્યાઓ આળસુ છે, આ સાધ્વીજીઓ પુરુષાર્થી છે. મારી શિષ્યાઓ બેસણું-નવકારશી કરે છે, આ સાધ્વીજીઓ તપસ્વિની છે. મારી શિષ્યાઓ પુણ્યહીન છે, આ સાધ્વીજીઓ પુણ્યશાળી-સમર્થ છે."* આવા વિચારોના કારણે ગુરુણીને ખેદ થાય તો?

અચાનક કોઈ કામ આવી પડે અને બે ચાર સાધ્વીજીઓને ૫૦-૧૦૦ કિ. મી. નો વિહાર કરાવી કયાંક મોકલવા પડે એમ હોય, ત્યારે એ ગુરુણી કોને મોકલે? પોતાની શિષ્યાઓને ન મોકલે અને નિશ્રાવર્તી બનેલા સાધ્વીજીઓને દોડાવે તો ?

આ પક્ષપાતભાવ-શિષ્યામમત્વભાવ આખા ગ્રૂપમાં સંકલેશની આગ સળગાવી દે તો નવાઈ નહિ. નિશ્રાવર્તીઓ સદ્ભાવ ગુમાવી બેસે, અનેક નુકસાનો

થાય.

રે ! કયારેક તો એવું બને કે ગુરુણીને પોતાની શિષ્યાઓમાં ય ભેદભાવ ઊભો થાય. સેવા કરનારી શિષ્યાઓ ગમે, સેવામાં ઢીલાશવાળી શિષ્યાઓ ન ગમે, પોતાના કાર્યોમાં ખૂબ સહાય કરનારી શિષ્યાઓની બધી વાત એ ગુરુણી માને અને એમાં ગુરુણીની સેવા ન કરી શકનારી શિષ્યાઓને અન્યાય થાય. જો ગ્રુપના સાધ્વીજીઓના મનમાં આવો વિચાર આવે કે *"આપણા ગુરુણી પક્ષપાતી છે. એ અમુક શિષ્યાના કહ્યા પ્રમાણે જ કરે છે. એ એમના પ્રત્યે રાગવાળા છે."* તો આ વિચારરૂપી ઝેરી બીજ ભવિષ્યમાં ગ્રુપમાં સંક્લેશો–ભાગલાઓ રૂપી ઝેરી ફળો આપ્યા વિના નહિ રહે.

એટલે ગુરુણી તો શિષ્યાઓ+નિશ્રાવર્તીઓ બંને પ્રત્યે એક સરખી લાગણી રાખે, મનમાં પણ ભેદભાવ ન રાખે, પક્ષપાત ન કરે. શિષ્યાઓમાં પણ બધી શિષ્યાઓને એક સરખી રીતે સાચવે. ઉલટું જેમ માતા પોતાના અનેક સંતાનોમાં નબળા સંતાનોની કાળજી વિશેષથી કરે. એ સમજે કે *"સક્ષમ સંતાનો તો બધી રીતે સુખી થશે. પણ આ નબળાઓનું શું ?"* એમ ગુરુણી પણ ગ્રુપમાં નબળી શિષ્યાઓની વિશેષથી કાળજી કરે.

જે ભણી ન શકતા હોય, તપસ્વી પણ ન હોય, વૈયાવચ્ચી પણ ન હોય એવા શિષ્યાઓને મનમાં દીનભાવ આવવાની શકયતા વધારે ! લોકોમાં તો સ્વાધ્યાયી–તપસ્વી–વૈયાવચ્ચીની જ બોલબોલા હોય. એમના ગુણ ગવાય. એમની વાહ–વાહ થાય, એમા આ સાધ્વીજીઓ મુંઝાય–મુરઝાય ! પુણ્ય ઓછું હોય એટલે આગળ વધી ન શકે. ?

એ માનવા લાગે કે *"ગુરુણી આપણા પ્રત્યે લાગણીશીલ ન જ હોય. કેમકે આપણે એમની સેવા કરતા નથી, કરી શકતા નથી. ભણી શકતા નથી, તપ કરતા નથી."*

આ એકલવાયાપણું ધીરે–ધીરે એમના મનને ઉદાસીન–દુ:ખી–ઉદ્વેગી બનાવી દે. આ રુક્ષતા એમને ખૂબ આકરી થઈ પડે. ઘણીવાર ઊના ઊના આંસું સારી દુ:ખ હળવું કરવાનો પ્રયત્ન કરે પણ અફસોસ ! એમ શી રીતે દુ:ખ હળવું થાય ?

અધૂરામાં પુરું જો ગુરુણી આ બાબતમાં સજાગ ન હોય, તો એમના મનમાં એ શિષ્યાઓ પ્રત્યે અસદ્ભાવ પ્રગટે *"આ શિષ્યાઓ સ્વાધ્યાય પણ નથી કરતા, તપ*

*પણ નથી કરતા, વૈયાવચ્ચ પણ નથી કરતા. આ કેમ ચાલે ?"* અને એ અસદ્ભાવ કોઈક પ્રસંગે પ્રગટ પણ થઈ જાય.

એ શિષ્યા બપોરે ઊંઘતી હોય અને ગુરુણીને ગુસ્સો ચડે. કદાચ જાતે ઉઠાડે અથવા તો એ શિષ્યા ઉઠી ગયા બાદ એને ઠપકો આપે કે "આ શું ઉંઘ્યા કરો છો ? બસ, ખાઈ–પીને પડ્યા જ રહેવું. ? આના કરતા સંસારમાં જ રહી હોત તો શું ખોટું હતું " ખાનગીમાં કે જાહેરમાં અપાયેલો આ ઠપકો પેલા એકલવાયાપણાના ઘા ઉપર મીઠું ભભરાવવાનું કામ કરે. એ દુઃખ–આઘાત બેવડાઈ જાય.

કયારેક વળી એ શિષ્યા બેસણું કરે કે ત્રણ ટાઈમ વાપરે કે ઈચ્છા થવાથી મિઠાઈ વગેરે વાપરે. અને ગુરુણી ઠપકો આપે "અરે રે ! તમને ખાવામાં જ રસ છે? શરમ નથી આવતી ? આ બીજા સાધ્વીજીઓ આંબિલની ઓળીઓ કરે, મોટા તપ કરે, છતાં તમને ભાન નથી આવતું ? ખાઉધરા છો તમે !" ઉત્તમકુળમાંથી આવેલા એ શિષ્યા માટે આ શબ્દો સહન કરવા કેટલા અઘરા પડે એ તો જાત અનુભવથી જ ખબર પડે. ગોચરી વાપરતા વાપરતા ઊના ઊના આંસુ પણ એ ગોચરી સાથે ભેળવતા જાય.

એ શિષ્યા ગુરુણીની ઉપધિ ન ઉંચકી શકે, ગુરુણીના કાપાદિમાં સહાય ન કરે, ગુરુણીના પ્રતિલેખનાદિ કાર્યોમાં વિશિષ્ટ સહાયક ન બને... આ બધું ગુરુણી નોંધે અને કોઈક અવસરે એનો ઠપકો આપે કે "તું સ્વાર્થી છે. તને તારા ગુરુણી પ્રત્યે બહુમાન નથી. તારા ઉપર અનંત ઉપકાર કરનાર આ ગુરુણીની વૈયાવચ્ચ પણ તું કરતી નથી."

ઓ ભગવાન !

એક બાજુ એ શિષ્યા અસ્વાધ્યાયી–અતપસ્વી–અવૈયાવચ્ચી હોવાથી સ્વયં ખિન્ન છે, દુઃખી છે, બીજી બાજુ ગુરુણી અવસરે અવસરે એ દોષોને યાદ કરાવી ઠપકો આપી વધુ ખિન્ન બનાવે છે, ત્રીજી બાજુ સહવર્તી સંયમીઓ પરસ્પર એ શિષ્યાના તે તે દોષો અંગે નિંદા–ટીકા કરી એ શિષ્યાને અતિ વધુ ખિન્ન બનાવે છે, તો ચોથી બાજુ ગ્રુપના સ્વાધ્યાયી–તપસ્વી–વૈયાવચ્ચી શિષ્યાઓની થતી ચિક્કાર પ્રશંસા–અનુમોદના આ શિષ્યાને અતિ–અતિ વધુ ખિન્ન બનાવે.

આવી ભયંકર દશામાં એ શિષ્યાને સંયમરાગ ટકે શી રીતે ? એ શિષ્યાને ઘરે જવાના વિચારો પણ આવી જાય એ શક્ય નથી શું ? કદાચ કો'ક ગોઝારીપળે

કોઈક ખોટા પગલા ભરી બેસે એ શક્ય નથી શું ? કદાચ એના કારણે અનંતસંસારી બની જાય એ શક્ય નથી શું ?

હાય ! ગુરુણીની અપરિપક્વતા–અપીઢતા–પક્ષપાતીવલણ કેવા કેવા નુકસાનો સર્જી દે એનો સ્પષ્ટ ચિતાર આના ઉપરથી ઉપસ્થિત થાય છે.

આનો મતલબ એ નથી કે "ગુરુણીએ શિષ્યાઓને કશું જ ન કહેવું. એમના દોષો પંપાળ્યા કરવા." પણ આનો ભાવાર્થ એ છે કે ગુરુણીએ શિષ્યાના દોષ જોઈ એમના પ્રત્યે તિરસ્કાર–ધિક્કારભાવવાળા ન બનવું જોઈએ.

ક્ષયોપશમ ઓછો હોવાથી કે રસ ઓછો હોવાથી શિષ્યા સ્વાધ્યાય ન કરે એ બને, શરીર નબળું હોવાથી–ખાવાની આસક્તિ હોવાથી શિષ્યા તપ ન કરે... બેસણા–નવકારશી કરે એ પણ બને, આવડત–ઉત્સાહ–હોંશિયારી ન હોવાથી શિષ્યા વૈયાવચ્ચમાં આગળ ન ધપે એ પણ બને. પણ શું આટલા માત્રથી એની સાધુતા ખતમ જ થઈ જાય ? શું આ કોઈ મૂલવ્રતોનો ઘાત કરવા જેવું મોટું પાપ છે? શું એટલા માત્રથી એ શિષ્યા સદા ધિક્કારપાત્ર, તિરસ્કારપાત્ર, ઠપકાપાત્ર જ બની રહે છે ?

એ નક્કી માનજો કે મનના દ્વેષભાવ સાથે અપાયેલો ઠપકો પ્રાયઃ કદી સીધો નહિ પડે, એ તો અહિતોની હારમાળા જ સર્જી દેશે.

એ વખતે તો ગુરુણીએ સગી માતા બની એ નબળી પડેલી શિષ્યા પ્રત્યે વધુ લાગણીસભર વર્તન કરવું જોઈએ. તપ–સ્વાધ્યાય–વૈયાવચ્ચ ન કરી શકવાના કારણે અને બીજા બધાને એ બધું કરતા જોવાના કારણે દીન બનેલી એ શિષ્યાને ગુરુણીએ ભરપૂર આશ્વાસન આપવું જોઈએ. "જો... બધાની શક્તિ સરખી ન હોય. બધાનો ઉલ્લાસ ક્ષયોપશમ પણ સરખો ન હોય. તારી પાસે તપાદિ નથી, એટલે દુઃખી ન થઈશ. તું પાંચ મહાવ્રત તો પાળે જ છે ને ? તારામાં કોઈ એવા મોટા અવગુણો છે જ નહિ. પછી દુઃખી શીદને થાય ?"

અપાર વાત્સલ્ય સાથે, માથે હેતનો હાથ ફેરવતા કહેવાયેલા આ શબ્દો એ દીનતાને માટે તો કાળ બની રહેશે. દુઃખના આંસુ હર્ષના આંસુ રૂપ બની રહેશે. એ શિષ્યાનો ઉલ્લાસ આસમાનને આંબશે. એ ગુરુણી આજે એના સાચા ગુરુણી બની રહેશે.

*"હું તપસ્વી છું, હું સ્વાધ્યાયી છું, હું વૈયાવચ્ચી છું."* આ બધા વિચારોથી

ઊભો થતો અહંકાર ભાવ જેમ એક ભયંકર દોષ છે. એમ *"હું તપસ્વી–સ્વાધ્યાયી–વૈયાવચ્ચી કંઈ જ નથી. બીજા બધા જ મારાથી આગળ છે. મારું કંઈ જ અસ્તિત્વ નથી."* આ વિચારોથી ઉત્પન્ન થયેલી લઘુતાગ્રંથિ–દીનતા પણ સંયમઘાતક અતિભયંકર દોષ છે, એ બિલકુલ ન વિસરશો. અને શિષ્યામાં ઉત્પન્ન થયેલી આ લઘુતાગ્રન્થિને કાઢવાની સૌથી વધુ ફરજ તો ગુરુણીની જ છે.

આમ ગુરુણી જ્યારે નિશ્રાવર્તીઓ કરતા સ્વશિષ્યાઓ પ્રત્યે વધારે પક્ષપાતી બને કે સ્વશિષ્યાઓમાં પણ વૈયાવચ્ચી–સ્વાધ્યાયી–તપસ્વી પ્રત્યે વધારે પક્ષપાતવાળા બને ત્યારે કેવી કેવી હોનારત સર્જાય એ જોયું.

ક્યારેક વળી સાવ ઉંધુ જ બને છે.

કોઈ પરગચ્છના સાધ્વીજીઓ કે સ્વગચ્છના પણ પરગ્રુપના સાધ્વીજીઓ અભ્યાસાદિ કારણોસર સાથે રહેવા આવે અને ગુરુણી એ મહેમાન સાધ્વીજીઓને વધુ મહત્વ આપે. એમનામાં પોતાના માટેની સારી છાપ પડે એ માટે એમને ખૂબ સારી રીતે સાચવે. સારી સારી ગોચરી શિષ્યાઓ વહોરી લાવે અને ગુરુણી નિશ્રાવર્તી સાધ્વીજીઓને આગ્રહ કરી કરીને વપરાવે.

– શિષ્યાઓ જુએ કે "ગોચરી–પાણી વગેરેની સખત મહેનત અમારી, છતાં ગુરુણી અમને તો કંઈ સારી વસ્તુ વપરાવતા જ નથી. અમને પૂછતા પણ નથી. અમારી સામે જોતા નથી અને આ બહારના સાધ્વીજીઓને ફૂલની જેમ સાચવે છે. વાહ ! આ પણ કમાલ છે ને !"

– શિષ્યાઓ જુએ કે "ગુરુણી આપણી સાથે વાતચીત કરતા નથી, આપણે કંઈપણ પૂછવા જઈએ ત્યારે મોઢું બગાડે છે, ગુસ્સે થઈ જાય છે, અદ્ધરતાલ જવાબ આપે છે, અને પેલા બહારના સાધ્વીજીઓને સામેથી બોલાવે, કલાક–બે–કલાક રોજ બેસે, હસી–હસીને વાતો કરે."

– શિષ્યાઓ જુએ કે "અમે ગમે એટલી સેવા કરીએ તો પણ અમારી કોઈ કિંમત જ નહિ. જરાક ભૂલ થાય અને ખખડાવી નાંખે, જ્યારે આ બહારના સાધ્વીજીઓ માત્ર પ્રતિલેખનાદિ કરે કે આસન પાથરે એમાં તો એમના વૈયાવચ્ચના વખાણ થાય. અમને શિખામણ+ઠપકો અપાય કે આવી વૈયાવચ્ચ કરતા શીખો."

આ બધી બાબતો એવી છે કે જેમાં શિષ્યાઓ ગુરુણી પ્રત્યેનો સદ્ભાવ ગુમાવી બેસે, ઉલ્લાસ ખૂટાડી બેસે.

પેલા બહારના સાધ્વીજીઓ તો સ્વાર્થ પૂર્ણ થાય, એટલે એક–બે વર્ષે પાછા પોતાના ગ્રૂપમાં જતા રહે અને શિષ્યાઓ હવે ઉપેક્ષાવાળા બને.

ગુરુણી બંને રીતે દુ:ખી થાય. શિષ્યાઓ સાથેનો મનમેળ તૂટ્યો અને જેની સાથે બાંધેલો એ બહારના સાધ્વીજીઓનો સંપર્ક તૂટ્યો.

આ બધું જ વિચારીને ગુરુણીએ, મુખ્ય સાધ્વીજીએ ખૂબ જ સાવધ બનવાની જરૂર છે. શિષ્યા હોય કે નિશ્રાવર્તી હોય, નૂતનદીક્ષિત હોય કે દીર્ઘપર્યાયી, સાવ અભણ હોય કે જોરદાર બુદ્ધિમતી શાસ્ત્રબોધવતી હોય, આખા ગચ્છ પાસેથી વૈયાવચ્ચ લેનાર હોય કે ગચ્છની વૈયાવચ્ચ કરનાર હોય, ત્રણ વાર વાપરનાર હોય કે છટ્ઠના પારણે છટ્ઠ કરનાર ઘોર તપસ્વિની હોય, કશું બોલતા ન આવડે એવી શિષ્યા હોય કે બે પાંચ હજાર માણસોને ધનધનાટ વ્યાખ્યાન આપવાની પ્રતિભાવાળી શિષ્યા હોય.....

પોતાની બે આંખો પ્રત્યે, બે હાથ પ્રત્યે ગુરુણીને જેમ એક સરખો ભાવ છે. બેમાંથી એક પર વધુ રાગ.... એવું નથી. એવી જ લાગણી, એવો જ સમભાવ ગુરુણીને તમામે તમામ શિષ્યાઓ પ્રત્યે હોવો જોઈએ !

શિષ્યાઓ તો નવા છે, અજાણ છે, અપરિપક્વ છે. વાતે વાતે ભૂલ કરનારા બને. ગુરુણીની ફરજ છે કે તમામ શિષ્યાઓને સતત પ્રેરણા કરતા રહેવું. ક્રોધ વિના મન સ્વસ્થ રાખીને ચકોર દ્રષ્ટિથી બધું નિહાળીને જ્યાં જ્યારે જેટલું જેને કહેવા જેવું લાગે ત્યાં ત્યારે તેટલું તેને કહેવામાં ગુરુણી પાવરધા હોય.

ગુરુણી શ્રાવક–શ્રાવિકાઓના પરિચયમાં જ ખૂપેલા રહે કે ઊંઘમાં રહે કે આખો દિવસ જપમાં જ લીન રહે તો એ બધું શિષ્યાઓ માટે તો નુકસાનકારી જ બની રહે. જપ–સ્વાધ્યાય કરતા ગુરુણી માટે મુખ્ય સાધના છે ગચ્છની કાળજી ! ગુરુણીપદ જ એના માટે છે. હા ! એ કાળજી કરવાપૂર્વક જપ–સ્વાધ્યાયાદિ કરવામાં તો કોઈ જ વાંધો નથી.

પણ આ કાર્ય સહેલું નથી. સાવ જ પ્રેરણા ન કરવી એ જેમ ખોટું, એમ ઘણી પ્રેરણા કરવી એ પણ ખોટું. કશું જ ન કહેવાના કારણે જેમ શિષ્યાઓ સ્વચ્છંદ બને, એમ વારંવાર ટોક ટોક કરવાના કારણે પણ શિષ્યાઓ ધિટ્ઠ બનીને, નિષ્ઠુર બનીને, નિર્લજ્જ બનીને જેમ તેમ વર્તન કરનારા બને.

એટલે જ લોઢું તપે ત્યારે ઘા મારવાની કુશળતા ગુરુણી પાસે હોવી જ

જોઈએ.

ગુર્વાદિની પ્રેરણા વિના સ્વયં આત્મવિકાસ સાધનારા જીવો તો પ્રત્યેકબુદ્ધ જેવા કોઈ વિરલા જ હોય. યાદ રાખવું કે સિદ્ધોના ભેદમાં પણ સ્વયંબુદ્ધો અને પ્રત્યેકબુદ્ધો બતાવ્યા છે ખરા, પણ એના કરતા બુદ્ધબોધિતો ઘણા ઘણા વધારે છે. એ જ દેખાડે છે કે જીવો ગુરુના બોધથી–પ્રેરણાથી જ જલ્દી આત્મવિકાસ સાધી શકે છે.

**(ગ) પ્રશસ્તપુરુષાનુસારિણી :** એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે મોટા ભાગે તમામ સાધ્વીજીઓનો વધુમાં વધુ સંપર્ક, પરિચય મહત્તરા–મુખ્ય સાધ્વીજી સાથે જ રહેતો. સાધુઓ સાથે કે ખુદ સાધ્વીગણાચાર્ય સાથે પણ સાધ્વીજીઓને કોઈપણ પરિચય વગેરે નહિ. હા ! વિશેષ આલોચનાદિ કેટલાક કારણોસર સાધ્વીજીઓ આચાર્યશ્રીના સંપર્કમાં આવતા, પણ એ એટલા કાર્ય પૂરતા જ, એ પરિચય લંબાતો નહિ જ. વૃદ્ધ આચાર્ય પણ એકલા વૃદ્ધ સાધ્વીજી સાથે પણ આલોચનાદિ કાર્ય માટે વાતચીત નથી કરી શકતા એ આપણે પૂર્વે જ જોઈ ગયા છીએ.

માત્ર મુખ્ય સાધ્વીજી જ આચાર્યશ્રી સાથે સંપર્કમાં રહે. આચાર્યશ્રીએ સાધ્વીજીઓને કંઈપણ જણાવવાનું હોય તો મુખ્ય સાધ્વીજી દ્વારા જણાવે. સાધ્વીજીઓ માટેની જ કોઈક વિશિષ્ટ બાબતો હોય તો આચાર્યશ્રી મહત્તરાને કહે, એ બાકીના સાધ્વીજીઓને કહે.

સાધ્વીજીઓને બધી જ ઉપધિ આચાર્યશ્રીએ જ આપવાની છે. સાધ્વીજીઓએ સ્વયં ઉપધિ વહોરવાની નથી. એટલે આચાર્ય સાધ્વીજીઓની ઉપધિ લઈ શાસ્ત્રવિધિ પ્રમાણે એની પરીક્ષા કરીને મહત્તરાને આપે. એ પછી મહત્તરા જ તમામ સાધ્વીજીઓને એ ઉપધિ પહોંચાડે.

શ્રી **બૃહત્કલ્પ**સૂત્રમાં ઘણીવાર આવો પદાર્થ આવ્યો છે કે "આ પદાર્થ આચાર્યે મહત્તરાને કહેવો, જો ન કહે તો પ્રાયશ્ચિત્ત આવે. મહત્તરાએ એ પદાર્થ સાધ્વીજીઓને કહેવો. જો ન કહે તો મહત્તરાને પ્રાયશ્ચિત્ત આવે." આ પદાર્થ સૂચન કરે છે કે આચાર્યશ્રી સાધ્વીજી સંબંધી બાબતો પણ માત્ર મહત્તરાને જ કહેતા, અન્ય સાધ્વીજીઓને નહિ.

આનાથી સાધ્વીજીઓના સંયમજીવનની સુરક્ષા ઘણી રહે. સાધુઓ સાથે કોઈપણ પ્રકારનો પરિચય જ ન થાય એટલે માનસિક નિર્મળતા અકબંધ રહે.

આમ બધા સાધ્વીજીઓ મહત્તરાને અનુસરે અને મહત્તરા ગુરુણી એ આચાર્યને અનુસરે એ શાસ્ત્રીયપદ્ધતિ થઈ.

આ પદ્ધતિને લક્ષ્યમાં રાખીને ગુરુણી માટે આ વિશેષણ વપરાયું છે કે <u>**પ્રશસ્તપુરુષાનુસારિણી !**</u>

આના બે અર્થ થાય છે કે (૧) ગુરુણી અપ્રશસ્તપુરુષને અનુસરનારા ન હોવા જોઈએ અને (૨) ગુરુણી સ્વચ્છંદી બને, કોઈપણ સારા આચાર્યને પણ નહિ અનુસરનારા થાય એવું ન હોવું જોઈએ.

જો ગુરુણી કોઈ અગીતાર્થ–અપરિપક્વ–અસંવિગ્ન સાધુને અનુસરે તો એ સાધુ તો ગમે તેવા નિર્ણયો લે, એનાથી સાધ્વીગણને ઘણું નુકસાન થાય. ગુરુણી પણ એમના નિર્ણયોને માન્ય રાખે, પ્રતીકાર ન કરે, બળજબરીથી સાધ્વીગણ પાસે એનો અમલ કરાવે... આ બધા મોટા અનર્થો થાય.

એ સાધુ–આચાર્ય અસંવિગ્ન હોય તો પણ ભારે ઉપાધિ થાય. એ એક કે બીજા બહાને સાધ્વીજીઓનો પરિચય કરવા, પરિચય વધારવા પ્રયત્ન કરે. વાડ જ ચીભડાં ગળવાનું કામ કરવા લાગે, રક્ષક ભક્ષક બને. મહત્તરા જ એમાં નિમિત્ત બને.

એ આચાર્ય તો કહી દે કે "બધા સાધ્વીજીઓએ સવારે વહેલા વંદન કરવા આવવું, સાંજે પણ આવવું. બધાએ મને એકાંતમાં જ આલોચના આપવી, મારે બધાની શુદ્ધિ કરવી છે. અમારા ગોચરી–પાણી સાધ્વીઓએ લાવવા, અમારો કાપ સાધ્વીઓએ કાઢવો. અમારી ગોચરી વધે તો સાધ્વીઓએ ખપાવવી, કાયમ માટે અમારી સાથે જ વિહાર કરવો, શેષકાળમાં કે ચોમાસામાં અમારી સાથે રહેવું." આ બધા આદેશો થાય અને એ આચાર્યાનુસારી મહત્તરા આ બધી વાતનો અમલ કરાવે, સાધ્વીગણને પારાવાર નુકસાન થાય.

અસંવિગ્નની માફક જ અગીતાર્થ આચાર્યાદિને અનુસારનારા મહત્તરા પણ જોખમકારી છે. એ અગીતાર્થ આચાર્ય શાસ્ત્ર જાણે નહિ એટલે સારા ભાવથી પણ ખોટા નિર્ણયો લઈ લે. "સાધ્વીજીઓને વ્યાખ્યાનાદિ દ્વારા વિકાસ પામવાની તક મળે એ માટે બે–બે સાધ્વીજીના ગ્રુપ બનાવીને ચારેબાજુ વિહાર કરાવી દો... ગમે એટલા દૂર જવું પડે તો પણ બહાર જ સ્થંડિલ જવું, વાડામાં તો ન જ જવું..... સાધ્વીજીઓ સંઘાટકગોચરી જાય એમાં એમનો સ્વાધ્યાય બગડે છે, એટલે બધાએ એકલા–એકલા ગોચરી જવું." આવા બધા નિર્ણયો શ્રમણીગણમાં ભયાનક દૂષણો

ઊભા કરી દે.

એટલે જ ગુરુણી કદીપણ વ્યક્તિરાગી ન હોય *"અમુક આચાર્ય જે કહે એ પ્રમાણે મારે કરવું જ"* એમ માત્ર વ્યક્તિરાગથી એ કોઈક આચાર્યને ન અનુસરે, પરંતુ મહત્તરા તો સૂક્ષ્મબુદ્ધિથી ચકાસણી કરે કે *"કયા આચાર્ય-સાધુ ગીતાર્થ મહાસંવિગ્ન છે ?"* એ તપાસ્યા બાદ જે ગીતાર્થ-સંવિગ્ન મહાત્મા મળે, એમને જ સદાને માટે અનુસરે.

જો મહત્તરા સારા આચાર્યને પણ ન અનુસરે, અને પોતાની મેળે જ બધા નિર્ણયો કરી સાધ્વીગણનું સંચાલન કરે, તો પણ ખોટું ! ગુરુણીએ એ ન ભૂલવું જોઈએ કે એ કદાચ ઘણું ભણેલા હોય તો પણ સ્ત્રીજાતિ છે. સ્ત્રીસુલભ અમુક દોષોની સંભાવના રહે જ છે. વળી વિશિષ્ટ ગ્રન્થોનો અભ્યાસ તો એમણે પણ કરેલો હોતો નથી કે જે ગીતાર્થો પાસે હોય છે. પેલા **ભરુચ**માં અનેક રૂપવતી સાધ્વીજીઓનું અપહરણ થયું અને એ લુચ્ચો વેપારી એ સાધ્વીજીઓને પરદેશમાં વેંચી આવ્યો... આ પ્રસંગ બન્યો. પણ જો ત્યારે ગુરુણીએ ગીતાર્થ આચાર્યશ્રીની સલાહ લીધી હોત તો આ પ્રસંગ ન બનત. ગીતાર્થ આચાર્ય એ સાધ્વીજીઓને દરિયાકિનારે વસ્ત્રો લેવા જ ન જવા દેત.

**(ઘ) ગુણસંપન્નતા :** ગુરુણી પાસે જ્ઞાન દર્શન ચારિત્ર આ ત્રણ ગુણ હોવા જોઈએ. ઘણું જ્ઞાન હોય તો શિષ્યાઓને ઘણું ભણાવી શકે, એમની રક્ષા કરી શકે, એમને સંયમી બનાવી શકે. એમ ગુરુણીને શાસ્ત્રના પ્રત્યેક પદાર્થોમાં અગાધ શ્રદ્ધા હોવી જોઈએ. તો જ એ ગુરુણી તે દરેક પદાર્થ ઉપર વ્યવસ્થિત ભાર આપી શકશે. તથા ગુરુણી સ્વયં આચારપાલક હોવા જરૂરી છે.

**(२०) संविग्गा भीयपरिसा य, उग्गदंडा य कारणे ।**
**सज्झायज्झाणजुत्ता य, संगहे अ विसारया ।।**

**ગાથાર્થ:** ગુરુણી સંવિગ્ન, ભીતપરિષદ, કારણ આવે ત્યારે ઉગ્રદંડ કરનારા, સ્વાધ્યાય અને ધ્યાનવાળા તથા સંગ્રહમાં વિશારદ હોવા જોઈએ.

**ભાવાર્થ:**

**(ચ) સંવિગ્ના :** દુઃખીઓને જોઈને કરુણા, ગુણીઓને જોઈને અપાર આનંદ, પ્રત્યેક જીવના હિતની જ વિચારણા, મહાભયંકર પાપીઓ પ્રત્યે દ્વેષ-ક્રોધ નહિ, પણ માધ્યસ્થભાવ.... આ બધા ગુણરત્નોથી ગુરુણીનો આતમદેહ ચકમકતો

હોવો જોઈએ. આવા ગુરુણીના વચનો શિષ્યાઓને જોરદાર અસર કરશે.

**(છ) ભીતપરિષદ :** ગુરુણી ક્રોધ ન કરે, તો પણ એમનું અસ્તિત્વ પરાઘાતનામ કર્મ જ એવું હોય કે શિષ્યાઓ કંઈપણ આડું અવળું કરતા ગભરાય. રે ! ગુરુણી નજર સામે ન હોય તો પણ *"જો ગુરુણીને ખબર પડશે તો ?"* એ વિચાર જ શિષ્યાઓને કંઈપણ ઉંધુ ચત્તું કરતા અટકાવે.

**રઘુવંશ** કાવ્યમાં રાજા માટે ઉપમા આપી છે કે ***''यादोरत्नैरिवार्णवः ।''*** જેમ સમુદ્રમાં મગર વગેરે હિંસક જલચર જીવો હોવાથી લોકો એનાથી ડરે અને સમુદ્રમાં ઉત્તમ રત્નો પડેલા હોવાથી લોકો એની પાસે જવા ઈચ્છે પણ ખરા.

એમ રાજા પણ દોષવાનને શિક્ષા કરતો હોવાથી બધા એનાથી ગભરાય. પણ સાથે જ રાજામાં ઉદારતાદિ ગુણો હોવાથી બધા એના તરફ ખેંચાય પણ ખરા.

ગુરુણી આવા જ હોવા જોઈએ. સાધ્વીજીઓને ભૂલ પ્રમાણે યોગ્ય શિક્ષા કરે જ, ખોટી ક્ષમા ન રાખે. એમનું આ પ્રભુત્વ જોઈને જ શિષ્યાઓ એમનાથી ગભરાય. પણ બીજી બાજુ એ જ ગુરુણી શિષ્યાઓને અપાર વાત્સલ્ય આપે. ખૂબ ભણાવે, માંદગી વગેરેમાં જાતે બધી સેવા કરે. એમના આ બધા ગુણોના કારણે પ્રત્યેક શિષ્યા એમની પાસે જવા તલસે. *"ગુરુણી ઠપકો આપે, મારે, તો પણ આવા ગુરુણીને અમે નહિ જ છોડીએ"* એવા ભાવ શિષ્યાઓના મનમાં ગુરુણીની ગુણવત્તાના કારણે પ્રગટવા જોઈએ.

ટુંકમાં ભીતપરિષદ ગુણ ગુરુણીના ક્રોધના કારણે ઉત્પન્ન થયેલો નહિ, પરંતુ ગુરુણીના **પરાઘાત** નામ કર્મના કારણે ઉત્પન્ન થયેલો હોવો જોઈએ.

**(જ) કારણમાં ઉગ્રદંડ :** ગુણનો અતિરેક એ પણ દોષ છે એ ન ભૂલવું. ક્ષમા-કરુણા એ ગુણ છે, પણ એનો અતિરેક મોટો દોષ છે. છદ્મસ્થજીવોની ભૂલો જ્યારે અનેક નુકસાનો ઊભા કરે, ત્યારે તો સખ્તાઈ સાથે ત્યાં પગલા ભરવાં જોઈએ.

કોઈક શિષ્યા અબ્રહ્મના પાપોમાં ફસાય, એ ચાલુ જ રહે, પશ્ચાત્તાપ પ્રાયશ્ચિત્તાદિ ન કરે, તો આ ચેપી રોગચાળો અટકાવવા માટે ગુરુણીએ છેક ગચ્છમાંથી કાઢી મૂકવાની કે સંસારી બનાવી દેવાની પણ ફરજ બજાવવી પડે. એમાં કંઈ એ શિષ્યા પ્રત્યે દ્વેષ નથી, પણ બાકીના સાધ્વીજીઓને બચાવી લેવાની ભાવના છે. શાસનને થનારું નુકસાન અટકાવવાની ભાવના છે.

ટુંકમાં શિષ્યાઓના દોષોને અનુસારે અટ્ઠમાદિ તથા છેદ કે મૂલ,

ગચ્છમાંથી નિકાલ, વેષ લઈ લેવો, માંડલી બહાર કરી દેવા.... વગેરે સખત પગલા પણ ગુરુણીએ લેવા પડે અને એ રીતે શાસન ચલાવવું પડે.

બાકી ***"મહેતો મારે નહિ અને ભણાવે નહિ"*** એ ન્યાયે ગુરુણી પણ શિષ્યાઓની પણ ભૂલો બદલ પણ કશી જ શિક્ષા ન કરે, તો તો એ શિષ્યાઓ માથાભારે થઈ જાય. એમને જોઈને બધા જ એવા બનવા માંડે. એમાં ગુરુણીને તો નુકસાન થાય જ, પણ એ સાથે જિનશાસનને કેટલું બધું વેઠવું પડે એની કલ્પના કરી છે ખરી.?

**(૪) સ્વાધ્યાયયુકતા :** મુખ્ય સાધ્વીજી સૂત્રપાઠ અને અર્થચિંતનાદિમાં લીન હોય. એમનું આલંબન લઈ બીજા સાધ્વીજીઓ પણ સ્વાધ્યાયાદિમાં લીન બનવા લાગે.

**(૫) સંગ્રહવિશારદા :** શાસન તો સાધુ–સાધ્વીઓથી જ ચાલે છે, એટલે નવા નવા મુમુક્ષુઓને તૈયાર કરી સાધુ–સાધ્વીઓની વૃદ્ધિ કરવી એ ગુરુ–ગુરુણીની અંગત ફરજ છે. એમાં પરિવાર વધારવાની મલિનવૃત્તિ ન જ હોવી જોઈએ. સેવા લેવાની, વટ પાડવાની મેલી મુરાદ ન હોવી જોઈએ. માત્ર શાસન આગળ ધપાવવાની અને મુમુક્ષુ જીવોનું હિત કરવાની જ એક માત્ર ભાવના હોય. એટલે જ એમાં બીજાની શિષ્યા થનારા મુમુક્ષુઓને પચાવી પાડવાની, એમની પાસે બીજાની નિંદા કરવાની... કોઈપણ હિણપત ભરેલી પ્રવૃત્તિ ન જ હોય.

દીક્ષા આપ્યા બાદ પણ શિષ્યાઓને ઉપધિ, વસ્ત્ર, પાત્ર, ગોચરી, સ્વાધ્યાય વગેરે બધી વસ્તુઓની અનુકૂળતા સારામાં સારી રીતે કરી આપે, જેથી તેઓને સંયમ પાળવામાં મુશ્કેલી ન પડે.

આમ ગણિની= મહત્તરા = મુખ્ય સાધ્વીજીના નવગુણો ગચ્છાચારની બે ગાથાને અનુસારે આપણે જોયા.

**(२१) जत्थुत्तरपडिउत्तरट्ठिआ, अज्जा उ साहुणा।**
**पलवंति सुरुट्ठावी, गोअम ! किं तेण गच्छेण।।**

**ગાથાર્થ :** સાધ્વીજી વૃદ્ધા હોય તો પણ, કારણસર એકદમ ગુસ્સામાં આવ્યા હોય તો પણ જો સાધુ સાથે ઉત્તર–પ્રત્યુતર–બોલાચાલી કરે, તો ગૌતમ ! એવા ગચ્છનું કામ જ શું છે ?

**ભાવાર્થ :** સાધ્વીજીએ મર્યાદાનુ સખત પાલન કરવું જ પડે. એ વૃદ્ધા થઈ

ગયા હોય તો પણ એમને કંઈ સાધુ સામે જેમ તેમ બોલવાની છુટ નથી મળતી. કોઈક પ્રસંગના કારણે એમને ક્રોધ ચડ્યો હોય તો પણ એમણે મર્યાદા સાચવવી જ જોઈએ. જો સાધ્વી સાધુને ગમે તેમ બોલે કે "તમને કંઈ ભાન નથી. બુદ્ધિ જ ઓછી છે. ખોટે ખોટા નિર્ણય લો છો. આ કમભાગ્ય છે અમારુ કે તમારા જેવાના શરણે રહેવું પડે છે." તો એ યોગ્ય ન જ ગણાય. લોકમાં પણ ખરાબ દેખાય, પુરુષપ્રધાનતા જોખમાય.

હવે જો વૃદ્ધા સાધ્વીજી ગુસ્સે થયેલી અવસ્થામાં પણ સાધુની સાથે ગમે તેમ વાત ન કરી શકે, તો યુવાન સાધ્વીજી વગર ગુસ્સે ગમે તેમ વર્તન કરે, ગમે તેમ વાત કરે એ કેમ ચાલે ?

**(२२) जत्थ गच्छे गोयम ! उप्पण्णे कारणंमि अज्जाओ ।**
**गणिणी पिट्ठीठियाओ, भासंती मउअसद्देण ।**

**ગાથાર્થ :** કોઈક કારણ આવી પડે અને સાધુ સાથે વાત કરવી પડે તો ગચ્છમાં સાધ્વીજીઓ મહત્તરાની પાછળ ઊભા રહીને મૃદુશબ્દથી બોલે તે ગચ્છ !

**ભાવાર્થ :** મુખ્ય સાધ્વીજી સિવાયના અન્ય સાધ્વીજી કોઈક વિશિષ્ટ ગ્રન્થો ભણતા હોય અને એના અંગે કેટલાક પ્રશ્નો પૂછવા માંગતા હોય, મહત્તરા સાધ્વીજી એના ઉત્તર આપી શકે એમ ન હોય, આવી પરિસ્થિતિમાં એ પ્રશ્નો વિદ્વાન આચાર્યશ્રીને પૂછવા જરૂરી બને કે એવા વિદ્વાન પીઢ સાધુને એ પ્રશ્નો પૂછવા પડે. એમ દર્શન અને ચારિત્ર સંબંધમાં પણ એવા કોઈક ગૂઢ પ્રશ્નો ઉપસ્થિત થાય અને મહત્તરા સાધ્વી એના જવાબ આપી ન શકે, ત્યારે પ્રશ્નો પૂછવા પડે અને ત્યારની વિધિ ઉપરની ગાથામાં દર્શાવી છે.

**(ક)** પ્રશ્ન પૂછનાર સાધ્વીજી એકલા જાય એ ન ચાલે, એમ મહત્તરા સાધ્વી સિવાય બીજા કોઈ એક–બે સાધ્વીજીને લઈને સાધુ–આચાર્ય પાસે જાય, પ્રશ્ન પૂછે એ ન ચાલે. મહત્તરા સાધ્વી સાથે જોઈએ જ.

**(ખ)** મહત્તરા સાધ્વી સાથે હોય પણ પ્રશ્ન પૂછનાર સાધ્વી મહત્તરાની પાછળ ઊભા રહેવાને બદલે આચાર્ય/સાધુની આગળ આવી પ્રશ્નો પૂછે એ બિલકુલ ન ચાલે. એ સાધ્વીજી મહત્તરાની પાછળ જ એવી રીતે ઊભા રહે કે એ મહત્તરાસાધ્વીથી પોતે ઢંકાઈ જાય. આજે જેમ મારવાડીઓમાં બેનો કંઈ બોલે તો પણ પોતાના પતિની પાછળ જ ઊભા રહી, લાજ કાઢી, નમ્ર સ્વરે જ બોલે, પરપુરુષ

સાથે સીધા સામે આવી ધડાધડ વાતો ન કરે, એવી જ મર્યાદા સાધ્વીજીએ પાળવાની છે. હા ! મારવાડી બેનો જેવી આખું મોઢું ઢાંકનારી લાજ કાઢવાની નથી, એ જુદી વાત !

(ગ) પ્રશ્ન પૂછનાર સાધ્વીજી હસી હસીને બોલે, મોટા અવાજે બોલે, વાદમાં જેમ સામસામે જોરદાર ચર્ચા થાય એ રીતે બોલે.... આમાંનુ કંઈ જ ન ચાલે. આ બધું જ ખોટું છે. ફરી એ મારવાડના બેનોની મર્યાદાને યાદ કરો. એ મોઢું સદા ઢાંકેલુ રાખે, પરપુરુષ સાથે લગભગ વાત કરે નહિ, બોલવું જરૂરી હોય તો ઓછા શબ્દો, મંદ શબ્દો જ બોલે.

જો સંસારી કુલવધુઓ આવી મર્યાદાસંપન્ન હોય, તો લોકોત્તર શાસનના નિર્મળશીલસંપન્ન શ્રમણીઓની મર્યાદા કેવી હોય ?

**(२३) भाउए दुहिआए सुण्हाण, अहव भईणिमाईणं ।**
**जत्थ न अज्जा अक्खइ, गुत्तिविभयं तयं गच्छं ।।**

**ગાથાર્થ :** ભતીજી, દિકરી, વહુ અથવા બહેનાદિ શબ્દો જે ગચ્છમાં સાધ્વીજી બોલે નહીં, તે ગચ્છ ગુપ્તિથી યુક્ત જાણવો.

**ભાવાર્થ :** મહાભિનિષ્ક્રમણના પંથે જે સમયે પ્રથમ પગલું ભર્યુ એ જ સમયે એ સાધ્વીજી વિશ્વ માટે સંસારસંબંધોની અપેક્ષાએ કાળધર્મ પામી જ ચૂક્યા છે. હવે એ સાધ્વીજી નથી કોઈના દીકરી ! કે નથી કોઈ એમની માતા ! એ સાધ્વીજી નથી કોઈના સાસુ કે નથી કોઈ એમની પુત્રવધુ ! એટલે જ સાધ્વીજીએ ભાષા બોલતી વખતે અત્યંત ઉપયોગવાન રહેવાનું છે.

સંસારમાં તો એ મમ્મી કે બા શબ્દ બોલવાથી ટેવાયેલા હોય, પણ અહીં હવે માતા મળે ત્યારે મમ્મી કે બા શબ્દ વાપરે એ ન ચાલે. કોઈને પરિચય આપતી વખતે "આ મારી મમ્મી છે, બા છે" એવું બોલે એ ન ચાલે. સાધ્વીજીએ માતાને પણ એમના "ગંગાબેન" વગેરે નામથી જ બોલાવવા પડે.

એમ પુત્ર–વહુ–બહેન વગેરે દીક્ષા બાદ મળે તો ત્યાં પણ ભાષાપ્રયોગમાં મર્યાદા રાખવી પડે. એ બેન હવે નોકરાણી નથી, સાધ્વી એની માલિકણ નથી. એટલે જ સંસારમાં જે રીતે સાધ્વીજી રોફથી, કડકાઈથી, અહંકારથી એ બાઈને બોલાવતા હતા, એ રીતે હવે ન બોલાવી શકે, એ જૂના સંસ્કાર ભૂંસીને નમ્રતાથી જ વાત કરવાની હોય છે.

**(२४) दंसणियारं कुणई चरितनासं, जणेइ मिच्छंत्तं ।**
**दुण्हवि वग्गाणज्जा, विहारभेयं करेमाणी ।।**

**ગાથાર્થ :** જે સાધ્વીજી વિહારચર્યાનો ભેદ કરે, તે દર્શનાચારનો નાશ કરે છે. તથા સાધુ અને સાધ્વી બંને વર્ગમાં મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે, ચારિત્રનો નાશ કરે છે.

**ભાવાર્થ :** સાધ્વીજીઓની વિહારવ્યવસ્થામાં એક જ સ્થાને બે માસકલ્પ.... વગેરે બાબતો આગળ જણાવી છે. આ ઉપરાંત નદી ઉતરવાદિ અંગેની વિધિ પણ એ વિહાર વ્યવસ્થામાં સમજી જ લેવી. આ બધી જ જિનેશ્વરદેવની આજ્ઞા છે, એના ઉપર અગાધશ્રદ્ધા હોય તો અવશ્ય એનું પાલન થાય જ, પણ જો સાધ્વી એનું પાલન ન કરે તો એના ઉપરથી એમની શ્રદ્ધામાં ઉણપ આવી હોવાની કલ્પના થાય. અર્થાત સમ્યગ્દર્શનમાં એ સાધ્વી અતિચારવાળા બને.

વળી સમ્યગ્દર્શનની સ્થિરતા સ્વાધ્યાયાદિ યોગોને આભારી છે. વિહારભેદ કરનાર સાધ્વીજી આ બધા યોગો બરાબર સાચવી ન શકે, એટલે એના કારણે પણ સમ્યક્ત્વમાં અતિચારો લાગી શકે. ઉપરાંત વિહારભેદ કરવામાં ઘણા બધા ચારિત્ર સંબંધી દોષો સેવવા પડે, એનાથી ચારિત્રનો પણ નાશ થાય.

**(२५) तम्मुलं संसारं जणेइ, अज्जा वि गोयमा ।**
**नूणं तम्हा धम्मुवएसं, मुत्तुं अन्नं न भासिज्जा ।।**

**ગાથાર્થ :** સાધ્વીજી જો ધર્મોપદેશ વિના કંઈપણ બોલે તો એ સંસાર વધારનાર બને. તેથી સાધ્વીજીએ ધર્મોપદેશ સિવાય બીજું કંઈ જ બોલવું ન જોઈએ.

**(२६) मासे मासे उ जा अज्जा, एगसित्थेण पारए ।**
**कलहे गिहत्थभासाहिं, सव्वं तीइ निरत्थयं ।।**

**ગાથાર્થ :** સાધ્વીજી મહિને મહિને એક દાણાથી પારણું કરતા હોય તો પણ ઝઘડો થાય ત્યારે ગૃહસ્થની ભાષા બોલતા હોય, તો એમનું બધું નિરર્થક જાણવું.

**ભાવાર્થ :** સાધ્વીજી ઘોર તપસ્વિની હોય, માસક્ષમણના પારણે માસક્ષમણ કરતા હોય, પારણાના દિવસે પણ માત્ર ચોખાનો એક જ દાણો વાપરતા હોય, દેહને ઘોર કષ્ટ દેનારા આવા સાધ્વીજી પણ જો ભાષાસમિતિ ન પાળે, ઝઘડો થાય ત્યારે જેમ તેમ બોલે, તું–તા ની ભાષા બોલે, ગધેડી કુતરી સાલી... વગેરે અત્યંત હલકી કક્ષાના શબ્દો ઉચ્ચારે, તો એમણે કરેલો બધો જ તપ નિરર્થક ગણાય.

ક્યારેક ક્યાંક એવુ બને છે કે મુખ્ય ગુરુણીની ૩૦–૪૦ શિષ્યાઓ હોય. એમાંથી ૭–૮ શિષ્યાઓ એવી હોય કે જે દીક્ષાપર્યાયમાં મોટી હોય, પણ પુણ્ય ઓછું, ક્ષયોપશમ મંદ, આવડતની હીનતા, સ્વભાવની ઓછી–વત્તી વિચિત્રતા.... આ બધાના કારણે ગ્રુપમાં એમનું વિશેષ મહત્ત્વ ન હોય.

કોઈપણ રીતે વિશેષ ઉપયોગી ન હોવાથી કોઈ બીજા સાધ્વીજી સ્વાર્થ ખાતર પણ એમને ઈચ્છે એવું શકય ન હોય. ઉલટું જો એ મોટી ઉંમરના કે માંદગીવાળા હોય તો *''આ માથે પડે એવા છે''* એવું બીજાને લાગતું હોય. એમનો પોતાનો કોઈ શિષ્યપરિવાર પણ ન હોય.

આવાં સાધ્વીજીઓની માનસિક ચિંતા હદ વિનાની હોય છે. એમને પોતાના ભવિષ્યની ચિંતા કોરી ખાતી હોય છે. મોટા ગુરુણી હોય ત્યાં સુધી તો વાંધો નહિ, પણ પછી આ સાધ્વીજીઓ ક્યાં જાય ? જે સાધ્વીજીઓની શિષ્યાઓ થઈ ગઈ હોય, તેઓ તો પોતપોતાના ગ્રુપ બની જવાથી નિશ્ચિંત હોય, તેઓ પોતાનામાં મસ્ત રહે, તેઓ પોતાની આ મોટી ગુરુબેન માટે લાગણીવાળા હોય કે એની ચિંતા કરનારા હોય એ કપરુ છે. તેઓને તો આ મોટી ગુરુબેનને સાથે રાખવી કે સાચવવી એ બોજો લાગે.

જેવી મોટા ગુરુણીની ગેરહાજરી થાય કે તરત આવા સાધ્વીજીઓ એકલા પડી જાય, કોઈ એમનો સહારો ન રહે, તેઓ બીજા સાધ્વીજીઓને વિનંતિ કરે કે ''મને તમારી સાથે રાખશો ?'' પણ બીજા સાધ્વીઓ ગમે તે બહાના કાઢી એ વાત ઉડાવી દે *''એમને સાથે રાખશું તો એ મોટા હોવાથી મારું વર્ચસ્વ નહિ રહે, સેવા કરવી પડશે.''* એમ વિચારે.

રે ! મોટા ગુરુણીની જે સાક્ષાત શિષ્યાઓ હોય, પણ પુણ્યહીન હોય, તેઓને પણ મોટા ગુરુણીના અભાવમાં મોટી ચિંતા ઊભી થાય.

ધારો કે નાના કે મોટા પણ પુણ્યહીન સાધ્વીઓ પોતાના ગુરુબેનોના ગ્રુપમાં રહે તો પણ ત્યાં જે સાધ્વીનું વર્ચસ્વ હોય, તે પોતાની શિષ્યાઓને જ બરાબર સાચવે. આ પોતાની ગુરુબેનો તરફ લક્ષ્ય ન આપે. એમને પરાયા ગણે, પરાયા તરીકે એમની સાથે વર્તન કરે. ગોચરી હોય કે માંડલીના કાર્યો હોય કે ભણાવવાની બાબત હોય કે વાત્સલ્ય આપવાની વાત હોય કે પ્રશંસા કરવાની વાત હોય.... બધામાં મુખ્યસાધ્વી પોતાની શિષ્યાઓને આગળ કરે, સાચવે, આ નાની મોટી ગુરુબેનો પોતાના આ વણકહ્યા અપમાનને મૂંગે મોઢે સહન કરે.

પણ લાગણીશૂન્ય આવી જીંદગી જીવવી એ કંઈ સહેલી થોડી જ છે. એ ગુરુબેનો ના છૂટકે એ ગ્રુપમાં રહે, પણ મનમાં એકલતા અનુભવે, અનાથતા અનુભવે, નિશ્ચેતનતા અનુભવે, સંયમજીવનના અમૂલ્ય વર્ષો માત્ર ગણી ગણીને પૂરા કરવા માટે જ બાકી રહે.

કદાચ આ જ કારણસર ઘણા મુખ્ય ગુરુણીઓ પોતાની તે તે શિષ્યા બાબતમાં ખૂબ જ ચિંતિત હોય છે કે જે શિષ્યાઓ પુણ્યહીન, શિષ્યાહીન, શક્તિહીન હોય.

આવા વખતે આખા ગ્રુપમાં જે સાધ્વીજી વધુ પુણ્યશાળી, શિષ્યાયુક્ત, શક્તિયુક્ત હોય તેના ઉપર બધો જ આધાર રહે છે. એ સાધ્વીજી પોતાના ગુરુણીને કહી દે કે ''ગુરુણી ! આપ નિશ્ચિંત બનશો. મારા કરતા નાના કે મોટા કોઈપણ ગુરુબેનોને હું કદી મુશ્કેલી નહિ પડવા દઉં. મારી શિષ્યાઓ કરતા પણ મારી ગુરુબેનો મારા માટે વધુ આદરણીય–પાલનીય બનશે. તેઓ માટે મારે જે ભોગ આપવો પડે તે આપીશ.

ગુરુણી ! આપની એ શિષ્યાઓ અને મારી એ ગુરુબેનો આપના તરફથી મને મળેલી અણમોલ ભેટ છે, આપની અમાનત છે. મારા પ્રાણ કરતા પણ એમને વધુ સાચવીશ. એમને કદી આપની ગેરહાજરીની પ્રતીતિ નહિ થવા દઉં. એમને માટે મારે મારી શિષ્યાઓને છોડી દેવી પડશે તો પણ છોડી દઈશ. આપ નિશ્ચિંત બનીને આરાધના કરશો." આવા મધ જેવા મધુર શબ્દો જો એ સાધ્વીજી ખરા હૃદયથી કહે તો પરલોક જતા ગુરુણીની એ પરલોક યાત્રા પ્રસન્નતમ બની રહે.

ન માનશો એવું કે આ બધા માત્ર આદર્શો જ છે, વાતો જ છે ! રે ! આજે પણ આ આદર્શને ધરતી ઉપર ઉતારનાર મહાન શ્રમણી જિનશાસનમાં છે.

સાંભળો.

પાલિતાણાની ઘરતી ઉપર કાળધર્મ પામી રહેલા એક ગુરુણીએ પોતાની એક શિષ્યાને ભલામણ કરી કે ''તારી આ મોટીબેન(ગુરુબેન) માંદગી અને ઉંમરથી પરેશાન છે. એને સાચવનાર કોઈ નથી. મને એની ચિંતા થાય છે. તું મને વચન આપ કે તું એને છેલ્લે સુધી સાચવીશ.''

એ શિષ્યાએ હા પાડી અને ગુરુણીની વિદાય બાદ એ મોટી ગુરુબેનની અભૂતપૂર્વ સેવા શરુ કરી. સમય પસાર થતો ગયો, આ શિષ્યાની ભાણી દીક્ષા લેવા આવી, એની દીક્ષા માસીની શિષ્યા તરીકે થઈ. દીક્ષા બાદ બે–ચાર વર્ષમાંજ એ

ભાણીની સ્વચ્છંદતા પ્રગટ થઈ. એને આ રીતે એક સાધ્વીજીની સેવામાં એક જ જગ્યાએ રહેવું ઈષ્ટ ન હતું.

જોતજોતામાં તો એ ભાણીની પણ એક શિષ્યા થઈ ગઈ. હવે એ પંખીડાને પાંખ આવી. એ ભાણી શિષ્યાએ પોતાના માસી–ગુરુણીને કહી દીધું કે "આપણે આ ઘરડાગ્લાન સાધ્વીજીને અહીં મૂકી દઈએ. અહીં માણસો એમને સાચવી જ લેશે. આપણે ત્રણ જણ, તમે–હું–મારી શિષ્યા હવે અહીંથી વિહાર કરીએ."

તે વખતે આ માસી ગુરુણીએ જવાબ આપ્યો કે "જો શિષ્યા ! આ મારા મોટા ગુરુબેન છે. ગુરુણીએ એની જવાબદારી મને સોંપી છે. મેં પણ ગુરુણીને વચન આપ્યું છે. તારા માટે હું મારા ગુરુણીને દ્રોહ નહિ કરું. ગુરુબેનને અંતિમ પળ સુધી સંપૂર્ણ સાચવીશ. એ પછી તું કહેશે ત્યાં વિહાર કરવામાં મને વાંધો નથી. પણ અત્યારે તો નહિ જ."

છેવટે ભાણી શિષ્યા પોતાની શિષ્યાને લઈને ત્યાંથી નીકળી ગઈ. પણ આ સાધ્વીએ એની પરવા ન કરી. શિષ્યા–પ્રશિષ્યાને છોડી એમણે મોટી ગુરુબેનની સેવાને જ વધુ મહત્ત્વ આપ્યું, પોતે આપેલું વચન પાળ્યું.

વર્ષો વીતી ગયા, પેલા મોટા ગુરુબેન સમાધિપૂર્વક કાળ કરી ગયા. આજે એ સાધ્વી પોતે જ વૃદ્ધા બન્યા છે. પાલિતાણામાં સ્થિરવાસ છે. એમની શિષ્યા એમને અમદાવાદ બોલાવે છે. બધી સેવા કરવાની તૈયારી બતાવે છે. પણ હવે ઘડપણમાં એ પાલિતાણા છોડી કયાંય જવા માંગતા નથી.

પ્રાચીનકાળની વ્યવસ્થા આ જ હતી ને ! કાળ પામતા ગુરુણી પોતાના સ્થાને એક વ્યવસ્થિત સાધ્વીજીને સ્થાપી દે. એ સાધ્વીજી પોતાના નાના ગુરુબેનો–મોટા ગુરુબેનો, નિશ્રાવર્તીઓ અને પોતાની શિષ્યાઓ બધાને એક સમાનભાવે સાચવે. કોઈને ઓછું ન આવવા દે. પોતાનાથી મોટા હોય, તેમના પ્રત્યે ઔચિત્ય–બહુમાન–વિનય બરાબર જાળવે. પોતાના આધિપત્યનો દુરુપયોગ ન કરે, અને નાના ગુરુબેનોને પોતાની શિષ્યા સમજીને એટલા જ વાત્સલ્યથી સાચવે.

જો દરેક ગચ્છમાં–ગ્રુપમાં આવા પુણ્યવાન નિષ્પક્ષપાતી સાધ્વીજીઓ વિદ્યમાન હોય, તો કોઈ ગ્રુપ ન સીદાય, કોઈ સાધ્વીજીઓ ન પીડાય, કોઈ એકલવાયા ન બને. બધા પ્રસન્ન ! ખુશમિજાજ ! સંયમમાં મસ્તીવાળા !

## ૦૨ – સાધ્વીજીઓનો આ કેવો પ્રચંડ ભાગ્યોદય છે કે...

આપણે બધાએ સાંભળ્યું છે કે અનંતા પુણ્યોદયે નિગોદમાંથી નીકળીને, વિકલેન્દ્રિયપણું વટાવીને, પંચેન્દ્રિયતિર્યંચ અને સંમૂર્છિમ મનુષ્યોના ભવોમાંથી છૂટકારો પામીને ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યભવ પ્રાપ્ત થાય છે. એ ભવ પણ જો યુગલિકકાળમાં પ્રાપ્ત થાય તો આત્મ–સાધના કરવા ન મળે, અનાર્યદેશમાં પ્રાપ્ત થાય તો પણ આત્મ સાધના કરવા ન મળે. એટલે માનવભવ માટે જરૂરી પુણ્ય કરતા પણ બીજું અનંતુ પુણ્ય ભેગું થાય ત્યારે આર્યદેશ મળે.

એમાં ય જો મુસ્લિમ–ક્રિશ્ચન–બૌદ્ધ વગેરે કુટુંબોમાં જન્મ થાય તો પ્રાયઃ ત્યાં પણ મોક્ષમાર્ગની આરાધનાનો લેશ પણ અવકાશ ન મળે. ઉલટું ત્યાં તો મિથ્યાત્વ–હિંસાદિના પાપો ભેગા કરી ફરી પાછી અનંતયાત્રાની ટિકિટ જ કઢાવવાની રહે. એટલે જ આર્યદેશમાં માનવ તરીકે જન્મ મેળવવા માટે જરૂરી પુણ્ય કરતા પણ બીજું અનંતુ પુણ્ય ઉદયમાં આવે ત્યારે જૈનકુળમાં જન્મ મળે.

આટલું તો આપણે બધા જ જાણીએ છીએ, અનુભવીએ છીએ.

પણ સાધ્વી બનનાર આત્માને કદી એવો વિચાર આવ્યો છે ખરો ? કે *"જો મારો જન્મ જૈનકુળમાં પણ દિગંગરજૈનોને ત્યાં થયો હોત તો મારી શી દશા થાત?"*

દિગંબરો માને છે કે "સ્ત્રી કદી મોક્ષ પામે જ નહિ, માટે જ સ્ત્રી દીક્ષા લઈ જ ન શકે. એણે જે કંઈ થોડો ઘણો ધર્મ કરવો હોય તે સંસારમાં રહીને ભલે કરે. પણ એ સંયમ તો ન જ લઈ શકે. કેમકે સ્ત્રીઓએ વસ્ત્રો અવશ્ય પહેરવા જ પડે, વસ્ત્ર પહેરનારને વસ્ત્ર પર મમત્વ થાય જ, અને મમત્વવાળાને મોક્ષ ન જ મળે. માટે સ્ત્રીઓ તે જ ભવમાં તો મોક્ષ ન જ પામે."

બિચારા દિગંબરકુળમાં જન્મેલા બહેનો કેવા દયાપાત્ર ! દીક્ષા લઈને ષટ્કાયની રક્ષા કરવા રૂપ સંયમપાલન તેઓ ન કરી શકે. સુંદર જિનાગમોનો અભ્યાસ કરવા દ્વારા પરિણતિનું વિશિષ્ટ ઘડતર તેઓ ન પામી શકે. છ મહાવ્રતોની આરાધના કરવા દ્વારા મોક્ષને હાથવેંત કરવાનો પુરુષાર્થ તેઓ ન આદરી શકે.

દિગંબરપ્રતિમાની અને દિગંબરસાધુઓની નિર્વસ્ત્રતાને કારણે ત્યાં શુભભાવો જન્માવવા દ્વારા આત્મહિત કરવાનું સૌભાગ્ય પણ તેઓ ન પામી શકે. દિગંબરસાધુઓ પાસે ધર્મોપદેશ સાંભળવો–પામવો એમના માટે અત્યંત કપરો બને.

અને દિગંબર સાધ્વીજીઓ તો છે જ નહિ, એટલે એમની પાસે ધર્મ સાંભળવો–પામવો એ તો સાવ જ અશક્ય છે.

આમ દિગંબરકુળમાં જન્મેલા બહેનો માટે ધર્મારાધના–આત્મસાધના–સંયમસાધના વગેરે બધું જ અશક્ય પ્રાયઃ બની રહે. પરિણામે મોંઘેરો માનવભવ–આર્યદેશ, કહેવાતું જૈનકુળ.... વગેરે બધા જ પુણ્યોદય સાવ જ નકામા નીવડે. ગૃહસ્થપણામાં વળી કંઈ વિશિષ્ટ આરાધના શક્ય બનતી હશે ? એમાંય શ્વેતાંબર બહેનો તો સાધ્વીજી ભગવતીઓ સાથે પરિચય કરીને પણ ધર્મ પામી શકે. સમજી શકે, આગળ વધી શકે. એ બધું જ દિગંબર બહેનો માટે તો અશક્ય જ બની ગયું ને?

શ્વેતાંબર સાધુઓના વ્યાખ્યાનો સાંભળવાદિ દ્વારા શ્વેતાંબર બહેનો શ્રાવકાદિધર્મને આદરી શકે, વૈરાગ્ય પ્રગટે તો દીક્ષા પણ લઈ શકે... પણ નિર્વસ્ત્ર દિગંબર સાધુઓની સામે બેસીને નિર્મળભાવે ધર્મ સાંભળવો, પામવો.... એ દિગંબર બહેનો શી રીતે પામે ? (હવે દિગંબર સાધુઓ આગળ મોટું ટેબલ મુકાવડાવી એ રીતે વ્યાખ્યાન આપે છે અને મોટી જનમેદની સાંભળે છે. શ્વેતાંબરોએ વસ્ત્રો વાપર્યા, તો દિગંબરોએ ટેબલ રાખ્યા.... એમાં ઝાઝો ફરક શું ?)

શ્રમણ ભગવાન મહાવીરદેવ કહે છે કે ''અનંતા પાપ ભેગા થાય ત્યારે નારી–અવતાર મળે'', પણ એની સાથે હવે આ વાત પણ ઉમેરવાની છે કે ''વિશિષ્ટ પાપોદય હોય ત્યારે દિગંબરકુળોમાં સ્ત્રી તરીકેનો અવતાર મળે.... એ સંભાવના નકારી શકાતી નથી.''

આ વર્તમાન શ્રમણીસંસ્થામાં કુલ ૮૦૦૦ જેટલા સાધ્વીજીઓ હશે. એ બધાનો કેટલો બધો પ્રચંડ પુણ્યોદય કે તેઓ દિગંબરકુળોમાં ન જન્મ્યા, શ્વેતાંબરકુળોમાં જન્મ પામ્યા. તેઓ ગીતાર્થ આચાર્યોનો ઉપદેશ પામ્યા. ઉત્તમ પ્રવર્તિનીઓનો સત્સંગ પામ્યા. ધીરે ધીરે એ પરિચય–સત્સંગ દ્વારા વૈરાગ્ય પામીને સંયમ પામ્યા. ષટ્કાય રક્ષક અને ષટ્મહાવ્રતપાલક એ બે ઉત્તમ બિરુદ પામવાનું સૌભાગ્ય પામ્યા... આ લાંબી વિકાસયાત્રા માત્ર ને માત્ર શ્વેતાંબરકુળોમાં જન્મ લાવી આપનારા પ્રચંડપુણ્યને જ આભારી ગણાય ને ?

વળી આપણા પ્રાચીન આચાર્યોએ પણ શ્રમણીઓ ઉપર કેટલો બધો અનહદ ઉપકાર કર્યો છે ! તે કાળમાં દિગંબરો ખૂબ જોરમાં હતા, ''સ્ત્રીઓનો મોક્ષ ન જ થાય.'' એ પોતાની માન્યતાનો ખૂબ જોર–શોરથી ફેલાવો કરતા હતા. એ

માટેના સેંકડો કુતર્કો તેઓએ એવા ઊભા કરેલા હતા કે "વાંચનારાને એ બધુ જ સાચું જ લાગે."

જો એમનો પ્રતિકાર કરવામાં ન આવત, તો શ્વેતાંબરો ખોટા જાહેર થાત, સર્વત્ર દિગંબર માન્યતા પ્રચલિત બનતી જાત. એમાં ય જે ગુજરાતમાં અત્યારે સૌથી વધુ શ્રમણ–શ્રમણીઓ છે, એ જ ગુજરાતમાં જો દિગંબરાચાર્ય **કુમુદચન્દ્ર**ને આપણા મહાપ્રતાપી પૂર્વાચાર્ય **વૃદ્ધવાદિદેવસૂરિજી**એ પાટણસભામાં પરાસ્ત ન કર્યા હોત તો તમામ શ્વેતાંબરોએ ગુજરાતનો ત્યાગ કરવો પડત. કદાચ આ ગુજરાતમાં આજે સર્વત્ર એ દિગંબરોનું વર્ચસ્વ હોત. શ્વેતાંબરો નામશેષ થઈ ગયા હોત.

પણ આચાર્યશ્રી **જિનભદ્રગણિક્ષમાશ્રમણ**, આચાર્યશ્રી **હરિભદ્રસૂરિજી**, આચાર્યશ્રી **મલયગિરિજી**, આચાર્યશ્રી મલધારી **હેમચન્દ્રસૂરિજી**, **વૃદ્ધવાદિદેવસૂરિ**, મહોપાધ્યાય **યશોવિજયજી** વગેરે વગેરે મહાપુરુષોએ આવશ્યકવૃત્તિ–ધર્મસંગ્રહણી–વિશેષાવશ્યકભાષ્ય–સ્યાદ્વાદરત્નાકર– અધ્યાત્મમતપરીક્ષા.... વગેરે વગેરે ગ્રન્થોમાં ખૂબ જ વિસ્તારથી યુક્તિઓ દર્શાવવાપૂર્વક, શાસ્ત્રપાઠો દર્શાવવા પૂર્વક એ સાબિત કરી આપ્યું કે "સ્ત્રીઓની મુક્તિ પણ થઈ શકે છે."

"સ્ત્રીઓની મુક્તિ થાય કે ન થાય" એમાં આ મહાન પુરુષોને તો કોઈ નુકસાન હતું જ નહિ. પરંતુ આ બધા જ મહાત્માઓ પરોપકારની નિર્મળભાવનાના માલિક ! *"જો આ રીતે સ્ત્રીમુક્તિ ન જ થવાની વાત સાચી સાબિત થાય તો ભવિષ્યમાં લાખો બહેનો ધર્મ કરતા અટકવાના, દીક્ષા લેતા અટકવાના... એ બધાનું આત્મકલ્યાણ અટકવાનું. આ શી રીતે થવા દેવાય ? એ લાખો સ્ત્રીઓને થનારું આ ભયંકર નુકસાન શી રીતે ચલાવી લેવાય ?...."* આવા કરુણાભરપૂર વિચારો એ મહાપુરુષોને આવ્યા જ હશે ને ?

આ મહાપુરુષો કંઈ ઝઘડવાના શોખીન ન હતા. કંઈ વાદમાં વિજય મેળવી કે પુસ્તકો લખીને યશ–કીર્તિ મેળવવાના લાલચુ ન હતા... કે એવી તુચ્છ ભાવનાઓથી આ વાદ કરવાના કે પુસ્તક લખવાના અભરખા એ મહાત્માઓને થાય. એટલે માનવું જોઈએ કે જિનાગમોના સિદ્ધાન્તોની રક્ષા કરવા માટે, એ દ્વારા લાખો સ્ત્રીઓની સંયમારાધનાની રક્ષા માટે તે મહાપુરુષોએ પોતાની આત્મસાધનામાંથી અમૂલ્ય સમય કાઢીને "સ્ત્રીમુક્તિ" વગેરે પદાર્થોને સત્ય સાબિત કરવાના સફળ પ્રયત્નો કર્યા.

શું વર્તમાન સાધ્વીજીઓનો આ પણ એક પ્રચંડ પુણ્યોદય ન કહેવાય ? કે આવા ઉત્તમોત્તમ મહાત્માઓ પણ એમના પ્રત્યેની અથાગ કરુણાથી પ્રેરાઈને પોતાના અણમોલ સમયનો ભોગ આપે ?

જો એ મહાત્માઓએ પ્રયત્નો ન કર્યા હોત, તો દિગંબરોની માન્યતા સર્વત્ર છવાઈ જાત, "સ્ત્રીમુક્તિ થઈ જ ન શકે" એવી એક માત્ર માન્યતા દરેકે દરેક જૈનોમાં દૃઢતમ બની જાત, સ્ત્રીઓની દીક્ષા વગેરે સદાય માટે બંધ થઈ જાત.

પણ આ બધું જ ન થયું, એની પાછળ એ આત્મસાધનાના માર્ગે જનારા સાધ્વીજીઓનો પ્રચંડ પુણ્યોદય પણ કારણ ખરો જ ને ?

શું આ મહાપુણ્યોદય નિષ્ફળ જવા દેવો છો ?

શું આ પ્રચંડભાગ્યશાલિતા એળે જવા દેવી છે ?

જેમ માનવભવ માટે એમ કહેવાય છે કે મનુષ્યપણું પામ્યા પછી જેઓ ધર્મ ન કરે, આત્મશુદ્ધિ ન સાધે, તેઓનો માનવભવ એળે ગયેલો કહેવાય. એ જ પ્રમાણે સ્ત્રી તરીકે પણ શ્વેતાંબરકુળોમાં જન્મ પામ્યા પછી, સદ્‌ગુરુ–ઉપદેશ અને પ્રવર્તિની ગુરુણીનો સત્સંગ પામી સાધ્વી દીક્ષા લીધા પછી જો એની સમ્યગ્ આરાધના કરવામાં ન આવે તો એ બધું જ પુણ્ય એળે ગયેલું જ કહેવાશે ને ?

માનવભવનો દુરુપયોગ કરનારાઓ જેમ દીર્ઘકાળ માટે માનવભવ ગુમાવે છે, એમ આ સ્ત્રી તરીકે પણ શ્વેતાંબરકુળમાં જન્મ, શ્વેતામ્બરી સાધ્વીદીક્ષા પામ્યા પછી જેઓ એનો સદુપયોગ નહિ કરે, તેઓ દીર્ઘકાળ માટે શ્વેતાંબરકુળમાં જન્મ, શ્વેતાંબરી સાધ્વીદીક્ષા ગુમાવી દે... એ હકીકતનો ઈન્કાર કોણ કરી શકે ?

આ તો **दो दिन का सुलतान** તરીકેની પદવી મળી છે, એ પછી સુલતાની જતી રહેવાની. તો એ પૂર્વે જ એવું કંઈક સાધી લેવાય કે જેથી સુલતાનીના સુખો સદાય મળતા જ રહે, તો એ કેટલું સરસ !

વન–ડે ક્રિકેટમેચને જાણનારાઓને ખબર જ હશે કે ૫૦ ઓવરમાં જ્યારે જીતવા માટે ૨૫૦–૩૦૦ રન કરવાના હોય, ત્યારે એ ટીમ માટે એક–એક ઓવર, એક એક ઓવરનો એક એક બોલ કેટલો બધો કિંમતી હોય છે ! એમાં ય જ્યારે છેલ્લી ઓવરો ચાલતી હોય, ત્યારે તો એક એક બોલની કિંમત અતિભારે હોય ! એક બોલ જો ખાલી જાય, એમાં રન ન લઈ શકાય તો બેટ્સમેનના આઘાતનો પાર ન રહે. એની ચિંતા ખૂબ વધી જાય.

૪૦–૫૦ વર્ષના નાનકડાં સંયમજીવનમાં આપણે પણ કેટલા બધા રન લેવાના છે ? ખાવાની સંજ્ઞાને નેસ્તનાબુદ કરવાની છે, વિજાતીય- આકર્ષણના સંસ્કારો ઘસવાના–બળવાના છે, ઈર્ષ્યાની આગ ઠારવાની છે, સ્વચ્છંદતાનું ગળું દબાવવાનું છે, ધમધમતા ક્રોધને વશ કરવાનો છે, સ્વાર્થવૃત્તિઓને તગડી મુકવાની છે, દેહાસક્તિને દફન કરવાની છે, અંતર્મુખતાને રોમરોમમાં પ્રસરાવવાની છે, મળતા માન–સન્માન–શિષ્યપરિવારાદિમાં સદાય નિર્લેપ રહેવાની અનોખી પરિણતિ વિકસાવવાની છે....

અધધધ થઈ જાય એટલું બધું આ નાનકડા સાધનાકાળમાં સિદ્ધ કરવાનું છે. મોહરાજ સામેની આ મેચમાં ઓછા સમયમાં ઘણા રન કરવાના છે. આ તો પ્રચંડ સૌભાગ્ય કહેવાય કે આ મેચ રમવાનો અવસર મળ્યા. બાકી તો જેમ ભારતના લાખો ક્રિકેટરોમાંથી માત્ર ૧૧ જ જણને ક્રિકેટમેચ રમવા મળે છે, એમ દેખાતા વિશ્વના ૬ અબજ માનવોમાંથી માત્ર ૮–૧૦ હજાર સંયમીઓને આ મોહરાજ સામે ક્રિકેટમેચ રમવાનો અવસર મળ્યો છે.

પણ જીતવું મુશ્કેલ છે ! પેલાઓને જેમ એક એક બોલની કિંમત છે, એમ સંયમીને એક–એક પળની કિંમત હોવી જોઈએ. એને જેમ એક બોલ રન વિનાનો જાય તો ત્રાસ થઈ જાય, એમ સંયમીને એક પળ પણ શુભભાવરહિત જાય, આત્મસાધનારહિત જાય તો ત્રાસ થઈ જાય... શું આપણને આ રીતની પળ–પળની કિંમત છે ખરી ?

જો એમાં એક આખી ઓવર મેડન જાય અર્થાત્ ૬ બોલ એકપણ રન વિનાના જાય તો તો એ બેટ્સમેન ધુંઆફુંઆ થઈ જાય... જરાક આપણે વિચારીએ કે આપણી આ સંયમજીવનની કેટલી પળો–કેટલી મિનિટો–કેટલા કલાકો- કેટલા દિવસો, મહિનાઓ, વર્ષો નકામા ગયા ? જેમાં શુભભાવ નહિ, એ બધી જ પળો–કલાકો નકામા જ ને ?

**ઉપદેશમાલા**કાર કહે છે કે–

**न तहिं दिवसा पक्खा मासा, वरिसा वि संगणिज्जंति ।**
**जे मूलउत्तरगुणा अक्खलिआ, ते गणिज्जंति ।।**

સંયમપર્યાયમાં જેટલો સમય મૂલગુણો અને ઉત્તરગુણોની સ્ખલના વિનાનો પસાર થયો એટલો જ સંયમપર્યાય ગણાય. એ સિવાયના દિવસો, પખવાડિયાઓ,

મહિનાઓ કે વર્ષો પણ સંયમપર્યાય ન ગણાય.

પેલો બેટ્સમેન એકે એક બોલ રન લેવાનો પ્રયત્ન કરે, કેમકે એ બોલની કિંમત એને સમજાઈ છે. એમ જો સંયમીને એક–એક પળની દુર્લભતા સમજાઈ હોય, તો એક–એક પળને સુધારવાનો, શુભભાવભરપૂર રાખવાનો પ્રયત્ન કરે જ. એકાદ પળ એની શુભભાવરહિત જાય તો એને દુઃખ થાય જ.

– 'વાપરતી વખતે એક પળ પણ મને આસક્તિ ન જાગે.' એવી કાળજી રાખી ખરી ?

– "ચાલતી વખતે એકપળ પણ ઈર્યાસમિતિ સિવાય બીજે ક્યાંય મારો ઉપયોગ ન જ જાય." એ કાળજી રાખી ખરી ?

– "હું ઠઠ્ઠા–મશ્કરી–હાસ્યાદિમાં એક પળ પણ ન જ ગુમાવું" એવી કાળજી રાખી ખરી ?

– "ગોચરીમાં એકપણ દોષ ન લાગવા દઉં." એની કાળજી રાખી ?

– "શરીરને જરૂરી પાંચ–છ કલાકના આરામ સિવાય બિલકુલ વધારે ઊંઘીશ નહિ", એવી કાળજી રાખી ખરી ?

– "નાનામાં નાની જિનાજ્ઞામાં પણ એકદમ જાગ્રત રહીશ." એવી કાળજી રાખી ખરી ?

– "એકપળ માટે પણ મને વિકાર ન જાગે એ માટે હું કદી વિજાતીય પ્રત્યે જોઈશ જ નહિ," એવી કાળજી રાખી ખરી ?....

એકે એક બોલમાં Out ન થવાય એની અને રન લેવાય એની એ બંને કાળજી જેમ બેટ્સમેન રાખે, એમ પ્રત્યેક પળે મલિન વિચાર ન આવે એની અને શુભવિચાર આવે એની કાળજી સુસંયમી રાખે જ.

એમાં પણ જેને પોતાના આ અલ્પકાળ માટે મળેલા પ્રચંડ પુણ્યોદયનું ભાન થાય એ તો કદી મુરખ–પ્રમાદી ન જ બને એ નિશ્ચિત હકીકત છે.

સ્ત્રી–અવતારના પાપોદય સાથે શ્વેતાંબરકુળજન્માદિ મહામહાપુણ્યોદયની કિંમત સમજીને શ્રમણીઓ જો અપ્રમત્તતાને આત્મસાત કરવા લાગે, તો સિદ્ધિ કંઈ વેગળી નથી !

## ૦૩- સાધુ-સાધ્વીજીઓના ગુરુઓ-ગુરુણીઓ કોણ ?

**આચારાંગસૂત્ર** અધ્યયન-૧ના અંતમાં તથા **યતિજીતકલ્પાદિ** ગ્રન્થોમાં જણાવ્યું છે કે જો દીક્ષા લેનાર પુરુષ હોય તો એને બે જણના દિગ્બંધન કરવાના- આચાર્યનું અને ઉપાધ્યાયનું ! અને જો દીક્ષા લેનાર બહેન હોય તો એને ત્રણ જણના દિગ્બંધન કરવાના- આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિનીનું !

આજે દીક્ષા વખતે બોલાય છે ને ? કે "તમારા ગુરુનું નામ..., તમારું નામ..." આ એક પ્રકારનું દિગ્બંધન જ છે. હવે આ શાસ્ત્રપાઠોના આધારે એ નક્કી થાય છે કે સાધુના ગુરુ તરીકે આચાર્ય અને ઉપાધ્યાય એમ બે જ હોય. આ સિવાય કોઈપણ ગુરુ ન બને. એમ સાધ્વીજીના ગુરુ તરીકે આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની એમ ત્રણ જણ જ હોય. આ સિવાય કોઈપણ ગુરુ ન બને.

તમામ સાધુઓ આચાર્યના જ શિષ્યો ! આચાર્ય-ઉપાધ્યાય સિવાય કોઈના પણ શિષ્ય નહિ ! એમ તમામ સાધ્વીજીઓ આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્તિનીના જ શિષ્યાઓ ! અન્યના નહિ.

આચાર્ય પોતાના નૂતન શિષ્યને તાલીમ આપવા માટે જૂના કોઈક સાધુને સોંપે, એ એને પ્રતિલેખનાદિનું વ્યવસ્થિત શિક્ષણ આપે. એમ પ્રવર્તિની પણ નવા સાધ્વીજીને તાલીમ આપવા વગેરેની જવાબદારી જૂના કોઈક સાધ્વીજીને સોંપે.

આમ પણ સંયમીને ક્યાંય પણ એકલા જવાનો નિષેધ જ છે. એટલે એની સાથે ગોચરી જવામાં-સ્થંડિલ જવામાં-વિહારાદિમાં સતત સંયમીની સહાય તો જોઈએ જ ને ? એ સહાય કોઈપણ સાધ્વીજી કોઈને પણ આપી શકે. પણ સામાન્ય વ્યવસ્થારૂપે સાધ્વીજીઓને પરસ્પર સહાયક તરીકે નક્કી કરવામાં આવે કે "આ સાધ્વીજીઓ પરસ્પર સહાયક ! સામાન્યથી તમારે એકબીજાની કાળજી કરવી..." આમાં મુશ્કેલી પડે ત્યારે તો આખો ગચ્છ સહાય કરવા તૈયાર જ હોય.

આમ પ્રવર્તિની સિવાયના કોઈપણ સાધ્વીજીઓ પરસ્પર સંઘાટક-સહાયક બને, પણ એ સંઘાટક સાધ્વીજી ગુરુ ન બને, ગુરુ ન કહેવાય.

જો માત્ર પ્રવર્તિની જ ગુરુણી બને, બીજા સાધ્વીજી ન બને તો એના શું લાભો હતા એ ચકાસવું જોઈએ.

(ક) જો બીજાઓ પણ ગુરુણી બની શકતા હોય તો બધાને ગુરુણી

બનવાની ઈચ્છા થાય. *"મારી પણ શિષ્યાઓ થાય તો સારું, જેથી મારો વટ પડે. હું મારી શિષ્યા સાથે બધે ફરી શકું. પછી મારે ગુરુ સાથે જ રહેવાની જરૂર નહિ. એ શિષ્યા મારી સેવા કરે..."* આવી મલિનવૃત્તિઓ જૂની શિષ્યાઓમાં પેદા થવાની શક્યતા રહે. આમાં તેઓનું મોક્ષનું લક્ષ્ય ઘવાય, સતત શિષ્યાલેશ્યા ચાલે, એ માટે બહેનોને સમજાવવા–પટાવવાની પ્રવૃત્તિ પણ ચાલુ થાય. આ બધું કેટલું નુકસાન ?

પણ જો એવો નિયમ જ હોય કે પ્રવર્તિની જ ગુરુ બને તો બધા શિષ્યાઓ સમજી જ જાય કે *"અમે ગુરુણી બની જ ન શકીએ."* એટલે એવી લાલસાઓ, પ્રવૃત્તિઓ ન થાય. જેમ સાધ્વીજીઓને આચાર્યપદ કે ગચ્છાધિપતિપદ અપાતું નથી, તો કોઈપણ સાધ્વીજી એવી ઈચ્છા પણ નથી કરતા કે *"મને આચાર્યપદ મળે..."* કેમકે તેઓ સમજે જ છે કે *"આ પદ અમારે હોય જ નહિ."* એમ ૮૦ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધ્વીજી પણ કદી એવી ઈચ્છા પણ કરતા નથી કે *"આ નૂતન સાધુ મને વંદન કરે..."* કેમકે આ અંગેની જડબેસલાક વ્યવસ્થા ચાલુ જ છે કે *"સાધુ સાધ્વીજીને વંદન ન જ કરે..."*

એમ જો આ વ્યવસ્થા પણ દૃઢ હોય કે "પ્રવર્તિની જ ગુરુણી બને, અન્ય કોઈ જ નહિ." તો શિષ્યાઓને ગુરુણી બનવાના, શિષ્યાઓ કરવાના મલિન ભાવો ન પ્રગટે એ સ્વાભાવિક છે.

**(ખ)** ક્યારેક નાના સાધ્વીજીનું પુણ્ય જોર કરી જાય અને એમની પાસે શિષ્યા થવા બહેનો તૈયાર થાય, અથવા તો એ નાના સાધ્વીજીના સગાવહાલામાંના બહેનો એમના શિષ્યા થવા આવે, અને બીજા મોટા સાધ્વીજીઓના શિષ્યાદિ ન પણ થાય. હવે આ પરિસ્થિતિમાં મોટા સાધ્વીજીઓને ઈર્ષ્યા–અદેખાઈ–સંક્લેશ થવાની શક્યતા રહે.

*"એની આટલી શિષ્યાઓ ! મારે ઓછી ! એની શિષ્યાઓ જોરદાર હોંશિયાર, તપસ્વિની, સ્વાધ્યાયિની, વૈયાવચ્ચગુણસંપન્ન ! મારી શિષ્યાઓ એ બધામાં ખામીવાળી...!"* આ બધા વિચારો માનસિક ત્રાસ ઉત્પન્ન કરે. જો આ બધું પ્રગટ બોલે, તો પોતાનું જ ખરાબ દેખાય. અને જો ન કહે તો અંદર ને અંદર આ વિચારોથી પરેશાન થાય.

એ શિષ્યાઓ નાના સાધ્વીજીની સેવા કરે, મોટાઓની સેવા કરનાર ન હોય, એ શિષ્યાઓ સાથે નાના સાધ્વી ગમે ત્યાં જઈ શકે, મોટા સાધ્વીજીઓ ન જઈ

શકે. એમણે ગુરુણીના ભરોસે રહેવું પડે. શિષ્યાસંપન્ન એ નાના સાધ્વીજીને લોકો પણ માન–સન્માન આપે અને મોટા સાધ્વીજીઓને એ બધું ઓછું મળે, ન મળે... આ બધું નજરોનજર દેખીને જીવ બળવાની સંભાવના છે. મોટાઓને છદ્મસ્થતાના કારણે થોડોક અહંભાવ તો હોય જ, એટલે જ આ બધું એમને અપમાનજનક લાગે, અસહ્ય લાગે... અને એટલે એ સંક્લેશની આગમાં સંયમજીવન હારી બેસે.

જો માત્ર પ્રવર્તિનીની જ બધી શિષ્યા થતી હોય તો તો કોઈપણ નાના સાધ્વીજી ગુરુણી બનવાના જ ન હોવાથી નાના–મોટા બધા સરખા જ રહે, પરિણામે આ સંક્લેશો, અસામાન્યતાઓ ઊભી ન થાય.

**(ગ)** ''સારી કન્યાઓ પોતાની શિષ્યા થાય'' એ માટે સાધ્વીજીઓ પ્રયત્ન કરવા લાગે. એમાં એકબીજાની નિંદા પણ થાય. જેના પ્રત્યે મુમુક્ષુ આકર્ષાય, એના દોષો એ મુમુક્ષુ સામે ગાવાની પ્રવૃત્તિ બીજાઓ કરે. આ બધી ખબર એ સાધ્વીજીને પડવાની જ કે *''મારી શિષ્યા ન થવા દેવા માટે મારી નિંદાઓ થઈ. પ્રવર્ત્તિની પાસે મારી વિરુદ્ધની વાતો થઈ.''* એટલે એમને આઘાત લાગે, પરસ્પર વૈરની ગાંઠ બંધાય. સાધર્મિક વાત્સલ્ય તો દૂરની વાત... પણ અંદરોઅંદર એકબીજાના મોઢા જોવા, વાતચીત કરવી પણ આકરી થઈ પડે. એમાં કોઈક વળી ભયંકર પગલા પણ ભરી બેસે... કાળ અને કર્મની વિચિત્રતાઓ શું ન થવા દે એ જ મોટો પ્રશ્ન છે.

આ બધું જ બંધ થઈ જાય, જો માત્ર પ્રવર્તિની જ ગુરુ બને.

**(ઘ)** પ્રવર્તિની તો સામાન્યથી મોટી ઉંમરના હોય, ઘણું ભણેલા હોય, અનુભવી હોય એટલે નૂતનની કાળજી શી રીતે કરવી ? એ બધું જ એમના ખ્યાલમાં હોય. એટલે એ તો પોતાના શિષ્યાની કાળજી સારામાં સારી રીતે કરી શકે. પરંતુ જો નાની ઉંમરના, યુવાન સાધ્વીજી ગુરુણી બને તો એક તો સ્વયં અનુભવી ન હોય, વિશિષ્ટ અભ્યાસ ન હોય... એ નૂતન શિષ્યાની કાળજી કરવામાં સક્ષમ ન બની શકે. કદાચ એ પોતાના શિષ્યા સાથે સ્વતંત્ર પણ વિચરવા લાગે, અને તો પછી એના અપરંપાર નુકસાનો પણ પામે. બે–ચાર યુવાન સાધ્વીજીઓ સ્વતંત્ર વિચરે એ કેટલી ભયંકર બાબત છે ! એમાં સંયમ–શીલની રક્ષા સરળ બને જ શી રીતે ?

**(ચ)** જેમ એક માતાનો પોતાના તમામ સંતાનો પર લગભગ સરખો ભાવ હોય, પણ એ સંતાનોના જે સંતાનો થાય, એમના પ્રત્યે એ સંતાનો અને એમની પત્નીઓ પક્ષપાતી બને. દરેક સ્ત્રી પોતાના પુત્ર–પુત્રીને વધુ સારી રીતે રાખવા યત્ન

કરે, જેઠાણી દેરાણીના પુત્ર–પુત્રીની વિશેષ કાળજી ન કરે. વાતે વાતે એ દેરાણી–જેઠાણીઓ ઝઘડી પડે. "મારા પુત્ર–પુત્રીને બરાબર ન ખવડાવ્યું..." વગેરે નાની–નાની વાતોમાં ઝઘડાઓ થાય.

પ્રવર્તિની એક માતાના સ્થાને છે. એ તો પોતાની તમામ શિષ્યાઓ પોતાની જ હોવાથી એમને બધાને એકસરખા ભાવથી સાચવી શકે. પણ હવે જો એ શિષ્યાઓની પોત–પોતાની અંગત શિષ્યાઓ થવા માંડે, તો એમાં ઝઘડા–કંકાસના બીજ રોપાવાની પાકી શક્યતા રહે. *"મારી શિષ્યાને પ્રવર્તિની સાચવતા નથી, અને મારી ગુરુબેનની શિષ્યાને સારી રીતે સાચવે છે. મારી ગુરુબેન પણ ગોચરી–પાણી વગેરેમાં એની શિષ્યાઓને સારી સારી વસ્તુઓ આપી દે છે. મારી શિષ્યાઓને કશું જ આપતી નથી, ઓછું આપે છે. મારી શિષ્યાઓને કામ વધારે આપે છે અને એની શિષ્યાઓ જલસા કરે છે. પ્રવર્તિની પણ એનો જ પક્ષ લે છે."*

આવું બંને પક્ષે થાય. શિષ્યા પ્રત્યેની મમત્વબુદ્ધિ ગુરુબેન વગેરેના નાના–નાના દોષો પણ મોટા કરીને જોવાનું શીખવી દે.

આવા ઘણા દોષોની સંભાવના શાસ્ત્રકાર ભગવંતોએ નિહાળી હશે, માટે જ તેઓએ પ્રવર્તિનીને જ ગુરુણી બનવાની સત્તા આપી હશે.

વળી સીધી વાત છે કે ગુરુપદ એ મહાનપદ છે. એની લાયકાત વિના એ પદ મેળવવું એ સ્વ–પર બંનેનું અહિત કરનારી પ્રવૃત્તિ છે. એટલે પ્રાચીનવિધિ પ્રમાણે તો પ્રવર્તિની જ ૨૫–૫૦–૧૦૦ના ગુરુણી બનતા. એ પછી એમને પોતાના વિશાળ શિષ્યાસમુદાયમાં જે સૌથી વધુ ઉચિત–પરિપક્વ–નિષ્પક્ષપાતી શિષ્યા જણાય, એને પ્રવર્તિનીપદ આપતા. એટલે આખોય શિષ્યા સમુદાય એ નૂતન પ્રવર્તિનીનો શિષ્યાસમુદાય બની જતો. આ રીતે આખી પરંપરા ચાલતી.

આજે આ વ્યવસ્થા નથી, એ હકીકત છે. ચોક્કસ માની લઈએ કે "આ નવી પરંપરા ગીતાર્થોએ જ પ્રવર્તાવેલી હશે, એની પાછળ કારણ હશે..." પણ આપની પરિસ્થિતિ પ્રમાણે એવું લાગે કે પ્રવર્તિની સિવાય પણ ૧–૨–૫–૭ વર્ષના દીક્ષાપર્યાયવાળાને પણ ગુરુણી બનવાની જે સત્તા અપાય છે, અને એ રીતે ગુરુણી–શિષ્યાના જે સંબંધો જોડાય છે, એમાં નુકસાન ઘણું છે.

એ પ્રશિષ્યાઓ પોતાના મોટા ગુરુણીની સેવા ન કરે, એ પ્રવર્તિની પ્રત્યે આદર–સદ્ભાવ ઓછો રાખે અને પોતાના યુવાન ગુરુણી પ્રત્યે પુષ્કળ સદ્ભાવ

રાખે, ખૂબ સેવા કરે, પ્રવર્તિની કે મુખ્ય ગુરુણી કદાચ સીદાતા હોય, એમના પ્રતિલેખનાદિ કાર્યો કરનાર કોઈ ન હોય કેમકે એમની શિષ્યાઓ સ્વયં ગુરુણી બની હોવાથી તેઓ તો સેવા કરે જ શું કામ ? અને એમની પ્રશિષ્યાઓ તો પોતાના ગુરુણીની સેવામાં જ લીન રહે ને ?

જો આવું બનતું હોય, જો સંસારમાં દીકરાઓથી ત્રાસ પામતા વૃદ્ધ મા-બાપની માફક સાધુપણામાં પ્રવર્તિનીઓ–મોટા ગુરુણીઓ પીડાતા હોય, ઉપેક્ષિત બનતા હોય, તો એ કેટલું બધું આઘાતજનક કહેવાય ? શક્તિસંપન્ન બનેલી શિષ્યાઓ પોતાની શિષ્યસંપત્તિ, શ્રુતસંપત્તિના જોરે પોતાના પ્રવર્તિની ગુરુણીને છોડી દઈ એમની ઈચ્છા વિરુદ્ધ જુદા રહે, એમને દબડાવે, એમની વાત ન માને, એમને વાત–વાતમાં ઉતારી પાડે... આ બધું કઈ જિનશાસનના શ્રમણીને શોભાસ્પદ બને ખરું ?

જેમ આપણી પ્રાચીન સંસ્કૃતિ મહાન હતી, આપણા પ્રાચીન મહાપુરુષો મહાન હતા, એમ આ પ્રાચીન વ્યવસ્થા પણ ખૂબ જ સુંદર, સમજણપૂર્વકની હતી.

પણ આજની પરિસ્થિતિ જોતા એમ લાગે છે કે આ વ્યવસ્થા પુનઃ પ્રસ્થાપિત થાય એ શક્યતા નહિવત્ છે. આ મળી ગયેલી છૂટનો ઉપયોગ કરવો સેંકડો–હજારો શિષ્યાઓ સ્વેચ્છાએ બંધ કરે એ શક્ય નથી લાગતું.

તો શું કરવું ?

ઉપાય માત્ર એટલો જ જણાય છે કે ભલે અત્યારની પરિસ્થિતિ પ્રમાણે પ્રવર્તિની સિવાયનાઓ પણ ગુરુણીપદ પામે. પરંતુ તેઓ નીચેની બાબતો પાળે.

(૧) શિષ્યાઓ એવી પ્રતિજ્ઞા લે કે મારા પ્રવર્તિની મને ગુરુણી બનવાની સહર્ષ રજા આપે તો જ મારે કોઈકના ગુરુણી બનવું. કોઈકને શિષ્યા બનાવવાનો પ્રયત્ન પણ પ્રવર્તિનીની રજાથી જ કરવો. એમની સંમતિ વિના ન કરવો.

(૨) મારી શિષ્યાઓને મારે આ પદાર્થ ખાસ સમજાવવો કે "ભલે હું તમારી ગુરુણી બની, પણ શાસ્ત્રીય દૃષ્ટિએ તો પ્રવર્તિની જ તમારા ગુરુણી છે. જો એમની સેવા કર્યા વિના મારી સેવા કરશો તો હું એ હરગીઝ ચલાવીશ નહિ. મારું પ્રતિલેખન કરતા પહેલા મારા ગુરુણીનું પ્રતિલેખન કરવું જ પડશે. મારા વસ્ત્રોનો કાપ કાઢવો હોય તો મારા ગુરુણીના વસ્ત્રાદિનો કાપ કાઢવો જ પડશે. ગોચરીમાં મને અનુકૂળ વસ્તુઓ વપરાવતા પૂર્વે મારા પ્રવર્તિનીને એ વસ્તુ વપરાવવાનો આગ્રહ

કરવો જ પડશે. મને ઠંડુ પાણી વાપરવા આપતા પૂર્વે મારા ગુરુણીને ઠંડા પાણીનો ઘડો પહોંચતો કરવો પડશે. ટૂંકમાં મારા કરતા મારા પ્રવર્તિની ઉપર વધુ સદ્ભાવ તમારે સૌએ કેળવવો.''

(૩) શિષ્યાઓ ગમે તેટલી થશે તો પણ મારા પ્રવર્તિનીની રજા વિના હું ક્યાંય નહિ જાઉ, છૂટી નહિ ફરું, મારી રીતે કોઈપણ ચોમાસા નક્કી નહિ કરું, પરંતુ મારા પ્રવર્તિની જ્યાં કહેશે ત્યાં રહીશ, જ્યાં કહેશે ત્યાં જઈશ, જ્યાં ચોમાસું રાખશે ત્યાં રહીશ. ક્ષેત્રની મમતા, છૂટા ફરવાની સ્વચ્છંદતા હું કરીશ નહિ જ.

(૪) ભલે હું ઘણા શિષ્યાઓની ગુરુણી બનું, તો પણ મારા પ્રવર્તિની=ગુરુણીની સેવા હું નહિ ત્યાગું. મારી શક્તિ પ્રમાણે એમની ઉચિત ભક્તિ અવશ્ય કરીશ જ. સવાર–સાંજ એમના વસ્ત્રોનું પ્રતિલેખન, વિહારમાં એમની ઉપધિ ઉંચકવી, રાત્રે એમના પગ દબાવવા, બે મિનિટ એમની હિતશિક્ષા સ્નેહ સદ્ભાવપૂર્વક સાંભળવી... આ બધું જ હું કરીશ.

(૫) 'મારા પ્રવર્તિની સામેથી આદેશ ન કરે, ત્યાં સુધી હું એમની સાથે જ રહીશ.' એવો નિર્ણય કરવો.

જો પ્રવર્તિની સિવાયના સાધ્વીજીઓ માત્ર આટલો પણ દૃઢસંકલ્પ કરે તો ભલે વર્તમાનમાં તેઓ ગુરુણીપદ ધારણ કરે, આ યતના, આ સાપેક્ષભાવ એમને ખૂબ જ હિતકારી બની રહેશે.

પણ જો આવી કોઈ યતના નહિ પળાય, સાપેક્ષભાવ નહિ કેળવાય તો શિષ્યાલાલસા, બહિર્મુખતા, સ્વચ્છંદતા, ગુરુદ્રોહ, જિનાજ્ઞાઘાત વગેરે વગેરે ઢગલાબંધ દોષોના ભાગીદાર એ શિષ્યાઓ બની રહેશે. એમનું ગુરુણીપદ ખરેખર એટલું બધું ગુરુ = ભારે થઈ પડશે કે એના ભારના કારણે ઉપર જવું એમના માટે કપરું પડશે. અધોગતિ એમને સુલભ બની રહેશે.

હવે નક્કી તો એ શિષ્યાઓએ જ કરવાનું છે કે શાસ્ત્રાજ્ઞાભંગાદિ પૂર્વક ગુરુણીપદ મેળવીને અધોગતિમાં જવું છે કે ગુરુણીપદ ત્યાગીને અથવા તો સંપૂર્ણ યતનાપૂર્વક ગુરુપદ પ્રાપ્ત કરીને, જિનશાસનની ઉચિત વ્યવસ્થાને જાળવીને ઉર્ધ્વગતિમાં જવું છે ?

(આ જ વાત સાધુઓમાં પણ યથાસંભવ વિચારી શકાય.)

## ૦૪ – સાધુગણનો અને સાધ્વીગણનો યોગક્ષેમ કરનારા આચાર્યભગવંતોને કોટિ કોટિ વંદન !

સાધુઓના કે સાધ્વીજીઓના ગચ્છના અધિપતિ બનવા માટે ગીતાર્થતા અને સંવિગ્નતા એ બે ગુણ તો સ્વાભાવિક રીતે જોઈએ જ, એ સિવાયના અનુવર્તકતા વગેરે ગુણો પણ જોઈએ. પણ આમ છતાં સાધુઓના ગણના અધિપતિ બનવું સહેલું–સરળ છે. જ્યારે સાધ્વીઓના ગણના અધિપતિ બનવું એ લોઢાના ચણા ચાવવા જેવું છે. સાધુગણાધિપતિ કરતા સાધ્વીગણાધિપતિ પાસે વધુ પરિપક્વતા–ગંભીરતા–ગીતાર્થતા વગેરેની જરૂર પડે જ.

(ક) એક જગ્યાએ કહ્યું છે કે **'स्त्रीणां चरित्रं पुरुषस्य भाग्यं देवो न जानाति कुतः मनुष्यः ।'** અર્થાત્ "સ્ત્રીઓનું ચરિત્ર અને પુરુષનું ભાગ્ય એને દેવ પણ ઓળખી શકતો નથી, તો પછી મનુષ્યની તો શી વાત ?" જો કે પંચમહાવ્રતધારી બનેલા શ્રમણીઓ એકંદરે ગુણસંપન્ન હોય જ, પરંતુ એ સ્ત્રીભવનો જ એવો વિચિત્ર સ્વભાવ છે કે એમાં માયા–કપટ વગેરે દોષો લગભગ સહજ હોય છે.

હવે જો ગણાધિપતિ બનનારો સાધુ આ બધા દોષો સમજી ન શકે, તો એ ભારે મુશ્કેલીમાં મુકાય. સ્ત્રીચરિત્રનો અજ્ઞાતા એ સાધુ કાં તો પોતે ક્યાંક ફસાય અથવા તો ગમે તેવા ખોટા નિર્ણયો લઈ બેસે કે જેનાથી ભયંકર નુકસાન થાય.

**દા.ત.** કોઈ સાધ્વીજી આવીને રડવા જ માંડે, "મને ગુરુણી અને ગુરુબેનો ત્રાસ આપે છે..." વગેરે વાતો કરે... હવે બહેનો માટે રૂદન કરવું એ તો સરળ બાબત છે. એ જોઈને પેલો સાધુ કરુણાવાળો બને. *"શું સમજે છે, આના ગુરુણી ! આવી રીતે હેરાન કરે છે !"* અને એ અધિપતિ સાધુ બીજા સાધ્વીઓને બોલાવીને સખત ઠપકો આપે કે "તમે બધા નિર્દય છો, નિર્દય ! બિચારા એક સાધ્વીને બધા ભેગા મળી આટલો બધો ત્રાસ આપો છો. એ કેટલું રડે છે ! તમને જીવ પ્રત્યે દયા નથી. આટલા બધા નિષ્ઠુર છો !"

આમાં એવું બને કે ગુરુણીએ એ સાધ્વીજીને એમની કોઈ ભૂલ બદલ ઠપકો આપ્યો હોય, સાંજે મોડા દેરાસરે જઈ ઉપાશ્રયે મોડા આવ્યા હોય કે ગોચરીમાં જાણી જોઈને આધાકર્માદિ બનાવી લાવ્યા હોય કે કોઈ પુરુષાદિ સાથે વાત કરતા હોય...

આવા એમના કોઈક દોષ બદલ ગુરુણીએ મૃદુસ્વરે ઠપકો આપ્યો હોય કે "તમારે આ બધું ન કરાય. આમાં નુકસાન થાય..."

હવે અત્યંત લાગણીથી કહેવાયેલો ઠપકો પણ પેલા અસહિષ્ણુ સાધ્વીને પત્થરના ઘા જેવો લાગે અને કાચની બરણી જેવું એમનું હૈયું ભાંગી જાય. *"મને કેમ ઠપકો આપ્યો..."* એ વિચારમાં રડવા લાગે અને ગણાધિપતિ પાસે આવી રડતા રડતા ફરિયાદ કરે... આમાં ગણાધિપતિ આગળ–પાછળની તપાસ કર્યા વિના માત્ર પેલા આંસુઓ જોઈ ગુરુણી + અન્ય સાધ્વીજીઓને ઠપકો આપી દે...

આવો વગર કારણે, વગર ખુલાસાએ સખત ઠપકો સાંભળી ગુરુણી પણ હેબતાઈ જાય. એમને ગણાધિપતિ પ્રત્યે અસદ્ભાવ પણ જાગે કે *"આ ગમે તેમ નિર્ણયો લે છે. શું કરવાના આવા ગણાધિપતિને !"* અને ધીમે ધીમે એ અસદ્ભાવ વધતો જાય. કદાચ અવગણના સુધી પણ પહોંચે. પ્રવર્તિની અને અન્ય સાધ્વીજીઓ અધિપતિની સામે પણ જવાબ દઈ દેવા માંડે. એમની વાત માનવાનો ઈન્કાર કરી દે.

ક્યારેક વળી એવું બને કે અધિપતિ તે તે સાધ્વીજીનું વધુ પડતું ઉપરાણું લે એટલે બીજાઓ એવી કલ્પના કરી બેસે કે "આ અધિપતિને અમુક માટે કુણી લાગણી છે, માટે જ એનું ઉપરાણું લે છે." ધીરે ધીરે આ વાત અંદરોઅંદર થવા માંડે અને તદ્દન નિર્દોષ અધિપતિ પણ આવા ખોટા આરોપના કારણે અપયશના ભાગીદાર બને.

**(ખ)** ક્યારેક આનાથી તદ્દન ઊંધુ પણ થાય. કોઈક સાધ્વીજી વધુ સંયમરાગાદિને કારણે ગુરુણીની કહેલી કોઈક શિથિલતા સ્વયં ન આદરે, ના પાડે, "આ દોષો હું નહિ સેવું" એમ કહી દે. બીજા બધા એ દોષ સેવતા હોય. આ સાધ્વીજી એ આધાકર્માદિ દોષોનો નનૈયો સંભળાવે એટલે સહજ રીતે એ સાધ્વીજી પ્રત્યે બધાને અણગમો થાય. એ નિર્દોષ ગોચરી માટે કડક હોય, એ અજવાળામાં વિહાર કરતા હોય, એ જલ્દી જલ્દી કાપ ન કાઢતા હોય... અને ગ્રૂપના સાધ્વીજીઓ એનાથી વિપરીત હોય એટલે એ સાધ્વી પ્રત્યેના અણગમાના કારણે અધિપતિને એ સાધ્વી વિશે જાત–જાતની ફરિયાદ કરે. "જક્કી, જીદ્દી, અકડુ, જડ..." વગેરે વગેરે વિશેષણોથી નવાજે... આ બધાની વાતો સાંભળી જો અધિપતિ ગુસ્સે થાય તો એ પેલા એક–બે સાધ્વીજીને ઠપકો આપવાનું બાકી ન રાખે. ગચ્છની બહાર કાઢી

મૂકવાની ધમકી પણ આપી દે... કદાચ એવા કોઈ નિર્ણયો પણ લઈ લે.

હકીકતમાં એ સાધ્વીજીઓ તો નિર્દોષ હતા. કદાચ આચારનો વધુ પડતો આગ્રહ એ દોષ ગણીએ તો પણ એ કંઈ એવો ભયંકર દોષ નથી કે એની આવી સખત શિક્ષા હોય. પણ અપરિપક્વ અધિપતિના વગર વિચાર્યે, ઉતાવળે ધડાધડ લેવાતા નિર્ણયો કેટલાયના સંયમજીવનને જોખમમાં મૂકી દેનારા બની રહે.

(ગ) શ્રી**યોગશાસ્ત્ર** ગ્રન્થમાં કલિકાલસર્વજ્ઞશ્રી **હેમચન્દ્રસૂરીશ્વરજી** મ. સાહેબ ફરમાવે છે કે–

**वञ्चकत्वं नृशंसत्वं, चञ्चलत्वं कुशीलता ।**
**इति नैसर्गिका दोषा, यासां तासु रमेत कः ? ।**

સ્ત્રીઓમાં આટલા દોષો સ્વાભાવિક છે (૧) **વંચકતા** = બીજાને ગમે તે રીતે છેતરવા. (૨) **નિષ્ઠુરતા** = સ્વાર્થ સાધવા માટે ગમે તેનો ગમે તે રીતે ભોગ લઈ લેવો. (૩) **ચંચળતા** = ગમે ત્યારે ગમે તે બાબતમાં મન ફર્યા જ કરે. (૪) **કુશીલતા** = આકર્ષાઈને આડા–અવળા પગલા ભરી બેસવા.

સાધ્વીજીઓએ ઘણો ગુણવિકાસ સાધ્યો હોય તો પણ સ્ત્રીભવ સુલભ આ બધા દોષો હોવાની સંભાવના છે. તેઓ જુઠ્ઠું બોલીને, રડવાદિનો દેખાવ કરીને અધિપતિને પણ ઠગી લે તો ? તેઓ પોતાનો સ્વાર્થ સાધવા અન્ય ઉપર ગમે તેવા આરોપો મૂકી દે, કોઈકને ગમે તે રીતે બદનામ કે અપમાનિત કરી દે તો ? એમાં ઢાલ તરીકે અધિપતિનો જ ઉપયોગ કરે તો ? એની ચંચળતાથી એના બદલાતા વિચારોને આધારે એ અધિપતિ પાસે પણ નિર્ણયો બદલાવે, વિચારો ફેરવાવે તો ? અધિપતિ જો સ્વયં યુવાન હોય અને એમના પ્રત્યે જ રાગી બને તો ?

આ બધી જ શક્યતાઓનો ઈન્કાર કોણ કરી શકશે ?

અને આવું બધું બને તો અધિપતિ અને સાધ્વીગણ ઉભયનું અહિત થવાની શક્યતા પણ કોણ નકારી શકશે ?

**(ઘ)** સાધ્વીજીઓની વ્યવસ્થા કરવામાં, એમના યોગક્ષેમ કરવામાં જો અધિપતિના જ વિચાર મલિન બને તો શું થાય ? એ જ કોઈક તરફ અનુરાગી બની જાય તો શું થાય ? એના કારણે મનગમતા સાધ્વીજીઓને જ ચાતુર્માસાદિમાં કાયમ સાથે રાખવાનો જ પ્રયત્ન કરે તો શું થાય ? સાધ્વી ગણાધિપતિને તો સાધ્વીજીઓ સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનવાનો જ, એમની આલોચના વાંચવા–

સાંભળવાનો પણ પ્રસંગ બનવાનો જ, એ આલોચના તો ધગધગતા અંગારા જેવી હોવાની શક્યતા પણ ખરી જ... આવો સતત પરિચય, સતત વાતચીત, ધગધગતા અંગારાનો ખેલ, વિજાતીય દર્શન... બાપ રે બાપ ! આમાં જો અધિપતિના વિચારો મલિન બન્યા તો ? રક્ષક ભક્ષક બને તો ? પરમપદમાં જવા માટે નીકળેલી આ આખી ટ્રેન કોઈક દુર્ગતિની વાટે ભૂલી ન પડી જાય ?

(૨) માની લો કે અધિપતિ તદ્દન નિર્દોષ રહે, રહી શકે, પણ અધિપતિ સાથે રહેલો સાધુગણ પણ નિર્દોષ રહેવો જોઈએ ને ? ઉપાશ્રયમાં સતત સાધ્વીજીઓ આવે, અધિપતિ નિર્દોષભાવે એમની વ્યવસ્થાઓ ગોઠવે, એમના પ્રશ્નો ઉકેલે, મુંઝવણના સમાધાનો આપે... પણ આ બધામાં એ સાધુગણ પણ સાધ્વીજીઓને જુએ, કદાચ વાતચીતાદિ પરિચય પણ વધે. સાધ્વીજીઓ અધિપતિને સૂક્ષ્મ આલોચનાદિ કહેતા હોય અને કૌતુકભરપૂર સાધુ કપટપૂર્વક એ બધું સાંભળી જાય તો ? અથવા તો સાધ્વીજીઓની લેખિત આલોચના કોઈક સાધુ વાંચી લે તો ? એ રીતે સાધુનો ભાવ મલિન બને તો ? એ પેલી આલોચનાદિનો દુરુપયોગ કરે તો ? એ ખાનગી વાતો સાંભળી–વાંચીને બધે એ વાતો ફેલાવીને એ સાધ્વીજીને જીવવું ભારે બનાવી દે તો ?

(૭) માની લો કે સાધુગણ નિર્લેપ રહે, પણ આવનારા સાધ્વીજીઓ એક યા બીજા બહાને સાધુઓ સાથે પરિચય વધારી દઈ ધીરે ધીરે સ્વયં લેપવાળા = અનુરાગવાળા બને તો ?

સમજી રાખો કે
દેવભવ મળી જવો સહેલો છે,
માનવભવમાં કરોડપતિ બની જવું સહેલું છે,
પણ સફળ = સાચા = નિર્દોષ સાધ્વીગણાધિપતિ સાધ્વીઓને પ્રાપ્ત થાય એ દુર્લભ છે.

(૧) પોતાના સાધુઓને = શિષ્યોને બિલકુલ નુકસાન ન થવા દે. (૨) પોતાને પણ બિલકુલ નુકસાન ન થવા દે. (૩) સાધ્વીજીઓનો યોગ–ક્ષેમ બરાબર જળવાય, સાધ્વીજીઓ ધમધમાટ મોક્ષમાર્ગે આગળ વધે... આ ત્રણ વસ્તુ જાળવી શકે એવા સાધ્વીગણાધિપતિ સાધ્વીજીઓને મળે એ એમનું પ્રચંડ પુણ્ય જ ગણાય.

અને આ ત્રણેય બાબતો એકસાથે જાળવવી એ કપરું તો છે જ ને ?

ત્રણેયમાંથી એક પણ ન હોય તો ન જ ચાલે એ પણ વાસ્તવિક હકીકત છે ને ?

જાતનું બગાડીને સાધ્વીગણની કાળજી કરવી એ શું માન્ય બને ?

સાધુગણનું બગાડીને સાધ્વીગણની કાળજી કરવી એ શું માન્ય બને ?

સાધ્વીગણનું બગાડીને સાધ્વીગણના અધિપતિ બનવું એ શું માન્ય બને ?

આ કામ અતિકપરું છે, માટે જ તો શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે ***"સાધુગણના અધિપતિ જેટલી નિર્જરા પામે, એના કરતા સાધ્વીગણના અધિપતિ ઘણી-ઘણી-ઘણી વધારે નિર્જરા પામે."***

પણ એ માટે જરૂરી છે કે એ અધિપતિ પાસે અમુક ચોક્કસ પ્રકારના વિશિષ્ટ ગુણો હોવા જોઈએ. જો એ ગુણો હોય અને એ અધિપતિ બને તો તો ખૂબ જ સારું. પણ જો એ ગુણો ન હોય અને એ અધિપતિ બને તો એ ભયાનક આપત્તિઓને નોંતરું આપવા રૂપ બની રહે.

સૈન્યનું સેનાપતિપદ મહાન છે, એ પદ પામનારાને માન–સન્માન મળે, સત્તા મળે, વિજય થાય તો ઈનામ મળે, યશ મળે... એ બધું સાચું. પણ એ સેનાપતિએ જીવ–સટોસટનો ખેલ ખેલવાનો હોય છે.

એમ લાયકાત વિનાના સાધુને જો સાધ્વીગણાધિપતિ બનાવાય, તો સાધ્વીજીઓને, અધિપતિને અને છેવટે શાસનને નુકસાન થાય. માટે જ સાધ્વીજીઓએ સ્વહિતરક્ષા માટે વિશિષ્ટ યોગ્યતા ધરાવતા સાધુને અધિપતિ તરીકે સ્વીકારવા જોઈએ. જો સાધ્વીજીઓ આ વિવેક ન જાળવે, તો તેઓ નાના–મોટા ઘણા દોષો લાગવાથી સંયમજીવન હારી બેસે એવી પણ શક્યતા છે. જો સાધ્વીજીઓ અધિપતિની યોગ્યતાનો વિચાર ન કરે અને ગમે તેવાને પણ અધિપતિ તરીકે સ્વીકારે તો સાધુની માફક એ સાધ્વીજીઓને પણ ઢગલાબંધ દોષો લાગવાના જ.

**પ્રશ્ન :** "અધિપતિ લાયક હોવો જોઈએ." એ વાત તમે વિસ્તારથી જણાવી. પણ એની લાયકાત શું ? એ તો કંઈ જણાવ્યું નથી. એ કહો તો ખબર પડે ને ? કે કોને સાધ્વીગણાધિપતિ તરીકે સ્વીકારવા ?

**ઉત્તર :** આ અંગે આપણે બે શાસ્ત્રપાઠો જોઈશું.

પ્રથમ તો શ્રી**યતિજીતકલ્પ**નો પાઠ જોઈ લઈએ.

***"आचार्यश्च संयतीवर्तापकः प्रथमभङ्गवर्ती अनुज्ञातः, न शेषभङ्गत्रयवर्ती। ते चामी भङ्गाः सहिष्णुरपि भीतपरिषदपि... ।"***

**અર્થ :** જે આચાર્ય સહિષ્ણુ પણ હોય અને ભીતપરિષદ પણ હોય એ આચાર્ય સાધ્વીગણાધિપતિ બની શકે. એમાં જે આચાર્ય પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કરવા સમર્થ હોય, સાધ્વીજીઓને યોગ્ય ક્ષેત્ર, વસ્ત્ર, પાત્ર વગેરેનું ઉત્પાદન કરાવવામાં સમર્થ હોય એ સહિષ્ણુ કહેવાય. તથા આખો ય સાધુવર્ગ અને સાધ્વીવર્ગ જે આચાર્યના ભયથી કોઈપણ પાપક્રિયા ન કરે તે ભીતપરિષદ કહેવાય.

જો આચાર્ય સહિષ્ણુ હોય પણ ભીતપરિષદ ન હોય તો આચાર્યના ભય વિનાના સાધ્વીજીઓ સ્વચ્છંદ બનીને જે કંઈપણ ઊંધુ-ચત્તુ કરે એ બધાનું પાપ એ આચાર્યને લાગે. અને જો આચાર્ય ભીતપરિષદ હોય, પણ સહિષ્ણુ ન હોય, તો સાધ્વીજીઓ પ્રત્યે ખરાબભાવવાળા બની પાપો આચરી બેસે...

જો આચાર્ય સહિષ્ણુ અને ભીતપરિષદ બેય ગુણ વિનાના હોય, તો બંને દોષો લાગે.

આ સામાન્ય અર્થ જોયો.

આ પદાર્થ જરાક વિસ્તારથી સમજીએ.

(૧) સહિષ્ણુ + ભીતપરિષદ.

(૨) સહિષ્ણુ + અભીતપરિષદ.

(૩) અસહિષ્ણુ + ભીતપરિષદ.

(૪) અસહિષ્ણુ + અભીતપરિષદ.

આ ચારમાંથી છેલ્લા ત્રણ ભાંગા ખોટા છે, ત્યાજ્ય છે.

**(૧) સહિષ્ણુ-ભીતપરિષદ :** જે સાધુ સ્વયં વિરાગી છે, બ્રહ્મચર્યની પરિણતિ જેની નિર્મળ છે, સામાન્યથી ૫૦ ઉપરની ઉંમર, ગીતાર્થતા વગેરેને લીધે જેનું મન એ અબ્રહ્મની મલિનતાઓથી મલિન થતું જ નથી. સાધ્વીજીઓને એ સગી માતા, સગી દીકરી કે સગી બહેન કરતા પણ વધુ નિર્મળ ભાવથી નીરખે છે. ગમે એટલા રૂપવતી સાધ્વીજી હોય, આ સાધુની આંખમાં વિકારની ટશી ફુટતી નથી.

જાણી જોઈને એમની સામે જોવું – બહાના કાઢીને એમની સાથે વાતો કરવી... વગેરે કોઈ જ ખરાબ બાબત આ સાધુને સ્પર્શતી નથી. સાધ્વીજીઓ સાથે જ્યારે વાત કરવી પડે ત્યારે નજર નીચી ઢાળીને બોલે છે અથવા તો વૃદ્ધા સાધ્વીજી વગેરે સાથે વાત કરે છે, પણ ખડખડ હસવું, મજાક-મશ્કરી કરવી... એ આ સાધુના સ્વભાવમાં જ ન હોય.

આ બધામાં ઉંમર પણ મહત્ત્વનો ભાગ ભજવે. એટલે જ સામાન્યથી તો સાધ્વીગણાધિપતિ તરીકે પીઢ ઉંમરના સાધુ સ્થાપિત કરવામાં આવે છે. માત્ર સાધ્વીજીઓ માટે નહિ, પણ સાધુઓ માટે પણ મોટી ઉંમરના સાધુ ગુરુ બને એ શાસ્ત્રકારોને વધુ ઈષ્ટ છે. **દશવૈકાલિક**વૃત્તિમાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આમ આ સાધુ સ્વરક્ષણ તો બરાબર જાળવી જ શકે છે.

હવે આ સાધુ જો આદેયનામ, પરાઘાતનામ, યશનામ વગેરેના ઉદયવાળો હોય, તો એ ભીતપરિષદ પણ બની શકે. આદેયતા, યશ વગેરેને કારણે બધાને એમના પ્રત્યે સદ્ભાવ રહે, આદર રહે, પણ સાથે પરાઘાતનામના કારણે બધા એમનાથી ભય પણ પામે.

એ કદાચ કોઈને મારતા ન હોય, એવી કડક શિક્ષા કરતા ન હોય, તો પણ એમનો પ્રભાવ જ એવો હોય કે કોઈપણ સાધુ કે સાધ્વીને આધાકર્માદિ રૂપ કંઈપણ ખરાબ કામ કરવું હોય તો ભય લાગે. *"અમારા અધિપતિને ખબર પડશે તો ?"* એવો ભય એમને એની મેળે જ પાપ કરતા અટકાવે.

ચોરો–લુંટારાઓ–ખૂનીઓથી બધા ગભરાય ખરા, પણ એની સાથે લોકોને એ બધા ઉપર ઘોર તિરસ્કાર હોય. *"એ ચોર વગેરેનું સત્યાનાશ થાય તો સારું."* એવી ભાવના હોય. જ્યારે આ અધિપતિ માટે એવું નથી. એમનું સંયમ, એમનું જ્ઞાન, એમણે કરેલા ઉપકારો, એમણે કરેલી કાળજી... આ બધાના કારણે લગભગ તમામ સાધુઓ અને સાધ્વીજીઓ એમને ખૂબ જ બહુમાનભાવથી જોતા હોય, એમના માટે ભોગ આપવા તૈયાર હોય. એમને કંઈક મુશ્કેલી પડે તો દુઃખી દુઃખી થઈ જતા હોય. પણ સાથે જ એમનાથી ગભરાતા પણ હોય.

આ ત્યારે શક્ય બને જ્યારે આદેય–યશ–પરાઘાત નામ કર્મનો ભેગો ઉદય ચાલતો હોય.

**રઘુવંશ**માં રાજા માટે વિશેષણ આપેલું છે કે ***"अधृष्यश्चाभिगम्यश्च यादोरत्नैरिवार्णवः ।"***

સમુદ્રમાં હિંસક પ્રાણીઓ હોવાથી બધા સમુદ્રથી ગભરાય પણ ખરા અને એ જ સમુદ્રમાં રત્નો હોવાથી એની પાસે આકર્ષાય પણ ખરા. રાજા પણ આવો જ હોય. બધા એનાથી ગભરાય પણ ખરા અને બધા એના પ્રત્યે આકર્ષાય પણ ખરા.

અધિપતિ પાસે આવું વિશિષ્ટ વ્યક્તિત્વ હોવું જ જોઈએ. એમની ગંભીર

મુખમુદ્રા, અવસર આવે ત્યારે કડકશિક્ષા, ઠપકો... વગેરેના કારણે બધા એમનાથી ગભરાય. એ સાથે જ એમની ગુણવત્તાને કારણે બધા એમની પાસે આકર્ષાય.

સાધ્વીજીઓ પરસ્પર ઝઘડો કરતા હોય તો પણ *"અધિપતિને ખબર પડશે તો મારું આવી બનશે."* એમ વિચારી ચૂપ થઈ જાય. ગુરુની સામે જેમ તેમ બોલવા જતા હોય ત્યાં પણ અધિપતિનું સ્મરણ એમને શાંત કરી દે. એમ ગોચરીમાં ઘણી વિગઈઓ લાવવી હોય, સ્વાધ્યાયાદિને બદલે વિકથાઓ કરવી હોય, સ્વચ્છંદ બનીને અલગ વિચરવું હોય... આ દરેકમાં અધિપતિનું સ્મરણ પણ એમને ગભરાવનારું, પાપથી અટકાવનારું બની રહે.

જેમ ભગવાનનું સ્મરણ પાપત્યાગ કરાવે, એમ અધિપતિનું સ્મરણ છેવટે ભયથી પણ પાપત્યાગ કરાવે.

આવું આગવું વ્યક્તિત્વ આજે પણ ઘણામાં જોવા મળે છે. એમના શિષ્યો એમને માટે બધો જ ભોગ પણ આપે છે છતાં ડગલેને પગલે એમનાથી ગભરાય પણ છે. પ્રતિક્રમણ માંડલી છોડી જૂદું પ્રતિક્રમણ કરવાની ઈચ્છા થાય, ઘી-ગોળ લાવી રોટલીનું ચૂરમું બનાવવાની ભાવના થાય, મળવા આવેલા સ્વજનો સાથે કલાક-બે કલાક વાતો કરવાની ઈચ્છા થાય, અંધારામાં પ્રતિલેખન કરવાની, બેઠા બેઠા પ્રતિક્રમણ કરવાની, પૂંજ્યા પ્રમાર્જ્યા વિના પાટાદિ ખસેડવાની... આ બધી જ પ્રમાદવાસનાઓ માત્ર *"ગુરુને ખબર પડશે તો બોલશે, ગુરુ જોઈ રહ્યા છે..."* એવા એવા વિચારોથી જ નાશ થઈ જાય છે.

એમ આ ગુરુ સાધ્વીજીઓની તમામ જરૂરિયાતો પૂરી પાડવા માટે સક્ષમ હોય. પ્રાચીનકાળમાં સાધુઓ સાધ્વીજીઓને વસ્ત્રો લાવી આપતા. સાધ્વીજીઓને ગૃહસ્થો પાસે વસ્ત્ર લેવાનો નિષેધ હતો. વળી એ બધા વસ્ત્રો નિર્દોષ લાવવાના રહેતા. એટલે વિશાળ સાધ્વીગણને નિર્દોષ વસ્ત્રો પૂરા પાડવાનું કામ સહેલું ન હતું. એ માટેની વિશિષ્ટક્ષમતા આ અધિપતિ પાસે હોય તો જ એ જરૂરિયાતો પૂરી થાય. એમ પાત્ર, વસતિ, ઔષધાદિ માટે પણ સમજવું.

આજના કાળની દૃષ્ટિએ વિચારીએ તો સાધ્વીજીઓને ચાતુર્માસાદિ યોગ્ય ક્ષેત્ર અપાવવા, હોસ્પિટલાદિમાં જવું પડે તો એના ખર્ચની વ્યવસ્થા કરવી, મોંઘામાં મોંઘી દવાઓ પણ પૂરી પાડવી, ડોળી વગેરેના ખર્ચાઓ પણ પૂરા પાડવા, સાધ્વીજીઓની માંદગીમાં એમને મુશ્કેલી ન પડે એ રીતે વૈયાવચ્ચી સાધ્વીજીઓની

ગોઠવણ કરવી... આ બધું કરવાની ક્ષમતા અધિપતિ પાસે હોવી જોઈએ. જો અધિપતિ પાસે આ ક્ષમતા ન હોય, તો સાધ્વીજીઓ જરૂરિયાતો પૂરી ન થવાથી ત્રાસ પામે.

વળી આ અધિપતિ સાધ્વીઓ સાથે જે કંઈપણ વાત કરવી પડે એ ખુલ્લાસ્થાનમાં કરે, બંધ ઓરડે નહિ. પરંતુ એ વાત એવી રીતે કરે કે કોઈ સાંભળી ન શકે. **દા. ત.** મોટા હોલમાં દૂર એકબાજુ અધિપતિ વાતો કરતા હોય તો બધાને દેખાય ખરું, પણ કોઈને સંભળાય નહિ. એ અધિપતિની ધાક પણ એવી કે સાધ્વીજી બીજા સાધુ સાથે પરિચય કરી જ ન શકે. બીજા સાધુને વંદન કરવા હોય તો પણ અધિપતિની રજા લીધા વિના વંદનાદિ કરતા ગભરાય. સાધુઓ પણ સાધ્વીજીઓ સામે જોવું – વાતો કરવી... વગેરે કશું કરે નહિ.

એ અધિપતિનું પુણ્ય જ એવું કે સાધ્વીજીઓ સાથે વિશેષ વાત કરવી જ ન પડે. એની મેળે જ બધું તંત્ર વ્યવસ્થિત ચાલે. મોટા ભાગે પ્રવર્તિની વગેરેની સાથે જ વાતચીત દ્વારા કામ પતી જાય. વાચના દ્વારા પણ વ્યવસ્થાઓની ખામી દૂર થઈ જાય.

આમ સહિષ્ણુ + ભીતપરિષદ સાધુ સાધ્વીગણાધિપતિ બને તો જિનશાસનના સભ્યો પરમસમાધિ પામે.

**(૨) સહિષ્ણુ-અભીતપરિષદ :** અધિપતિ સ્વયં વૈરાગી અને સાધ્વીઓની બધી જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ હોય, એટલે એમને પોતાને કોઈ નુકસાન ન થાય, પણ એ હોય સાવ શાંત, નરમ ! કદી કોઈને ઠપકો આપે નહિ. મોટા ગુન્હા બદલ પણ કદી સખત શિક્ષા કરે નહિ. હસવું–મીઠી મીઠી વાતો કરવી... એ જ એમનો સ્વભાવ હોય.

હવે જો આવી પરિસ્થિતિ હોય, તો તો સાધુ–સાધ્વીઓ એકદમ નિર્ભય બની જાય. પછી તો સાધ્વીઓ ગમે તે સમયે ઉપાશ્રયમાં અવરજવર કરે, અધિપતિની સામે જ સામાન્ય સાધુઓ સાથે પણ હસી–હસીને વાતો કરે, અડધો–એક કલાક સુધી વાતો કરે, સાધુઓ પણ નિર્ભય બની સાધ્વીઓ સાથે વ્યવહાર વધારે. સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત પછી પણ ઉપાશ્રયમાં સાધ્વીઓ બિન્ધાસ્ત આવે–જાય. આના નુકસાનો શું છે? એ કશું કહેવાની જરૂર ખરી ?

વળી નાના સાધ્વીઓ પણ ઉદ્ધત બને, પ્રવર્તિનીને અને વડીલોને દબડાવે,

જોહુકમી કરે, પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે, વિહારો કરે. એકબીજાને કડવા શબ્દો સંભળાવવા હોય તો પણ એમાં કોઈનો ભય ન રહે. રે ! અધિપતિની સામે પણ જેમ તેમ બોલીને એમને ચૂપ કરી દે... અધિપતિ મૌન રહીને બધો ખેલ જોયા કરે પણ કશું કરી ન શકે.

ક્યારેક એવું બને કે મોટા સાધ્વીઓ નાના સાધ્વીઓને પરેશાન કરે, માનસિક ત્રાસ આપે, વાતે વાતે અપમાનિત કરે... હવે નાના સાધ્વીઓ શું કરે ? જો અધિપતિ પાસે ફરિયાદ કરે તો પરિણામ તો કંઈ ન આવે. ઉલટું આ ફરિયાદ કરવાના બદલામાં મોટા તરફથી ત્રાસમાં વધારો થતો જાય.

હીન કક્ષાના પાપ થાય તો પણ અધિપતિ કોઈ વિશેષ શિક્ષા ન કરે "બીજીવાર આવું નહિ કરતા. ધ્યાન રાખજો." માત્ર એટલું ઠંડા અવાજે બોલીને છોડી દે. આની બધાને ખબર પડે એટલે બધા એકદમ સ્વચ્છંદી બને. જે પાપના પ્રાયશ્ચિત્ત પુનઃદીક્ષા હોય, એ પાપમાં માત્ર બે-ચાર ઠંડક ભરેલા શબ્દો જ પ્રાયશ્ચિત્ત અપાય કે થોડા કડક શબ્દો જ પ્રાયશ્ચિત્ત અપાય, તો બાકીનાઓ તો એ પાપનો ગભરાટ ગુમાવી બેસી ગમે તેવા પગલા ભરતા થઈ જવાના. કદાચ આખો સાધુ-સાધ્વી ગચ્છ સડી જાય, પાપોથી ગંધાઈ ઊઠે, તો પણ નવાઈ નહિ.

આવા અધિપતિ સ્વયં નિર્દોષ હોય તો પણ ઘોર પાપના ભાગીદાર બને. આખી જિંદગી સ્વયં નિર્દોષ જીવન જીવવા છતાં કદાચ અનંત સંસારી બનવું પડે.

આમાં પેલા સાધ્વીગણ-સાધુગણ વગેરે બધા તો આચારભ્રષ્ટ-સ્વચ્છંદી-ઈહલોકમાત્રદર્શી... બની રહેલા હોવાથી એમની ભવપરંપરાની તો કલ્પના જ કરવાની રહી.

**(૩) અસહિષ્ણુ-ભીતપરિષદ :** પરાઘાતનામકર્માદિના જોરદાર ઉદયવાળા અધિપતિ જો મોહનીયના ક્ષયોપશમવાળા ન હોય , વેદોદયથી પીડાતા હોય તો તો ભયાનક ઈતિહાસ સર્જાય. સાધ્વીગણ બીજા કોઈ પાપો ન કરે, પણ આ રક્ષક ખુદ ભક્ષક બને. એના પ્રચંડ પુણ્યોદય સામે કોઈ કશું કરી ન શકે, કશું બોલી ન શકે, બધા બધું સહન કરે. અનેકોના જીવન બરબાદ થાય.

રે ! આ અધિપતિનું રૂપ સારું હોય, આદેયતા + યશ પણ હોય તો તો એના કાળા કરતૂતો પણ પ્રિય થઈ પડે. હાય ! આ પુણ્યોદય એના માટે અને સાધ્વીગણ માટે મહાપાપોદય રૂપ જ બની રહે. કદાચ કોઈને સામે બળવો કરવાનું

મન થાય તો પણ પરાઘાત નામકર્મની સામે એ પાછા પડે. મૂંગા થઈ જાય, સહનશીલ બની જાય.

વળી આ અધિપતિ સાધ્વીગણની આવશ્યક જરૂરિયાતો સંતોષી ન શકે એટલે સાધ્વીગણ રીબાય. ચોમાસાના સ્થાન ન મળે, જેવા તેવા મળે, માંદગીમાં દવા વગેરેની જરૂરિયાત પૂરી ન પડે. હોસ્પિટલાદિમાં રહેવું પડે તો લાખોનો ખર્ચો કોઈ ચૂકવી ન શકે, એના કારણે સાધ્વીગણની પરેશાનીનો પાર ન રહે.

**(૪) અસહિષ્ણુ-અભીતપરિષદ :** પરાઘાતનો ઉદય નહિ, એટલે કોઈ ગભરાય નહિ. પરંતુ રૂપ સારું, વેદોદય હોય, આદેય + યશ નામકર્મોનો ઉદય હોય... આ અધિપતિ પણ ભારે નુકસાનકારી બને.

શાસ્ત્રકારો સ્પષ્ટ ફરમાવે છે કે છેલ્લા ત્રણ ભાંગામાંથી કોઈપણ સાધુ જો સાધ્વીગણાધિપતિ પદ સ્વીકારે, તો એ સ્વીકાર કરવાનું પણ પ્રાયશ્ચિત્ત પામે. એ પછી જે દોષો ઊભા થાય એનું પ્રાયશ્ચિત્ત તો વધારામાં જ !

બીજા બધા ગુણ ઓછા-વત્તા હોય તો હજી ચાલે, ભલે એ અધિપતિ નવકારશી કરે, કદાચ કારણસર આધાકર્મી વાપરે, બેઠાબેઠા પ્રતિક્રમણ કરે... પણ આ બે ગુણો તો અવશ્ય જોઈએ જ. જો એકપણ ગુણની ખામી હશે તો ઉપર બતાવ્યા પ્રમાણે ભારે નુકસાન થવાની પાકી શક્યતાઓ રહેલી છે.

ખરેખર તો અધિપતિ બનનારની જ ફરજ છે કે "એણે જાતે પોતાની લાયકાતનો વિચાર કરીને જો આ બે ગુણો ન હોય તો અધિપતિપદ સ્વીકારવું ન જોઈએ."

પણ હવે એ જો આવો વિવેક કરી ન શકે તો છેવટે સાધુગણે અને સાધ્વીગણે તો વિવેક કરવો જ જોઈએ કે *"અમારા અધિપતિ આ બે ગુણવાળા છે? એ સ્વયં વિરાગી-નિર્વિકારી હોવા ઉપરાંત અમારો સાચો યોગ-ક્ષેમ કરી શકે એવા છે ? જો અમારા અધિપતિ ભીતપરિષદ ન હોય તો લૌકિકદષ્ટિએ અમને ખૂબ ફાયદો થાય કે અમારે જેમ વર્તવું હોય તેમ વર્તી શકીએ. પણ એવા સ્વચ્છંદતાદિ લાભો જ ભોગવવા હોત તો અમારે સંસાર હતો જ. સંયમ કંઈ આ માટે થોડું સ્વીકાર્યું છે ? સંયમ તો લોકોત્તર લાભો માટે લીધું છે. મશ્કા લગાડનાર, મીઠું-મીઠું જ બોલનાર, અમારી બધી વાતોમાં હા ભણનાર અધિપતિ અમને આલોકમાં ભલે મીઠા લાગે, પણ પરલોક માટે તો એ અમારા શત્રુ જ બની રહે છે."*

જો અધિપતિ અને સાધ્વીગણ બંને આ વિવેક ધારણ કરે તો તે ગચ્છમાં જિનશાસનની જાહોજલાલી બેનમૂન બને એ નિશ્ચિત હકીકત છે.

આજે એક અધિપતિ એવા છે કે જે આ બંને ગુણો ધરાવે છે. તમામ સાધ્વીજીઓની ઉપકરણાદિ જરૂરિયાતો એ અધિપતિ જ પૂરી પાડે છે. તમામ સાધ્વીજીઓ દરવર્ષે દિવાળીમાં અધિપતિને આખા વર્ષનો હિસાબ લખી મોકલાવે છે કે "અમે ૧૨ મહિના દરમ્યાન શું શું ભણ્યા...?" એ પછી નવા વર્ષમાં "કોણે શું ક્યાં કોની પાસે ભણવું ?" એ બધું જ અધિપતિ ગોઠવે છે.

જે અઘરા ગ્રન્થો સાધ્વીજીઓ સ્વયં ભણી શકતા નથી, તે ગ્રન્થો ચોમાસામાં અધિપતિ ભણાવે છે. દરવર્ષે ચોમાસામાં જુદા જુદા સાધ્વીગ્રુપને સાથે રાખે, કાયમ એક ગ્રુપને સાથે ન રાખે. તમામ સાધ્વીજીઓની જવાબદારી હોવા છતાં ઉપાશ્રયમાં સાધ્વીજીઓની અવરજવર ખૂબ જ ઓછી ! અકાળે કોઈ સાધ્વીજી જોવા ન મળે.

આવા એક નહિ, ઘણા સાધ્વીગણાધિપતિઓ આજે જિનશાસનને શોભાવી રહ્યા છે.

આમ આજે પણ આવા સાધ્વીગણાધિપતિઓ છે તો ખરા જ.

એટલે જ *"આવા અધિપતિ એ તો માત્ર આદર્શ જ છે, બાકી કોઈ આવા અધિપતિ ન મળે. જેવા મળે એનાથી ચલાવી લેવાનું."* એવું માનવું ભૂલ ભરેલું છે એ નિશ્ચિત હકીકત છે.

# ૦૫-શાસ્ત્રીય વિહાર વ્યવસ્થા

પ્રાચીનકાળમાં એવી સંભાવના હતી કે "વિહારના ત્રાસથી ત્રાસેલા કેટલાકો નિત્યવાસી બની જાય. એક જ જગ્યાએ લાંબો ટાઈમ રહી પડે, ગોચરી-પાણી વગેરે બધી જ અનુકૂળતા હોવાથી એમને વિહાર ઓછા ગમે."

પણ આ રીતે રહેવામાં તે ક્ષેત્રના લોકોને અણગમો + સાધુઓને ક્ષેત્ર ઉપર મમત્વ + શ્રાવકો પ્રત્યે ગાઢ અનુરાગ + સુખશીલતા વગેરે દોષો ઉભા થાય. એટલે શાસ્ત્રકાર મહર્ષિઓએ સાધુઓને એક સ્થાને શેષકાળમાં ૧ માસ કરતા વધારે રહેવાની ઉત્સર્ગમાર્ગે ના કહી. કારણ વિના જો સાધુઓ ૧ માસ કરતા વધારે રોકાય તો એ 'નિત્યવાસ' નામનો દોષ સેવનારા ગણાય. એનું એમને પ્રાયશ્ચિત્ત આવે. ('એક સ્થાને આખી જીંદગી રહે તો નિત્યવાસ' એવો જ માત્ર અર્થ નથી, પણ શાસ્ત્રીય મર્યાદા કરતા વધારે કાળ નિષ્કારણ રહે, તો પણ નિત્યવાસ કહેવાય.)

આમ એક ક્ષેત્રમાં શેષકાળમાં ૧ માસ કરતા વધુ રોકાવામાં દોષો દર્શાવીને સાધુઓને ૧ માસથી વધુ રહેવાનો નિષેધ કર્યો, પણ જ્યારે સાધ્વીજીઓની વાત આવી તો શાસ્ત્રકાર મહર્ષિઓએ એમ કહ્યું કે "સાધ્વીજીઓએ શેષકાળમાં ૧ સ્થાને ૨ માસ રહેવું. એ રીતે રહે તો એ જિનાજ્ઞાપાલક છે..."

સહજ રીતે **પ્રશ્ન** થાય કે "જો ૧ માસથી વધારે રોકાવામાં સાધુઓને દોષો દર્શાવી એમને વધુ રોકાવાની ના કહો છો, તો સાધ્વીજીઓને પણ એ દોષો લાગવાના જ છે, તો એમને એક જ સ્થાને બે માસ રોકાવાની છૂટ શા માટે ?"

આ પ્રશ્નના **ઉત્તર**માં મહાપુરુષો એ દર્શાવે છે કે "સાધ્વીજીઓ એક એક સ્થાનમાં બે માસ રોકાય તે જ બરાબર છે. જો તેઓ મહિને મહિને વિહાર કરે તો બીજા મોટા દોષોની સંભાવના છે. એ મોટા દોષોથી બચવા માટે એમણે એક સ્થાને બે માસ રોકાવું એ વધુ ઉચિત છે."

**પ્રશ્ન :** એવા તે કયા દોષો છે કે જેને લીધે તમે શ્રમણીઓને એક જ સ્થાને બે બે માસ રોકાવાની સંમતિ આપો છો ?

**ઉત્તર :** આ અંગે શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે કે-

***"मासे मासे क्षेत्रान्तरसङ्क्रमणे इमे दोषास्तासां भवन्ति... मांसादिपेशीसदृशी संयती सर्वस्याप्यभिलषणीयत्वात् । तथा तासां योग्या***

*वसतिर्दुर्लभा, क्षेत्रं च तत्प्रायोग्यं दुर्लभम् । ततो यथोक्तगुणविकलायां वसतौ दोषदुष्टे वा क्षेत्रे स्थाप्यमानानां बहवः प्रवचनविराधनादयो दोषा उपढौकन्ते ।"*

**અર્થ :** જો સાધ્વીજીઓ મહિને મહિને એક સ્થાનેથી બીજા સ્થાને જાય, તો એમને આ દોષો લાગે કે (૧) તેઓ માંસના ટુકડા સમાન છે, કેમકે બધાયને ઈચ્છનીય બને છે. (૨) તેઓને યોગ્ય વસતિ દુર્લભ છે. તેઓને યોગ્ય ક્ષેત્ર દુર્લભ છે. તેથી કહેલા ગુણ વિનાની વસતિમાં કે દોષદુષ્ટ ક્ષેત્રમાં રખાતા શ્રમણીઓને પ્રવચનવિરાધના વગેરે ઘણા દોષો લાગે.

આ આપણે અક્ષરાર્થ જોયો.

આનો **ભાવાર્થ** આ પ્રમાણે છે...

(ક) સાધ્વીજીઓની રક્ષા કરનાર પતિ–પુત્ર–પિતા–ભાઈ કોઈ નથી. તેઓ એકલા છે. હવે જે દુષ્ટ માણસો આ વાત જાણતા હોય, તેઓ તો એનો દુરુપયોગ કરવાના જ. આમ પણ પુરુષોને સ્ત્રી પ્રત્યે આકર્ષણ હોય. પણ સ્ત્રીના રક્ષક તરીકે પતિ–પુત્રાદિ હોય ત્યાં તેઓ કશું કરી ન શકે. પરંતુ સાધ્વીજીઓ એકલા હોય, (વર્તમાનમાં) કદાચ માણસ હોય તો પણ એ એકાદ–બે હોય, એ કંઈ બધાનું રક્ષણ કરવા સમર્થ ન બની શકે. એટલે વિહારોમાં સાધ્વીજીઓને દુષ્ટપુરુષોના આક્રમણનો ભય રહે.

એમાંય આજની પરિસ્થિતિ તો વધારે બિહામણી છે. હાઈ–વે ઉપર હજારો ટ્રકો રોજ દોડે. એ ચલાવનારાઓ અજૈન–દારૂડિયા–વ્યસની–દુષ્ટ હોવાની શક્યતા ઘણી ! સાધ્વીજીઓએ એ જ હાઈ–વે ઉપર વિહાર કરવાનો. વિહાર મોટા હોય તો સવારે અંધારામાં વિહાર કરવાના, સાંજે મોડા પહોંચે ત્યારે પણ અંધારામાં વિહાર કરવાના, પાણી ચૂકવવું હોય તો ધાબાઓમાં કે એવા વિચિત્ર સ્થાનોમાં પાણી વાપરવા બેસવાનું, હવે તો હાઈ–વે ઉપર રહેલા વિહારધામોમાં રાત્રિ રોકાણ કરવાનું... આ બધામાં ડગલે ને પગલે જોખમ છે.

શું એવા પ્રસંગો ક્યારેક નહિ બન્યા હોય ? કે જેમાં સાધ્વીજીઓ આવા જોખમનો ભોગ બન્યા હોય ? કદાચ એવા પ્રસંગો બન્યા હશે પણ એ બધું જાહેર થોડું જ થવાનું છે ? સાવ સૂમસામ સ્થાનોમાં એ દુષ્ટપુરુષોની સામે સાધ્વીજીઓનું શું ગજું?

આ ભયથી બચવા માટે શાસ્ત્રકારોએ સાધ્વીજીઓને એક જ સ્થાને બે-બે માસ રહેવાની રજા આપી. આખા વર્ષમાં માત્ર ચાર-પાંચ વખત જ એક સ્થાનેથી બીજા સ્થાને જવાનું રહે. એટલે માત્ર ચાર-પાંચ વખત જ રક્ષા કરવાનું કામ કરવું પડે. જેમાં ઝાઝી મુશ્કેલી ન પડે. એમાં ય વળી જો સ્થાન એવું હોય કે જેમાં કોટ-કિલ્લાની અંદર અને બહાર એમ બે સ્થાનો હોય, ગોચરીના ઘરો અને સ્થંડિલભૂમિ બદલાઈ જતા હોય, તો તો બે માસ ગામની અંદર અને બે માસ ગામની બહાર રોકાવાની પણ રજા આપી છે.

સાર એ કે જો એ ગામ કે નગર મોટું હોય, બે જુદા સ્થાનો હોય, બંને સ્થાને ગોચરીઘરો વગેરે બદલાઈ જતું હોય, તો એ બે સ્થાનમાં કુલ ચાર માસ રહેવાની રજા છે. આ રીતે તો માત્ર બે જ વાર આખા વર્ષમાં વિહાર કરવો પડે. કેમકે ગામડાઓમાં કે શહેરોમાં લગભગ આવા બે-ચાર-દસ સ્થાનો મળી જ રહે છે.

આખા વર્ષમાં માત્ર બે કે ત્રણ વાર જ વિહાર શાસ્ત્રકારોએ સાધ્વીજીઓના બ્રહ્મચર્યની રક્ષા માટે દર્શાવ્યો છે.

**(ખ)** સાધ્વીજીઓને યોગ્ય ઉપાશ્રયો જલ્દી ન મળે, કેમકે એ દુર્લભ છે. આગળ સાધ્વીજીઓના ઉપાશ્રયનું વર્ણન કરશું, ત્યારે ખ્યાલ આવશે કે આવા ઉપાશ્રયો તો ખૂબ દુર્લભ છે. મુખ્યત્વે સાધુઓને જેવા ઉપાશ્રયો જોઈએ, એના કરતા સાધ્વીજીઓને જરૂરી ઉપાશ્રયો ૧૦ ગણા દુર્લભ તો હશે જ. હવે જો મહિને મહિને વિહાર કરવામાં આવે તો એક વર્ષમાં કુલ ૯ સ્થાનો તો શોધવા જ પડે. જ્યારે બે-બે મહિને વિહાર કરવામાં આવે તો ૪-૫ જ સ્થાનો શોધવા પડે, આમ ઘણું જોખમ ઘટી જાય.

**(ગ)** ઉપાશ્રયની માફક સાધ્વીજીઓને યોગ્ય ક્ષેત્ર પણ અતિ દુર્લભ છે. સાધુઓ જેવા ક્ષેત્રોમાં રહી શકે, એના કરતા સાધ્વીજી પ્રાયોગ્ય ક્ષેત્ર શાસ્ત્રદૃષ્ટિએ ઓછામાં ઓછું દસગણું દુર્લભ હશે. એ વાત પણ આગળ કહેવાતા પદાર્થોથી સમજાશે. એટલે બે-બે માસ રહીને વિહાર કરે તો આવા ક્ષેત્રો ઓછા શોધવા પડે, એટલે જોખમ ઘણું ઘટી જાય.

આમ, આ ત્રણ કારણો એવા છે કે જેના લીધે સાધ્વીજીઓને એક સ્થાને બે માસ રહેવાનું ફરમાન કરવામાં આવ્યું છે.

આમાં સહેલાઈથી સમજી શકાય છે કે આ આખી ય વ્યવસ્થા મુખ્યત્વે

બ્રહ્મચર્યની રક્ષા માટે જ છે. સાધ્વીજીઓને આ ભયથી ઉગારી લેવા જ આ છૂટ આપવામાં આવી છે. હવે બધા જાણે છે કે **"બ્રહ્મચર્યમાં કોઈ અપવાદ નથી."**

હવે જો બ્રહ્મચર્યમાં અપવાદ ન હોય, તો એની રક્ષા કરવા માટે ગોઠવાયેલા આચારોમાં છૂટછાટ લેવી એ જોખમવાળું કામ ન કહેવાય ? જરાક તો વિચારો કે ૧-૧ મહિને વિહાર કરવામાં પણ જો શાસ્ત્રકારોને બ્રહ્મવ્રતઘાતનો ભય લાગતો હોય તો રોજેરોજના વિહાર શાસ્ત્રકારો માન્ય કરી શકશે ખરા ? સાધ્વીજીઓ સવાર-સાંજ, એક-બે-ત્રણ દિવસે વિહારો કરી સ્થાન બદલી કરે એમાં શું એ મહાપુરુષોને ભય નહિ લાગતો હોય ?

સાધ્વીજીઓને વર્તમાનમાં શેષકાળ દરમ્યાન જે સેંકડો-હજારો કિ.મી.ના વિહારો કરવા પડે છે, એમાં બીજી પણ કેટકેટલી મુશ્કેલી પડે છે ? એ આ કાળની દૃષ્ટિએ હવે વિચારીએ.

**(ક)** વિહારો લાંબા હોય એટલે અંધારામાં નીકળવું પડે. એમાં અકસ્માત થવાનો ભય રહે. દર વર્ષે આવા પાંચ-દસ પ્રસંગો તો અકસ્માતના બને જ છે.

**(ખ)** પૂર્વે જણાવ્યું એ પ્રમાણે હાઈ-વે વિહારમાં શીખડાઓ, મુસ્લિમો, ડ્રાઈવરો, દારૂડિયાઓ વગેરે બધાનો ભારે ભય રહે.

**(ગ)** જો સ્વરક્ષણ માટે સાથે સાઈકલવાળા બે-ચાર ભાઈઓ રાખે તો પેલો ભય તો દૂર થાય, પણ આ સતત સાથે રહેતા ચાર રક્ષકો દ્વારા જ ભક્ષણ થઈ જવાનો ભય રહે. વધુ પડતો પરિચય કદાચ ઉભયપક્ષે ભાન ભૂલાવે.

**(ઘ)** ડામરના રસ્તાઓ વગેરે ઉપર સાધ્વીજીઓની ચામડી જલ્દી ઘસાઈ જાય. પગમાં તિરાડ પડે, લોહી નીકળે... પછી જોડા પહેરવાનો વખત આવે. આમ ધીરે ધીરે ખુલ્લા પગે વિહાર કરવાનો આચાર સમૂળગો નાશ પામે.

**(ચ)** રોજે રોજ સ્થાનો બદલાય, ગોચરીના ઘરો ન હોય, છેવટે આધાકર્માદિ દોષો કાયમ માટે સેવવાનું શરૂ થાય. એમાં નિષ્ઠુરતા પણ આવી જાય.

**(છ)** રોજે રોજના વિહારોથી શરીર થાકે, આરામ કરવો પડે, સ્વાધ્યાયનો ઉલ્લાસ ન જાગે, વિકથાઓ કરવાનું મન થાય, આખો દિવસ પ્રમાદમાં પસાર થાય.

**(જ)** સ્થંડિલ-માત્રાના સ્થાન બધે તો બરાબર ન જ મળે. એમાં ગમે ત્યાં પરઠવવાની હિંમત કરે તો શાસનહીલના થાય. વાડા-સંડાસાદિના ઉપયોગમાં સંયમવિરાધના થાય અને અજાણ્યા સ્થાનોમાં દૂર-એકાંતમાં સ્થંડિલ જવા હિંમત

કરે, તો દુષ્ટપુરુષોના હાથમાં ફસાઈ જવાનો ભય રહે.

(ઝ) ધીમે ધીમે શરીર ઘસાવા લાગે, નાની ઉંમરમાં ડોળી વગેરેનો ઉપયોગ શરુ કરવો પડે, જાત–જાતના રોગો અતિવિહારના કારણે ઉત્પન્ન થાય.

(ટ) ડોળીવાળા – વ્હીલચેરવાળા – સાઈકલવાળા માણસોનો મોટો પગાર ચુકવવાનો, એમની ત્રણ ટાઈમ જમવા–ઓઢવા–ઉંઘવાની વ્યવસ્થા કરવાની, ગામે–ગામ એ વ્યવસ્થા કરવી અઘરી પડે એટલે મોટા સ્થાનોમાં ભક્તો વગેરે પાસેથી એ માણસોને પહેલેથી પૈસા અપાવી રાખવાના. (એ રીતે પૈસા અપાવીએ તો એ બધા પૈસા લઈને ભાગી જતા હોવાથી છેવટે પોતાની પાસે જ પૈસા રાખવાનો વખત પણ આવે. જાતે પૈસા અડવાના, રાખવાના, ગણવાના, આપવાના... આમાં પાંચમા મહાવ્રતનો ઘાત ન થઈ જાય ?)

આવા બીજા પણ અનેક પ્રકારના દોષો લાગી શકે. એમાં ય સાધ્વીજીઓને તો વિશેષ પ્રકારે લાગી શકે.

જો નિર્દોષ જીવન જીવવું હોય તો એવું નથી લાગતું ? કે આપણે આ અતિવિહાર બંધ કરવા જોઈએ ? વિહારો ઘટાડી દેવા જોઈએ ? સુરક્ષિત સ્થાનોમાં એક–એક, બે–બે માસ રોકાવું જોઈએ.

માની લઈએ કે જે જે અસુરક્ષિતસ્થાનો છે, ત્યાં વધારે ન રોકાવું, પરંતુ જે સુરક્ષિત સ્થાનો છે, એમાં તો શાંતિથી રહેવાય ને ? કોણે આ અતિવિહાર કરવાની આજ્ઞા કરી ? કોણે સંયમને–બ્રહ્મચર્યને હોડમાં મૂકીને રોજીંદા વિહારો કરવાનો ઉપદેશ આપ્યો ? ભગવાને તો આવું કરવાનું કહ્યું જ નથી. તો શું ભગવાને જે કહ્યું નથી, એવું પણ આપણે આપણી મતિથી ઊભું કરીને આચરી શકીએ ખરા ?

છ'રી પાલિત સંઘ છે એ સારું, નવ્વાણુંયાત્રાનો કાર્યક્રમ છે એ સારું, શિબિરો છે એ સારું, અંજનશલાકા–પ્રતિષ્ઠાદિ મહોત્સવ છે એ સારું, આચાર્યાદિ પદવીઓ છે એ સારું... પણ એ બધું આપણા સંયમની સુરક્ષાપૂર્વક થાય તો વધુ સારું ને ?

શ્રાવક–શ્રાવિકાઓ માટેના આ અનુષ્ઠાનોમાં એમને આરાધના કરાવવા માટે તે પ્રત્યેક પ્રસંગોમાં સાધુ–સાધ્વીજીની જરૂર છે એ વાત સાચી, પણ એ જરૂરિયાત પૂરી કરવાની વ્યવસ્થા એવી રીતે ગોઠવવામાં આવે કે અનુષ્ઠાનો પણ સચવાય અને મોટાભાગના સાધુ–સાધ્વીઓના સંયમ–સ્વાધ્યાય પણ સચવાય, તો

એ કેટલું બધું સરસ !

"સંખ્યા વધુ હોય તો શાસનપ્રભાવના ખૂબ થાય" એ વાત સાચી હોય તો પણ  શાસ્ત્રીયદૃષ્ટિએ જીવન જીવવું એ પણ શું જબરદસ્ત કોટિની પ્રભાવના નથી? વળી જાતને જ પૂછીએ ને કે શું ખરેખર શાસનપ્રભાવનાના એકમાત્ર લક્ષ્યથી જ આપણે આ અતિવિહાર કરીએ છીએ ? શું આવા પ્રસંગોમાં મલિનવૃત્તિઓ પણ ભેગી કામ નથી કરતી ને ?

ખોટું લાગે તો ક્ષમા કરજો, પણ ખોટું લગાડવાથી સચ્ચાઈ મટી જવાની નથી. "આવું બધું લખવું ન જોઈએ..." એમ કહી દેવા માત્રથી કંઈ પેલા દોષો લાગવાના તો બંધ થઈ જવાના નથી જ.

આ સત્યને સમજીને માત્ર ૧૦% સંયમીઓને પણ જો એવી શ્રદ્ધા થશે કે *"ના, આ વિહારપદ્ધતિ જ આદરણીય છે. આપણા અતિવિહાર ખોટા છે. પ્રભુની આ આજ્ઞા સો ટચના સોના જેવી છે. ભૂતકાળ કરતા પણ આજે વધુ આદરપાત્ર છે..."* તો ભલે કદાચ તેઓ એ પ્રમાણે ન જીવે તો પણ આવી સમજણ એમને સાંપડી, શ્રદ્ધા થઈ એટલે આ લેખ સફળ છે.

રે ! કદાચ કોઈને કંઈ જ ફાયદો ન થાય તો પણ શુદ્ધભાવથી સસૂત્રપ્રરૂપણા કરવા દ્વારા એકાંતે નિર્જરાની પ્રાપ્તિ તો મને થવાની જ છે.

સાધુઓ અને સાધ્વીજીઓ ક્રમશઃ આ એક માસ અને આ બે માસ એક-એક યોગ્ય સ્થાને રોકાઈને વિહાર કરવાની પદ્ધતિ ઉપર શાંતચિત્તે વિચાર કરે.

## ૦૯–કેટલા સાધ્વીજીઓ સાથે ગોચરી જાય ? એક, બે કે ત્રણ ?

સાધુ કે સાધ્વીજીએ એકલા રહેવાનું નથી એટલું જ નહિ, પણ ઉપાશ્રયમાં ઘણા સાધુઓની સાથે રહેનાર સાધુએ ગોચરી લેવા, પાણી લેવા, સ્થંડિલ માત્રુ, વિહારમાં... કશે પણ એકલા જવાનું નથી. ઉપાશ્રયની બહાર નીકળનાર સાધુ કે સાધ્વીજી સાથે સંઘાટક જોઈએ જ.

આ આચાર તો બધા જાણે જ છે. જોગમાં આ રીતે બધું પાલન પણ કરાય છે. પણ એક વાતની લગભગ ઘણા ઓછાને ખબર છે, એમાં પણ જેમને માટે એ આચાર છે, તેઓ તો લગભગ સાવ જ એ બાબતની અજાણ છે.

એ બાબત એ છે કે સાધ્વીજીઓ જ્યારે ગોચરી વહોરવા જાય ત્યારે એમની સંઘાટક વ્યવસ્થા શું છે ? શું કોઈપણ એકલા સાધ્વીજી ગોચરી જઈ શકે ? શું બે સાધ્વીજી ગોચરી જઈ શકે ?

શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે–

(ક) જો બે વૃદ્ધ સાધ્વીજીઓ સાથે ગોચરી જાય, તો પણ પ્રાયશ્ચિત્ત આવે.

(ખ) જો એક યુવાન સાધ્વીજી અને એક વૃદ્ધ સાધ્વીજી સાથે ગોચરી જાય, તો પણ પ્રાયશ્ચિત્ત આવે.

(ગ) જો એક વૃદ્ધા સાધ્વીજી ગોચરી જાય, તો પણ પ્રાયશ્ચિત્ત આવે.

(ઘ) જો એક યુવાન સાધ્વીજી ગોચરી જાય, તો પણ પ્રાયશ્ચિત્ત આવે.

આ રીતે ગોચરી જનારા સાધ્વીજીઓ આજ્ઞાભંગ, મિથ્યાત્વ, અનવસ્થા અને વિરાધના એ ચારેય દોષોના ભાગીદાર બને.

આ રીતે ગોચરી ન જવાના જે કારણો દર્શાવ્યા છે, તે આ પ્રમાણે છે કે "એકલા વૃદ્ધ સાધ્વીજી કે બે વૃદ્ધ સાધ્વીજીને લોકો કુટ્ટિની કલ્પે."

આશય એ છે કે એ જમાનામાં વેશ્યાવાડાઓ તે તે સ્થાનોમાં રહેતા, તે વેશ્યાનો ધંધો ચલાવનાર બાઈ અક્કા કહેવાતી. એ મોટા ભાગે ઘરડી રહેતી. એ બાઈઓ કપટી, વિચિત્ર, ક્રુર હોય એ સ્વાભાવિક છે. તો જ એ આવા ધંધા ચલાવી શકે. આ બાઈઓ પોતાના ધંધા માટે સારી સારી રૂપવાન સ્ત્રીઓનું અપહરણ પણ

કરાવતી.

એ ભોળી–કુલીન સ્ત્રીઓને ઊંધુ–ચત્તુ સમજાવી એવી રીતે ફસાવી દેતી કે એ બિચારી સ્ત્રીઓ આ પાપોમાં ફસાઈ જતી. આખી જીંદગી માટે એ મલિન કાર્યો એ સ્ત્રીઓએ કરવા પડતા. એ જમાનો હતો કે જેમાં આવા વેશ્યાગૃહો રાજમાન્ય હતા, એ જમાનામાં માણસો પણ વેંચાતા, રૂપવાન સ્ત્રીઓ પણ વેંચાતી. છડેચોક એ ખરીદ–વેચાણના ધંધા પણ થતા.

આ બધું લોકો જાણતા, લોકો એવી ઘરડી અક્કાઓને, એમના કારનામાઓને પણ જાણતા. કોઈ કશું કરી ન શકતા, પણ મનમાં તો એ અક્કાઓ પ્રત્યે તિરસ્કાર જ ધરાવતા. હવે જો કોઈક વૃદ્ધ સાધ્વીજી એકલા ગોચરી નીકળે તો લોકો જોઈને એમ પણ સમજી બેસે કે *"આ તો કોઈ અક્કા કોઈકને ફસાવવા માટે નીકળી છે. માટે જ ઘેર ઘેર ફરે છે, કોઈકને શિકાર બનાવી દેશે..."*

આવી શંકા લોકોના મનમાં ઊભી જ ન થાય એ માટે એકલા વૃદ્ધા સાધ્વીજી ગોચરી ન જતા.

એમ જો બે વૃદ્ધા સાધ્વીજી નીકળે, તો લોકો એવી શંકા કરે કે– *"કોઈક પુરુષે કોઈક પરસ્ત્રીમાં આસક્ત બનીને એને કંઈક સંદેશો પહોંચાડવા માટે આ બે ઘરડી સ્ત્રીઓને મોકલી લાગે છે. એ પુરુષ સ્વયં આવતા ગભરાતો હશે, "બે ઘરડી સ્ત્રીઓને મોકલીશ, તો કોઈને શંકા નહિ પડે." એમ વિચારીને આ બે સ્ત્રીઓને મોકલી હશે."*– આવી શંકા થવાનો સંભવ હોવાથી બે વૃદ્ધા સાધ્વીજીઓએ પણ ગોચરી ન જવું.

જો બે યુવાન સાધ્વીજી ગોચરી જાય તો લોકો એમને ધુતારી–ઠગારી સમજી બેસે, માટે એ રીતે પણ ગોચરી ન જવું.

જો એકલા યુવાન સાધ્વીજી જાય તો કોઈક એનો ગેરલાભ ઉઠાવે. માટે એકલા યુવાન સાધ્વીજીએ પણ ન જવું.

આ શાસ્ત્રીય કારણો દર્શાવ્યા.

પ્રાચીનકાળમાં એવું ન હતું કે "માત્ર જૈનોના ઘરે જ ગોચરી જવાનું." પરંતુ જૈન–અજૈન તમામને ત્યાં ગોચરી જવાનું બનતું. ક્ષત્રિયો, બ્રાહ્મણો, દરબારો, ભરવાડો... બધી અનિંદનીય જાતિઓમાં સાધ્વીજીઓ પણ ગોચરી જતા. હવે આ અજૈનોમાં ગોચરી જવાનું હોય એટલે ઉપરની બધી શક્યતાઓ રહેતી.

હવે એક વાત માની લઈએ કે અત્યારે એક વૃદ્ધા સાધ્વીજીને કુટ્ટિની તરીકે કોઈ વિચારે, કે બે વૃદ્ધા સાધ્વીજીને દૂતી તરીકે કે બે યુવાન સાધ્વીજીને ધુતારી તરીકે કોઈ કલ્પે એ શક્યતા નહિવત્ છે. કેમકે મોટાભાગે અત્યારે જૈનઘરોમાં જ સાધ્વીજીઓ ગોચરી જાય છે. અને અજૈનોમાં પણ આ વાત ઘણી પ્રચલિત બની છે કે *"જૈન સાધુ-સાધ્વીઓ આવી રીતે ઘેર-ઘેર ફરીને ગોચરી વહોરતા હોય છે."* એટલે ઉપરોક્ત શંકાઓ લગભગ ઉત્પન્ન નથી થતી. આ કારણસર કદાચ અપવાદરૂપે આજે આ સંમતિ આપી પણ દેવાય કે "બે વૃદ્ધા કે બે યુવાન સાધ્વીજી ગોચરી જઈ શકે." પરંતુ માત્ર એક યુવાન સાધ્વીજીને ગોચરી મોકલવાની વાત તો આજે પણ ઉચિત જણાતી નથી જ. કેમકે-

**(ક)** આજે ઘણા સાધ્વીજીઓ ગામડાઓમાં અજૈનોના ઘરોમાં પણ ગોચરી જતા હોય છે. હવે જો ત્યાં એકલા યુવાન સાધ્વીજી ગોચરી જાય અને કોઈક અજૈનને મલિન વિચાર આવે, "ગોચરી વહોરવા પધારો" એમ કહી એકાંત ઘરમાં લઈ જાય, બારણું બંધ કરી દે તો ?

**(ખ)** એકલા યુવાન સાધ્વીજી ઘણી વધારે ગોચરી લાવે, તો ગોચરી લાવતા હાથ નમી જાય, ઝડપથી ચાલવું પડે... આ બધું સાધુ માટે પણ યોગ્ય ન દેખાય તો નમ્રતા-મંદતાદિ સ્વભાવવાળી સ્ત્રીઓ માટે તો કેવું બેહુદું લાગે ?

**(ગ)** વૃદ્ધા સાધ્વી ઓછામાં ઓછા ૫૦-૬૦ વર્ષના તો ગણવા જ પડે ને? એ પણ જો એકલા ગોચરી જાય, તો થાકી જાય. લોકોમાં નિંદા થાય કે "પેલા સક્ષમ સાધ્વીજીઓ આરામ કરે છે, અને બિચારા ઘરડા સાધ્વીજીને કામ કરાવે છે..."

**(ઘ)** એકલા યુવાન સાધ્વીજી કોઈકના પરિચયમાં આગળ વધે તો ? બહેનો સાથે ઘણી વધુ વાતો કર્યા કરે તો ? ગોચરીના ગમે તેવા દોષ સેવવા લાગે તો ?

આવી ઘણી બાબતો વિચારવા જેવી છે.

શાસ્ત્રીય દષ્ટિએ વિચારીએ તો-

બે વૃદ્ધ = સ્થવિર સાધ્વીજીઓ અને એક યુવાન એમ ત્રણ સાધ્વીજીઓએ સાથે ગોચરી જવાનું છે. યુવાન સાધ્વીજી વચ્ચે ચાલે, આગળ-પાછળ વૃદ્ધા સાધ્વીજીઓ ચાલે. ઘરમાં પ્રવેશે કે ઘરમાંથી નીકળે... બધે આ જ પ્રમાણે તેઓ ચાલે. યુવાન સાધ્વીજીને સર્વત્ર વચ્ચે જ રાખે. પ્રાચીનકાળમાં એવું બનતું હશે કે જો યુવાન

સાધ્વીજી સૌથી આગળ ચાલે, તો ક્યારેક એ ઘરમાં પ્રવેશ કરે અને બે વૃદ્ધાઓ પ્રવેશ કરવાના બાકી હોય ત્યારે જ દુષ્ટપુરુષો જોરથી બારણું બંધ કરી દે તો અંદર યુવાન સાધ્વીજી ફસાઈ જાય, અપહરણ થઈ જાય. જો સૌથી છેલ્લા રહે તો બે વૃદ્ધાઓ અંદર પ્રવેશ્યા બાદ તરત જ દુષ્ટપુરુષો બારણું બંધ કરી દે. તો બહાર યુવાન સાધ્વીજી એકલા પડી જાય, એ પછી એ લોકો એમનું અપહરણ કરી લે.

એમ ઘરમાંથી બહાર નીકળવામાં પણ જો યુવાન સાધ્વીજી પહેલા નીકળે તો એમના નીકળતા જ દુષ્ટ માણસો બારણું બંધ કરી બે વૃદ્ધાને અંદર પુરી એકલા પડેલા યુવાન સાધ્વીજીનું અપહરણ કરી જાય. જો યુવાન સાધ્વીજી સૌથી છેલ્લે ઘરમાંથી બહાર નીકળે તો બે ઘરડા સાધ્વીજી નીકળતા જ દુષ્ટપુરુષો બારણું બંધ કરી અંદર યુવાન સાધ્વીજીને ફસાવી દે. ઘરની પાછળથી ઉપાડીને ભાગી જાય.

પણ જો યુવાન સાધ્વી વચ્ચે જ ચાલે, તો એ કદી ક્યાંય એકલા ન પડે. કમસેકમ એક વૃદ્ધા સાધ્વીજી તો એમની સાથે રહે. ભલે એ પણ અબળા છે, છતાં એકને બદલે બે સાથે હોય તો બચાવવાના પ્રયત્નો કરી શકે. એમાં થોડો ઘણો સમય નીકળી જાય, તો ત્યાં સુધીમાં રાડારાડી સાંભળીને લોકો બચાવવા પણ આવી શકે. સાધ્વીજીઓ બુમો પાડતા જાય અને દુષ્ટપુરુષોના હાથમાંથી છૂટવાનો પ્રયત્ન કરતા જાય. બે-ત્રણ સાધ્વીજી સાથે ઝપાઝપી કરવામાં એ દુષ્ટપુરુષો સહેલાઈથી અપહરણ ન જ કરી શકે. વાર લાગે... ત્યાં સુધીમાં લોકો દોડતા આવી જાય તો પેલાઓએ ભાગી જવું પડે.

જિનશાસનની આ કેવી બેનમૂન વ્યવસ્થા છે ! શીલની, સંયમની રક્ષા માટે આ કેવી અદ્‌ભૂત ગોઠવણ કરી છે ! સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિને જેમ પ્રધાનતા આપી, એમ શીલરક્ષા-સંયમરક્ષા માટે પણ કેટલી બધી કડકાઈ રાખી ! ત્રણ ત્રણ જણે સાથે ગોચરી ફરવાનું, એમાં સમય ઘણો લાગે, થાક લાગે, સ્વાધ્યાય ઓછો થાય, વધુ માંડલીકાર્યો કરવા પડે... આ બધું જ કબુલ રાખીને પણ શાસ્ત્રકારમહર્ષિઓએ આ વ્યવસ્થા ગોઠવી છે.

શું આનો ભંગ કરવો એ શાસ્ત્રકારોની આશાતના-ઉપેક્ષા ન કહેવાય ?

શું આનો ભંગ કરવો એ શીલ-સંયમની ઉપેક્ષા ન ગણાય ?

શું આનો ભંગ કરનારાઓ નાના-મોટા દોષોનો ભોગ ન બને ?

શું જિનાજ્ઞાપાલન પ્રત્યેક સંયમીની ફરજ નથી ?

શાસ્ત્રકારો ફરમાવે છે કે–

જો યુવાન સાધ્વીજી વિશિષ્ટરૂપવાળા હોય તો એ સાધ્વીજી કાયમ લોચ કરે. અર્થાત્ આમ તો સાધ્વીજીઓ ૪–૬ મહિને લોચ કરાવતા હોય, પણ એ ૪–૬ માસ દરમ્યાન જે વાળ વધે એ પણ રૂપને આકર્ષક બનાવનારા બને. એનાથી જોખમ વધે, એટલે જ વિશિષ્ટ રૂપવાળા સાધ્વીજીએ પોતાના મસ્તક ઉપર વાળ ન આવે, ન વધે એની કાળજી રાખવાની. વાળ વધે એમ લોચ કરતા જ રહેવું. ધારો કે દર મહિને મહિને કે ૧૫–૧૫ દિવસે લોચ કરી શકાય એટલા વાળ વધી જતા હોય, તો દર મહિને–મહિને કે ૧૫–૧૫ દિવસે લોચ કરાવવો. પણ વાળ વધવા ન દેવા.

તથા રૂપવતી સાધ્વીજીએ કપડાનો ગોળ દડા જેવો પિંડ કરી એ પીઠ ઉપર બાંધી રાખવો. એનાથી એ પીઠ આખી ઉપસેલી લાગે, એટલે રૂપ ખરાબ લાગે, કોઈને આકર્ષણ ન થાય. *"આ સાધ્વીજી કુબ્જા છે."* એવો વિચાર આવવાથી બીજા વિચારો જલ્દી ન જાગે તથા આ સાધ્વીજી સાથે કાયમ વધુ સંખ્યામાં સાધ્વીજીઓ રહે.

**પ્રશ્ન :** પણ આ રીતે ત્રણ–ત્રણ સાધ્વીજી સાથે ફરે તો એમને ગોચરી લાવતા ઘણી વાર લાગે ને ?

**ઉત્તર :** ના, એવું નથી. એક વસ્તુ ખ્યાલમાં રાખવી કે ગોચરી વહોરાવનાર મોટાભાગે સ્ત્રીઓ જ હોય છે. હવે પૂર્વકાળમાં તો અજૈનઘરોમાં પણ ગોચરી જવાનું ખૂબ જ બનતું. હવે અજૈનભાઈઓ જૈન સાધુઓ પ્રત્યે અતિ સદ્ભાવવાળા હોય એ ઓછું શક્ય બને. એટલે જૈનસાધુઓ ઘરે ગોચરી આવે, પોતાની સ્ત્રીઓ એમને હોંશે હોંશે વહોરાવે, ખૂબ ભાવ દેખાડે, બે વચ્ચે ગોચરી સંબંધી વાતચીતો થાય, "ફરી પધારજો, લાભ આપજો..." એમ ખૂબ ભક્તિથી સ્ત્રીઓ આમંત્રણ આપે. આ બધું કો'ક અજૈનોને ખૂંચે, ન ગમે એ સંભવિત છે.

*"મારા ઘરની સ્ત્રીઓ એ પરપુરુષ સાથે આટલો બધો ભાવ કેમ રાખે છે?"* એમ ઈર્ષ્યા–દ્વેષ એમને થાય. એટલે એવા ભાઈઓ પોતાના ઘરે સાધુઓ ગોચરી વહોરવા ન આવે એમ પણ ઈચ્છે. ક્યારેક સીધું કે આડકતરું સાધુને કહી પણ દે કે "તમારે અહીં ગોચરી નહિ આવવાનું." હવે આવા ગૃહસ્થના ઘરે ગોચરી જવામાં ઉલટી સાધુને જ મુશ્કેલીઓ થાય. એટલે સાધુઓએ આવા બધા ઘરો ગોચરીમાં

છોડી દેવા પડે.

પણ જો સાધ્વીજીઓ વહોરવા જાય તો એ ગૃહસ્થોને ઈર્ષ્યાદિ થવાનો પ્રશ્ન જ નથી. ઘરની સ્ત્રીઓ સાધ્વીજીઓ સાથે પરિચય વધારે, ભાવ દેખાડે, આમંત્રણ આપે... એ બધામાં એ ગૃહસ્થોને કશો વાંધો ન આવે. એટલે સાધ્વીજીઓએ આવા ઘરો છોડવાના હોય જ નહિ. એટલે એમને માટે ગોચરી સુલભ બને.

બીજી વાત એ કે મોટા ભાગે વહોરાવનાર સ્ત્રીઓ જ હોય અને તેઓ સાધુઓથી તો સંકોચ પામે જ, એમની સાથે આત્મીયતા ન રાખી શકે એટલે તેઓ સાધુઓને વ્યવસ્થિત ન વહોરાવે. જ્યારે સાધ્વીજીઓ સાથે તો સ્ત્રીઓને પરિચય પણ થાય, એમની પાસે અંગત ઉપદેશાદિ પણ સાંભળી શકે, એનાથી પણ લાગણી ખૂબ વધે. સાધુ આ બધું ન જ કરે, કેમકે એણે તો સ્ત્રીપરિચયથી લાખ યોજન દૂર ભાગવાનું છે. એટલે સાધ્વીજીઓને બહેનો પાસેથી જ ગોચરી વહોરવાની હોવાથી એમના માટે ગોચરી સુલભ બને, એટલે પણ ત્રણ-ત્રણ સાધ્વીજીઓ સાથે ગોચરી વહોરવા નીકળે, છતાં બહુ વધારે સમય ન લાગે.

વર્તમાનકાળમાં ત્રણ-ત્રણ સાધ્વીજીઓએ સાથે ગોચરી જવું શક્ય ન બને તો છેવટે નીચે પ્રમાણે વિકલ્પો અપનાવાય.

**(ક)** બે યુવાન સાધ્વીજીઓ સાથે ગોચરી જાય, એકલા ન જાય.

**(ખ)** ૫૫ વર્ષની ઉપરના સાધ્વીજી હોય તો છેવટે એકલા ગોચરી જાય. એમાં જોકે ગોચરી સંબંધી દોષોની સંભાવના છે, પરંતુ બ્રહ્મચર્ય અંગે પ્રાયઃ કોઈ મુશ્કેલી ન પડે.

**(ગ)** જો એકલા યુવાન સાધ્વીજીએ ગોચરી જવું જ પડે તો સંઘના કોઈક પીઢ શ્રાવિકાને ઘરો બતાવવાના બહાને પહેલેથી છેલ્લે સુધી સાથે જ રાખવા. ભલે એમાં થોડીક વિરાધના થાય, છતાં એકંદરે આમાં ઘણું ઓછું નુકસાન છે. સાધ્વીજીને પણ નિર્ભયતા રહે. (શ્રાવક ઘરે ઘરે સાધ્વીજી સાથે ફરે એ સારું ન લાગે. હા ! ૬૦ વર્ષની ઉપરના ઘરડા માણસો ઘરો બતાવવા સાથે આવે તો હજી વાંધો નહિ, પણ યુવાન પુરુષો સાથે આવે એ યોગ્ય ન દેખાય...)

આ રીતે આપણે સાધ્વીજીઓ અંગેની શાસ્ત્રીય ગોચરીવિધિ અને વર્તમાન અપેક્ષાએ આપવાદિક ગોચરીવિધિ જોઈ.

## ૦૭-વડીનીતિ માટે ક્યાં જવાનું ?

**અષ્ટપ્રવચનમાતા** પુસ્તકમાં પારિષ્ઠાપનિકાસમિતિના વર્ણનમાં સ્થંડિલ-માત્રુ વોસિરાવવા અંગેની વિધિ ઘણી જ વિસ્તારથી દર્શાવી દીધી છે. એમાં જ વર્તમાનકાળની દૃષ્ટિએ એ સ્થંડિલાદિ પરઠવવા સંબંધમાં કેવા વિચિત્ર બનાવો બન્યા છે, એ પણ ૨૨ સત્ય દૃષ્ટાન્તો દ્વારા દર્શાવી દીધું છે. એટલે વિશેષ જિજ્ઞાસુઓએ ત્યાંથી જ આની વિસ્તૃત માહિતી મેળવી લેવી.

અહીં એક જ વિષય ઉપર વધુ સ્પષ્ટતા કરવાની છે.

સાધુઓએ વડીનીતિ માટે અનાપાત-અસંલોક સ્થાનમાં જવાનું છે. જ્યાં તિર્યંચો-ગૃહસ્થો-સ્ત્રીઓ-સાધ્વીજીઓ કોઈ આવતું ન હોય એવું સ્થાન તે અનાપાત. જ્યાં દૂરથી પણ સંસારીઓ-સ્ત્રીઓ વગેરેની નજર પડતી ન હોય તેવું સ્થાન તે અસંલોક.

ઉત્સર્ગમાર્ગે સાધુઓ આવા જ સ્થાનમાં વડીનીતિ જાય. પરંતુ સાધ્વીજીઓએ આવા સ્થાનમાં વડીનીતિ જવાનું નથી. જો તેઓ આવા સ્થાનમાં જાય તો એમને દોષ લાગે, પ્રાયશ્ચિત્ત આવે.

એનું કારણ એ છે કે જ્યાં કોઈ તિર્યંચો પણ ન આવે, કોઈ મનુષ્યો, સ્ત્રીઓ, ગૃહસ્થો ન આવે એ સ્થાન તો સાવ જ એકાંતવાળું હોય, જંગલ જેવું હોય, સૂમસામ હોય. જો સાધ્વી આવા સ્થાનમાં સ્થંડિલ માટે જતા હોય અને દુષ્ટપુરુષોને ખબર પડે તો તેઓ ક્યારેક લાગ જોઈને ભયંકર પગલા ભરી બેસે. એ વખતે સાધ્વીજીઓ ચીસો પાડે, "બચાવો"ની બૂમો પાડે, તો પણ એ નિર્જન સ્થાનમાં તો કોણ સહાય કરવા આવે ? **સાબરમતી** રેલ્વે સ્ટેશને વહેલી સવારે સુમસામ જગ્યાએ સ્થંડિલ ગયેલા સાધ્વીજી ભગવંતને આ જ મુશ્કેલી પડી. વડીદીક્ષા પૂર્વે જ એ પ્રસંગના આઘાતથી એમનું મૃત્યુ થયું.

એટલે શીલરક્ષા માટે શાસ્ત્રકારોની સાધ્વીજીઓ માટે આ સ્પષ્ટ આજ્ઞા છે કે એમણે એવા એકાંતવાળા, નિર્જન સ્થાનમાં કોઈપણ હિસાબે સ્થંડિલ માટે ન જવું. બે-ત્રણ સાધ્વીજી ભેગા મળીને જાય તો પણ એ બરાબર લાગતું નથી.

શાસ્ત્રમાં કહ્યું છે કે સાધ્વીજીઓ જે ઉપાશ્રયમાં ઉતરે, એ ઉપાશ્રયની આજુબાજુ-પાછળ વાડા જેવા સ્થાનો હોય. પૂર્વના જમાનામાં કંઈ આજની જેમ

સંડાસ ન હતા. લોકોના ઘરો વિશાળ હતા. ઘરોની પાછળ જ ખુલ્લી, સ્થંડિલ–માત્રુ કરવા માટેની જગ્યા હોય, કુલીન સ્ત્રીઓ તેવા સ્થાનોમાં શંકાનિવારણ કરતી. આવા સ્થાનો સાધ્વીજીઓને ઉપાશ્રય રૂપે મળ્યા હોય તો આ સાધ્વીજીઓએ એ પુરોહડમાં જ = વાડા જેવા સ્થાનોમાં જ લઘુનીતિ – વડીનીતિ કરવી. બહાર જવું નહિ.

જો ગામમાં આવા પુરોહડ હોય, છતાં પણ સાધ્વીજી ગામની બહાર સ્થંડિલ જાય, ગામના વસ્તીવાળા ભાગથી દૂર સ્થંડિલ જાય તો એ અનાપાત–અસંલોક હોય કે કોઈપણ હોય એવા સ્થાને જનારા સાધ્વીજીને મોટું પ્રાયશ્ચિત્ત આવે. એટલે જો ગામમાં જ પુરોહડાદિ રૂપ જગ્યા મળતી હોય, તો સાધ્વીજીઓએ ગામની બહાર પણ નહિ જવાનું.

ગામની અંદર પણ જે પુરોહડાદિ જગ્યા મળે તે આપાત–અસંલોકરૂપ લેવાની. અર્થાત્ ગામની અંદર પણ કોઈક સ્થાન નિર્જન–એકાન્તવાળું હોય, તો તેવા સ્થાનમાં જવાનું નહિ.

જો ગામની અંદર પુરોહડાદિ રૂપ જગ્યા ન મળે તો પછી ગામની બહાર જઈ શકે પણ એ પણ આપાત–અસંલોકમાં જ જઈ શકે.

આ આખા પદાર્થનો સાર એટલો જ કે સાધ્વીજીઓએ વડીનીતિ માટે એવી જગ્યાએ જવાનું કે વડીનીતિ કરતા તેઓને કોઈ જોઈ ન શકે, પણ એ જગ્યાની આસપાસ લોકો તો હોય જ. એટલે કોઈ દુષ્ટ પુરુષો ઉપદ્રવ ન કરે. કદાચ ઉપદ્રવ કરવાનો પ્રયત્ન કરે તો પણ સાધ્વીજી બૂમો પાડે એટલે આસપાસથી લોકો ગમે તે રીતે બચાવવા આવી શકે.

**દા.ત.** રસ્તાની આસપાસની ગીચ ઝાડીમાં સાધ્વીજી જાય, તો કોઈ જોઈ ન શકે પણ બધા નજીકમાં જ હોય. ચારેબાજુ દિવાલવાળા અથવા તો એક–બે બાજુ દિવાલવાળા સ્થાનમાં બેસે તો દિવાલની પાછળ જ લોકો હોય છતાં કોઈ જોઈ ન શકે. ઉપાશ્રયમાં જ પાછળના ભાગમાં વાડા જેવું સ્થાન હોય, ઉપરથી ખુલ્લું હોય... આ બધા સ્થાનોમાં સાધ્વીજીઓ વડીનીતિ માટે જાય તો કશી મુશ્કેલી ન પડે.

અલબત્ત પ્રાચીનકાળમાં તો આવા સ્થાનો સહજ મળી રહેતા, કેમકે લોકો પણ બહાર સ્થંડિલ જતા. આજે તો લોકો સંડાસમાં જવા લાગ્યા, સાધ્વીજીઓના ઉપાશ્રયો જુદા બનવા લાગ્યા... એટલે એમાં તો સાધ્વીજીઓ માટે સ્પેશ્યલ વાડા બનાવવા પડે છે. એમાં વડીનીતિ પરઠવવાદિ માટે ભંગીની વ્યવસ્થા ગોઠવવી પડે

છે... એટલે આ બધી દૃષ્ટિએ સંયમવિરાધના થાય છે ખરી, પણ છતાં વર્તમાનમાં તો એમ લાગે છે કે જો આ વાડાની વ્યવસ્થા મળતી હોય તો સાધ્વીજીઓ બહાર સ્થંડિલ ન જાય. બહાર પરઠવવા પણ ન જાય એ ઉચિત છે. બહાર સ્થંડિલ જવામાં શીલભંગનો ભય ઉત્પન્ન થાય, ગમે ત્યાં પરઠવવામાં શાસનહીલનાનો ભય રહે. જ્યારે વાડામાં જવામાં મુખ્યત્વે સંયમવિરાધનાનો ભય રહે. પણ આ ત્રણેયમાં સંયમવિરાધના નાનો દોષ છે, એ તો બધા જ જાણે છે.

હા ! શીલભંગનો લેશ પણ ભય ન રહે એવા સ્થાનો મળી જાય તો ભલે બહાર વડીનીતિ જવાય, શાસનહીલનાનો લેશ પણ ભય ન રહે એવા સ્થાનો મળે, તો ભલે પ્યાલામાં કરીને વિધિ કરાય. પણ આ બેમાંથી એકનો પણ ભય રહે તો સંયમવિરાધના રૂપી નાનકડો દોષ અનિવાર્યરૂપે નાછૂટકે સ્વીકારી લેવો એમ જણાય છે.

આમાં સાધ્વીજીઓ નીચેની બાબતની કાળજી રાખી શકે.

**(ક)** જો બહાર વડીનીતિ જવું જ હોય તો કોઈપણ એક સાધ્વીજીએ તો ન જ જવું. ઓછામાં ઓછા બે જણે તો જવું જ. જો ઘરોમાં ગોચરી વહોરવા જવું હોય, તો પણ ઓછામાં ઓછા ત્રણ સાધ્વીજીને મોકલવાનું કહ્યું છે, તો એકાંતસ્થાને વડીનીતિ જવાનું હોય ત્યારે તો કમસેકમ બે સાધ્વીજી તો હોવા જ જોઈએ ને ? જોકે બે હોવા માત્રથી સંપૂર્ણપણે ભય ટળી જતો નથી, છતાં ઘણો ફરક પડે.

**(ખ)** જો વાડાની વ્યવસ્થા મળી જાય, તો બહાર સીધા જવાનું કે પરઠવવાનું ટાળવું.

**(ઘ)** સાધુઓના અને સાધ્વીજીઓના વાડા તદ્દન જુદા જ હોવા જોઈએ. સામસામે કે આજુબાજુમાં પણ ન હોવા જોઈએ.

આ અંગેની વિશેષ બાબતો **અષ્ટપ્રવચનમાતા** પારિષ્ઠાપનિકાસમિતિમાંથી જાણી લેવી.

# ૦૮ - કાલચારી સાધ્વીજીઓ

સાધુઓના ઉપાશ્રયમાં સાધ્વીજીઓએ ક્યારે આવવું, શા માટે આવવું એ અંગે શ્રી **ઓઘનિર્યુક્તિ**વૃત્તિકાર મહર્ષિ ફરમાવે છે કે સાધ્વીજીઓ ચૌદશને દિવસે પાક્ષિક ક્ષમાપના કરવા માટે સાધુઓના ઉપાશ્રયમાં આવે. ક્ષમાપના કર્યા બાદ નીકળી જાય. તથા આચાર્યભગવંત જો વાચના આપતા હોય તો એ માટે આવે.

બસ, માત્ર આટલા પ્રસંગે જ સાધ્વીજીઓ સાધુઓના ઉપાશ્રયમાં પ્રવેશે, બાકી સવાર–સાંજ વંદન કરવા પણ તેઓ આવી ન શકે.

એમ ન વિચારશો કે *"આચાર્ય ભગવંતશ્રીને વંદન કરવા તો આવી શકેને?"* કેમકે સામાન્ય સાધુઓ કે આચાર્યાદિ... એમને માત્ર વંદન કરવા રોજેરોજ આવવાનું શાસ્ત્રોએ કહ્યું નથી. ઉલટું એમ કરવાનો નિષેધ કરેલો છે.

આનું કારણ સ્પષ્ટ જ છે કે આ રીતે સાધ્વીજીઓ વારંવાર આવે, તો ઉપાશ્રયમાં રહેલા સાધુઓની એ તરફ દૃષ્ટિ જાય, સ્વાધ્યાયમાં વિક્ષેપ પડે, કદાચ ધીમે ધીમે પરિચય પણ વધે, લોકો જુએ તો બોલે પણ ખરા કે "સાધુઓ તો બ્રહ્મચારી છે, તો શા માટે સ્ત્રીઓ સાથે પરિચય રાખે છે ? એમના ઉપાશ્રયમાં શા માટે સાધ્વીજીઓ વારંવાર આવે છે ?"

વળી વારંવાર અવરજવરમાં સાધ્વીજીઓના સ્વાધ્યાયાદિ પણ બગડે.

એટલે જ જેઓ પાક્ષિકખામણા અને વાચના સિવાય વંદનાદિ માટે પણ ઉપાશ્રયમાં પ્રવેશ કરતા નથી, સાધુઓ સાથે પરિચય કરતા નથી એ કાલચારી સાધ્વીજીઓ કહેવાય. કાલચારી એટલે યોગ્ય કાળે જનારી... જેમ કુલવાન સ્ત્રીઓ અકાળે ઘરમાંથી બહાર પણ ન નીકળે, ગમે ત્યાં ન જાય, યોગ્યકાળે યોગ્યસ્થાને જાય. એમ સાધ્વીજીઓ પણ કાળચારી બને, અકાલચારી નહિ.

જે સાધ્વીજીઓ ઉપર દર્શાવેલા બે કારણ સિવાય પણ સાધુઓના ઉપાશ્રયમાં પ્રવેશ કરે, તે અકાલચારી સાધ્વીજીઓ કહેવાય. જેમ અકુલીન સ્ત્રીઓ, ખોટા રસ્તે ચડેલી સ્ત્રીઓ અકાળે પણ ઘરમાંથી બહાર નીકળે, અકાળે પણ ગમે ત્યાં જાય... આ સાધ્વીજીઓને એની ઉપમા આપવામાં આવી છે.

આ દોષ કંઈ નાનો–સુનો નથી.

**ઓઘનિર્યુક્તિ**માં તો કહ્યું છે કે માની લો કે એ સ્થાનમાં બે પ્રકારના

સાધુઓ છે. એમાં એક પ્રકારના સાધુઓ એવા છે કે જેઓ આધાકર્મી વાપરવું વગેરે દોષોવાળા છે, પાસત્થા, કુશીલાદિ છે. પણ તેઓ પાસે અકાળે કોઈ સાધ્વીજી આવતા નથી. જ્યારે બીજા સાધુઓ એવા છે કે જેઓ આધાકર્માદિ વાપરનારા નથી. બીજી બધી રીતે સારું જીવન જીવનારા છે, પરંતુ તેઓ પાસે અકાળે પણ સાધ્વીજીઓ આવે છે. સ્વાધ્યાય અને પાક્ષિકખામણા સિવાય પણ સાધ્વીજીઓ આવે છે, વાતો કરે છે, ઊભા રહે છે, બેસે છે... તો બહારથી વિહાર કરીને આવનાર સાધુએ આ બેમાંથી કોની સાથે રહેવું ?

અકાલચારીસાધ્વીરહિત પણ આધાકર્માદિદોષવાળા પાસત્થાદિ સાથે રહેવું ? કે અકાલચારી સાધ્વીવાળા નિર્દોષ ગોચરી વગેરે ગુણોવાળા અન્ય સાધુઓ સાથે રહેવું ?

શાસ્ત્રકાર મહર્ષિએ ચોક્ખું લખ્યું છે કે "પાસત્થાદિ સાથે રહેવું, પરંતુ અકાલચારીસાધ્વીવાળા સાધુઓ સાથે ન રહેવું."

એનું કારણ વિચારીએ તો એમ લાગે કે–

આગંતુક સાધુ તો એકાદ–બે દિવસમાં નીકળી જવાનો છે, એટલે સાધ્વીજીઓ આવે તો ય એ તો પોતાની આરાધનામાં મશગુલ રહીને બે દિવસ પસાર કરી શકે. એમાં એને પોતાને કંઈ વાંધો ન આવે. વળી ગુરુએ કામસર મોકલેલો આ એકાકી સાધુ પ્રાયઃ ગીતાર્થ જ હોય તો જ ગુરુ એને એકલો મોકલે ને? એટલે આવા પરિપક્વ ગીતાર્થ સાધુને એક–બે દિવસ ત્યાં રહેવામાં સ્વયં કશી મુશ્કેલી ન પણ પડે. પણ

**(ક)** જીવ નિમિત્તવાસી છે. એક–બે દિવસ પણ સાધ્વીજીઓની વારંવારની અવરજવર જોઈ, વિજાતીય દર્શન–પરિચયાદિથી એને પણ ખરાબ વિચારો આવે. સાધ્વીજીઓ આગંતુક સાધુને વંદનાદિ કરવા આવે, એ રીતે પણ પરિચયાદિ થાય. આ નિમિત્તો એને નુકસાન કરી બેસે.

**(ખ)** એ સ્થાનિક સાધુઓ અને અકાલચારી સાધ્વીજી વચ્ચે કંઈક ગરબડ હોય અને એ એક–બે દિવસ દરમ્યાન કંઈક પ્રસંગ બને, એ વાત બધે ફેલાય તો આ સ્થાનિક સાધુઓ સિફતથી બધો દોષ પેલા આંગતુક સાધુ ઉપર ઢોળી દે કે "આ નવા આવેલા સાધુએ આ બધી ગરબડ કરી લાગે છે."

એ બધાની એક સરખી વાત સામે આ એકલો સાધુ નિર્દોષ હોવા છતાં

દોષિત સાબિત થાય, કલંકિત બને.

(ગ) એ સાધુઓ શા માટે સાધ્વીજીઓને અકાળે પણ ઉપાશ્રયમાં આવવા દે છે ? શું તે સાધુઓ જિનાજ્ઞા નથી જાણતા ? એ બધું જાણવા છતાં પણ પાક્ષિકખામણા + સ્વાધ્યાય સિવાય પણ આવતા એ સાધ્વીજીઓને એ સાધુઓ અટકાવતા નથી. એનો અર્થ શું સમજવો ? અનુમાન કરી શકાય કે આ સાધુઓના વિચારોમાં ગરબડ હોવી જોઈએ. એ સિવાય તેઓ આવું બધું ચલાવી ન લે. હવે આવા મલિનવિચારવાળા સાધુઓ આગંતુક સાધુનો જ ભોગ લઈ લે તો ? આગંતુક સાધુ જ એ બધાની મલિનતાનો ભોગ બને તો ?

(ઘ) અકાલચારી સાધ્વીવાળા સાધુઓ સાથે આગંતુક સાધુ રહે એટલે એમના એ દોષોની અનુમતિ આપવા રૂપ દોષ તો આગંતુક સાધુને લાગવાનો જ. જે વ્યક્તિ જે ખોટી બાબતનો, શક્તિ હોવા છતાં વિરોધ ન કરે, એને એ ખોટી બાબતની સંમતિ આપવાનો દોષ લાગવાનો જ. વળી લોકો પણ એમ કહેવાના જ કે "આ સાધુ આ બધાની સાથે રહેલો છે, એટલે એમના બધાના આચારો-માન્યતાઓ સરખા જ હશે. કેમકે તો જ આ બધા સાધુઓ સાથે રહે ને ?" એટલે આગંતુક સાધુ પણ આ બધા દોષો ચલાવનારો છે, એવી લોકમાં છાપ પડવાની જ.

જો એ સાધુ જુદો રહે તો અનુમતિ વગેરે દોષો ન લાગે. લોકોને સ્પષ્ટ ખ્યાલ પણ આવે કે *"આ સાધુ આ બધાની સાથે નથી રહેતો, કેમકે આ સાધુઓમાં સાધ્વીજી પરિચય ખૂબ જ છે અને આગંતુક સાધુ એ દોષ ચલાવતો નથી."*

આવા બધા કારણોસર આગંતુકસાધુ અકાલચારી સાધ્વીવાળા સાધુઓ સાથે ન રહે.

હવે ઉપરની વાત પ્રમાણે વિચારીએ તો

- સૂર્યોદય પૂર્વે પણ સાધ્વીજીઓ ઉપાશ્રયમાં આવીને સાધુઓને વંદનાદિ કરે એ શું યોગ્ય ગણાય ?

- સૂર્યોદય પછી પણ માત્ર વંદનાદિ નિમિત્તે સાધ્વીજીઓ ઉપાશ્રયમાં આવે, આચાર્યાદિને વંદન કરે, સાધુઓ સાથે વાતચીત કરે એ શું યોગ્ય ગણાય ?

- જુદા જુદા સાધુઓ પાસે સાધ્વીજીઓ બેસે, જાતજાતની વાતો કરે એ શું યોગ્ય ગણાય ?

- સાધુઓના ઉપાશ્રયમાં આવી પરાતો મૂકી, ઘડામાં પાણી લાવી, ઠારી,

ગાળવાનું કામ પણ સાધ્વીજીઓ કરે એ શું યોગ્ય ગણાય ?

- સાધ્વીજીઓ ગોચરી વહોરી લાવી સાધુઓના ઉપાશ્રયમાં ગોચરી આપવા આવે, વહેલી ગોચરી લેવા માટે આવે... એ શું યોગ્ય ગણાય ?

ફરી યાદ કરાવીએ કે માત્ર ચૌદશના દિવસે ક્ષમાપના કરવા માટે સાધ્વીજીઓ ઉપાશ્રયમાં આવે અને ક્ષમાપના કરીને તરત જ નીકળી જાય. તથા આચાર્યાદિ ભગવંતની વાચના સાંભળવા માટે આવે. વાચના બાદ તરત જ નીકળી જાય. માત્ર આ બે જ સ્થાને સાધ્વીજીઓનો ઉપાશ્રયમાં પ્રવેશ-હાજરી હોય, એ સિવાય નહિ.

અપવાદમાર્ગે વર્તમાન દૃષ્ટિએ વિચારીએ તો-

**(ક)** વિશિષ્ટ આચાર્યભગવંત વિહાર કરીને પધાર્યા હોય અને સ્થાનિક સાધ્વીજીઓને વંદનાદિ કરવાનું મન થાય તો તેઓ ભલે વંદનાદિ કરવા એકાદ દિવસ માટે આવે.

**(ખ)** ભાઈમુનિ-પિતામુનિ-પુત્રમુનિ આવ્યા હોય, તો સાધ્વીજીને એમને વંદનાદિ કરવાની ભાવના થાય એ સહજ છે, તો ભલે એકાદ દિવસ તે માટે સાધ્વીજી સાધુના ઉપાશ્રયમાં પ્રવેશ કરે.


**(ગ)** ગીતાર્થ-ગંભીર-ઉંમરલાયક આચાર્ય ભગવંત પાસે આલોચનાદિ લેવા માટે સાધ્વીજીઓએ આવવું પડે તો તે માટે ઉપાશ્રયમાં અલાયદા છતાં ખુલ્લા સ્થાનમાં બેસીને ભલે આલોચનાદિ વિધિ થાય.

**(ઘ)** વધુમાં વધુ આટલી છૂટ નાછૂટકે આપવી પડે કે પોતાના અધિપતિ આચાર્ય ભગવંતને કે વિશિષ્ટ આચાર્ય ભગવંતને માત્ર વંદન કરવા માટે પાંચેક મિનિટ માટે ઉપાશ્રયમાં આવે અને વંદન કરીને પરત નીકળી જાય.


આવી જો સુંદર વ્યવસ્થા ગોઠવાય તો એ કાલચારી શ્રમણી ભગવંતો દ્વારા જિનશાસન વધુ ને વધુ દેદિપ્યમાન બન્યા જ કરે એવું લાગ્યા વિના રહેતું નથી. કેમકે આ રીતની વ્યવસ્થામાં બ્રહ્મચર્યાદિ ગુણોની નિર્મળતા ખૂબ જ જળવાઈ રહે છે. માનસિક દોષોથી પણ બચી શકાય છે. ઈતિ દિક્ !

**॥ નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥**


# અન્ય ઉપયોગી પુસ્તકો





**આલોચના વિધિ**




**ક્ષયોપશમ**





**લક્ષ્મણા**




**જ્ઞાનસાર**
**ભાગ ૧ થી ૪**

# |શ્રુત મેસેન્જર|



બેટી ચંદનબાળા કે જૈસે તુ બનના,
બોલે માતા કે હૃદય ધબકાર

# આસું

